પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૭-૨-૨૦૨૬, શનિવાર
વર્ષ: ૧૪, અંક : ૨૮૨

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281-2461234, 2460999 ✆ 94266 72303 ✉ abataknews@gmail.com @abtakmedia


**સુવિચાર**

દુનિયામાં ચાર સ્થાન છે...
જે ક્યારેય ભરાતા નથી.
સમુદ્ર... સ્મશાન... ઈચ્છાનો
ઘડો... અને માણસનું મન...


મનપસંદ સીટ માટે એડવાન્સ બુકીંગ જરૂરી
સૌથી સસ્તું સારૂ/ 10% ડીસ્કાઉન્ટ

| | | | |
|---|---|---|---|
| ચંપારણ્ય | પુરી-ગંગાસાગર આવક-જાવક ટ્રેનમાં | 11 Mar. | 15,500 દિ:૧૧ |
| ચારધામ ૧૨ જ્યોતિર્લિંગ | સાથે ભારતના નામાંકિત તિર્થ 2X1 AC સ્લીપર બસ | 27 Mar. | 61,000 દિ:૬૧ |
| સપ્ત જ્યોર્તિલીંગ | સાથે દક્ષીણ ભારત 2X2 સ્લીપર બસ | 1 Apr. | 28,500 દિ:૨૨ |
| હરિદ્વાર | બદ્રિ-કેદાર, ગંગોત્રી-યમનોત્રી આવક-જાવક ટ્રેનમાં | Apr. / May | 25,500 દિ:૧૪ |

વૃંદાવન યાત્રા સંઘ | આપણું ભોજન, કપલ-ફેમીલી હોટેલ રૂમ, વૈકુભાઈ: 98983 50096


### બી માય વેલેન્ટાઈન: વસુધૈવ કુટુમ્બકમનો નાદ ગુંજ્યો

# ટ્રેડવોર ખત્મ: અમેરિકા સાથે ૫૦૦ બિલિયન ડોલરના વેપાર થકી ભારત ૩૦ ટ્રિલિયન ડોલરનો કુબેર ભંડાર બની જશે

**અબતક, રાજકોટ**

''અયં નિજ: પરો વેતિ ગણના લઘુચેતસામ્, ઉદારચરિતાનાં તુ વસુધૈવ કુટુંબકમ્ય''સદીઓ જૂનો આ મંત્ર આજે ભારતની વિદેશ નીતિ અને અર્થતંત્રનો જીવંત પુરાવો બની રહ્યો છે. જે દેશને એક સમયે 'સોને કી ચિડિયા' તરીકે ઓળખવામાં આવતો હતો અને આપણા સોમનાથને લૂંટવા માટે મોહમ્મદ ગઝની જેવા આક્રમણખોરોએ ૧૭-૧૭ વખત ચડાઈ કરવી પડી હતી, તે ભારત આજે ફરી પોતાની ખોવાયેલી સમૃદ્ધિ પાછી મેળવી રહ્યું છે. ગુલામીના કાળખંડમાં જેને ગરીબ અને પછાત ગણવામાં આવ્યો, તે ભારત આજે વિશ્વની ચોથી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનીને ઉભરી આવ્યું છે.

ભારતની સફળતાનું સૌથી મોટું રહસ્ય એ છે કે ભારત વિશ્વને માત્ર એક 'બજાર' તરીકે નહીં, પણ એક 'પરિવાર' તરીકે જુએ છે. ''બી માય વેલેન્ટાઈન'' ના આ સપ્તાહમાં જ્યારે પ્રેમ અને સમર્પણની વાતો થાય છે, ત્યારે ભારતે વિશ્વને બતાવ્યું છે કે તેનો પ્રેમ સમગ્ર



માનવજાત માટે છે. આ જ પ્રેમ અને આત્મવિશ્વાસના બળે ભારતે હાલમાં જ યુરોપિયન યુનિયન અને અમેરિકા સાથે 'મધર ઓફ ઓલ ડીલ્સ' સમાન ઐતિહાસિક વેપાર કરારો કર્યા છે.

ભલે રશિયા હોય, ગલ્ફના દેશો હોય કે અર્થતંત્રના પેચિદા સમીકરણો ધરાવતું ચીન- ભારતે પોતાની શરતો પર વ્યાપાર કરીને સાબિત કર્યું છે કે તે કોઈની સામે ઝૂકવા માંગતું નથી. ડોનાલ્ડ ટ્રમ્પ જેવા નેતાઓ દ્વારા લાદવામાં આવેલી ટ્રેડ-વોર અને આર્થિક અવરોધો સામે ભારત ડગ્યું નથી, બલ્કે મક્કમતાથી માર્ગ કાઢીને વિવાદોનો અંત આણ્યો છે. ભારતનો આ નવો પ્રભાવ દર્શાવે છે કે આર્થિક શક્તિ જ ખરા અર્થમાં મહાશક્તિ બનવાનો પાયો છે. ભારત આજે વિશ્વને કહે છે કે અમે કોઈને નમાવવામાં નહીં, પણ દરેકને 'ગળે લગાડવામાં' અને સાથે મળીને વિકાસ કરવામાં માનીએ છીએ.

ભારત અને અમેરિકા વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલું 'ટ્રેડવોર' આખરે અંતિમ તબક્કે પહોંચ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સહમતિ બાદ બંને

## ભારતના કયાં ઉદ્યોગો માટે 'લોટરી'?

**અમેરિકા દ્વારા ટેરિફમાં ઘટાડો કરવાથી ભારતના મુખ્ય ક્ષેત્રોમાં સમૃદ્ધિનો નવો સૂરજ ઉગશે**

| ટેક્સટાઈલ અને ગારમેન્ટ | હીરા અને ઝવેરાત | ફાર્માસ્યુટિકલ્સ | એન્જિનિયરિંગ |
|---|---|---|---|
| ભારતીય કાપડ હવે અમેરિકન સ્ટોર્સમાં સસ્તું અને વધુ સ્પર્ધાત્મક બનશે. | જેમ્સ એન્ડ જ્વેલરી સેક્ટરમાં નિકાસના તમામ રેકોર્ડ તૂટવાની શક્યતા છે. | જેનરિક દવાઓ પર ટેરિફ ઘટતા ભારતીય દવા કંપનીઓનો અમેરિકામાં દબદબો વધશે. | મશીનરી અને ઓટો પાર્ટ્સની નિકાસમાં મોટી રાહત મળતા રોજગારીની નવી તકો સર્જાશે. |

દેશોએ એક ઐતિહાસિક 'ઈન્ટરિમ ટ્રેડ ડીલ' (વચગાળાના વેપાર કરાર) ની જાહેરાત કરી છે. આ કરારથી માત્ર સરહદો પરના વેપાર અવરોધો જ દૂર નથી થયા, પરંતુ ભારતીય નિકાસકારો માટે વિશ્વના સૌથી મોટા ૩૦ ટ્રિલિયન ડોલરના અમેરિકી બજારના દ્વાર ખુલી ગયા છે

આજે ટ્રમ્પે એક મહત્વપૂર્ણ એક્ઝિક્યુટિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરીને ભારત પર લાદવામાં આવેલા ૨૫% વધારાના 'દંડાત્મક ટેરિફ' ને તાત્કાલિક અસરથી નાબૂદ કરી દીધો છે. આ સાથે જ રશિયન ઓઈલ ખરીદીને લઈને સર્જાયેલા વિવાદનો પણ સુખદ અંત આવ્યો છે.

ભારતની આ સફળતાનું રહસ્ય એ છે કે તે વિશ્વને માત્ર બજાર નહીં પણ પરિવાર માને છે. આ ડીલના મુખ્ય પાસાઓમાં જે માલ પર ટેરિફ ૫૦% સુધી પહોંચી ગયો હતો, તેને ઘટાડીને હવે માત્ર ૧૮% કરી દેવામાં આવ્યો છે.ભારતે રશિયા પાસેથી ક્રૂડની ખરીદી ઘટાડી તેના બદલે અમેરિકા અને વેનેઝુએલા પાસેથી ઊર્જા સંસાધનો ખરીદવાની સંમતિ આપી છે.આગામી ૫ વર્ષમાં ભારત અમેરિકા પાસેથી ઊર્જા અને સંરક્ષણ ક્ષેત્રે ₹૪૧ લાખ કરોડની જંગી ખરીદી કરશે. ભલે રશિયા હોય કે ચીન-ભારતે પોતાની શરતો પર વ્યાપાર કરીને સાબિત કર્યું છે કે તે કોઈની સામે ઝૂકવા માંગતું નથી. ભારત આજે વિશ્વને સંદેશ આપી રહ્યું છે કે આર્થિક શક્તિ જ મહાશક્તિ બનવાનો પાયો છે. ભારત કોઈને નમાવવામાં નહીં, પણ દરેકને 'ગળે લગાડવામાં' અને સાથે મળીને વિકાસ કરવામાં માની રહ્યું છે.

## ભારત-અમેરિકા ટ્રેડ ડીલથી ૩૦ ટ્રિલિયન ડોલરનું બજાર ખુલશે: પિયૂષ ગોયલ



કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે, ભારત અને અમેરિકા વચ્ચે વચગાળાના વેપાર કરાર માટેનું માળખું તૈયાર થઈ ગયું છે. આ ઐતિહાસિક પગલું ભારતીય નિકાસકારો માટે ૩૦ ટ્રિલિયન યુએસ ડોલરનું વિશાળ બજાર ખોલશે.

ગોયલે વધુમાં જણાવ્યું હતું કે, ''પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના નિર્ણાયક નેતૃત્વ હેઠળ, ભારતે યુએસ સાથે વચગાળાના કરાર માટે એક ફ્રેમવર્ક હાંસલ કર્યું છે. આનાથી ભારતીય નિકાસકારો, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગો, ખેડૂતો અને માછીમારો માટે ૩૦ ટ્રિલિયન ડોલરનું બજાર ખુલશે.''

આ કરારના ભાગરૂપે, અમેરિકા ભારતીય ચીજવસ્તુઓ પરની પરસ્પર ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરશે, જે કાપડ અને વસ્ત્રો, ચામડા અને ફૂટવેર, પ્લાસ્ટિક અને રબર ઉત્પાદનો, ઓર્ગેનિક કેમિકલ્સ, હોમ ડેકોર, કલાત્મક ઉત્પાદનો અને પસંદગીની મશીનરી જેવા મુખ્ય ક્ષેત્રોમાં મોટી બજારની તક પૂરી પાડશે.

વધુમાં, મંત્રીએ ઉમેર્યું હતું કે જેનરિક ફાર્માસ્યુટિકલ્સ (દવાઓ), જેમ્સ અને ડાયમંડ્સ (રત્ન અને હીરા), અને એરક્રાફ્ટના ભાગો સહિતની વિશાળ શ્રેણીની ચીજવસ્તુઓ પરની ટેરિફ શૂન્ય થઈ જશે, જે ભારતીય નિકાસ સ્પર્ધાત્મકતા અને 'મેક ઇન ઈન્ડિયા' અભિયાનને વધુ વેગ આપશે.

જોકે, આ સમજૂતી ભારતના સંવેદનશીલ કૃષિ અને ડેરી ઉત્પાદનો, જેમાં મકાઈ, ઘઉં, ચોખા, સોયા, મરઘાં, દૂધ, ચીઝ, ઈથેનોલ (બળતણ), તમાકુ અને અમુક શાકભાજી અને માંસનો સમાવેશ થાય છે, તેને સંપૂર્ણપણે સુરક્ષિત રાખીને ખેડૂતોના હિતો અને ગ્રામીણ આજીવિકા જાળવવાની ભારતની પ્રતિબદ્ધતાને પણ પ્રતિબિંબિત કરે છે. ગોયલે વિશ્વાસ વ્યક્ત કર્યો કે નિકાસમાં આ વધારો દેશની મહિલાઓ અને યુવાનો માટે લાખો નવી રોજગારની તકોનું સર્જન કરશે.

### કમળો હોય તેને પીળું જ દેખાય!!!

# ઈસ્લામાબાદમાં બ્લાસ્ટ ભારતે કરાવ્યો આતંકીઓના આકાઓએ આગ ઓકી!

## ઈસ્લામાબાદ આત્મઘાતી હુમલામાં ૬૯ના મોત, ૧૬૯થી વધુ ઘાયલ

**અબતક, રાજકોટ**

ભારતે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં શુક્રવારે સવારે શિયા મસ્જિદમાં થયેલા આત્મઘાતી હુમલાની નિંદા કરતા ભારતની સંડોવણીનો દાવો પાયાવિહોણો અને નિરર્થક છે.વિદેશ મંત્રાલયે કહ્યું- ભારત ઈસ્લામાબાદની મસ્જિદ પર થયેલા બોમ્બ વિસ્ફોટમાં જાનહાનિ અને માલહાનિ પર ઊંડી સંવેદના વ્યક્ત કરે છે. તે દુર્ભાગ્યપૂર્ણ છે કે પાકિસ્તાન તેના સામાજિક તાણાવાણાને જકડી રાખતા મુદ્દાઓનો ઉકેલ શોધવાને બદલે, પોતાની મુશ્કેલીઓ માટે અન્યને દોષી ઠેરવી રહ્યું છે.વિદેશ મંત્રાલયે વધુમાં કહ્યું- પાકિસ્તાન પોતાને જ છેતરી રહ્યું છે. ભારત આવા દરેક આરોપને નકારી કાઢે છે, જે પાયાવિહોણા અને નિરર્થક બંને છે. ભારતનું આ નિવેદન

(અનુ. આઠમા પાને)



### જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા આતંકવાદી સંગઠનોના ટોચના નેતાઓએ ભારત વિરૂધ્ધ જેહાદનો ખુલ્લો પોકાર કર્યો!

પાકિસ્તાન અને પાકિસ્તાન-કબજે કાશ્મીરમાં જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા જેવા આતંકવાદી સંગઠનોના ટોચના નેતાઓએ ભારત વિરુદ્ધ જિહાદનો ખુલ્લો પોકાર કર્યો છે અને દિલ્હી તેમજ આગ્રા પર હુમલાની ધમકી આપી છે. આ ઘટના કાશ્મીર સોલિડારિટી ડેના અવસર પર થઈ છે, જેમાં આતંકવાદીઓએ ભારત વિરુદ્ધ ભડકાઉ ભાષણો આપ્યા છે. લશ્કર-એ-તૈયબાના નેતા સૈયદ અબ્દુલ રહમાન નકવીએ લાહોરમાં એક રેલીમાં ખુબ જ ચેતવણીભર્યું ભાષણ આપ્યું. તેમણે ભીડને ઉશ્કેરતા કહ્યું કે તેઓ આગ્રાને આગ લગાવશે, દક્ષિણ ભારત (ડેક્કન)ને જગાડશે અને દિલ્હીને હલાવી નાખશે. તેમણે હાફિઝ સઈદ અને તેમના પુત્ર તાલ્હા સઈદ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરીને અખંડ ભારતને તોડી પાડવાની વાત કરી અને પોતાના પૂર્વજોના વસિયતને પૂર્ણ કરવાની પ્રતિજ્ઞા લીધી. જૈશ-એ-મોહમ્મદના (અનુ. આઠમા પાને)

સખત પ્રતિક્રિયા આપી. ભારતીય વિદેશ મંત્રાલયે મોડી રાત્રે એક નિવેદન બહાર પાડીને કહ્યું કે હુમલામાં










# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

સર્વિસ બિઝનેસના જાતક એવમ વિવિધ પ્રકારની કન્સલ્ટિંગ ફર્મ ના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. વીજળી તથા અગ્નિ, કોલસો, તથા પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના જાતક તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ, દોડધામ વાળું એવમ આંશિક પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકુળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી-છાત્ર, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી સાવ સાધારણ અથવા પ્રતિકૂળ જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ — બ,વ,ઉ

સેલેબલ જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ નીવડશે. આથી વિશેષ કાળજી રાખવી. આડા અવળા સંબંધ કે અવૈધ વહીવટ વાળા જાતકએ ખાસ સંભાળવું. આ સિવાયના, તમામ જાતક માટે આ સપ્તાહ બહુ ધરપત વાળું એવમ બરકત વાળું નીવડશે, ઔદ્યોગિક તથા વ્યાપાર વાણિજ્ય ક્ષેત્રના તમામ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. છૂટક વ્યાપાર તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી માટે આ સપ્તાહે બઢતીનાં સંયોગો. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સગાં,સ્નેહી તરફથી સાથ સહકાર અકબંધ રહેશે. મહિલા કર્મી તથા ગૃહિણી માટે લાભદાયક સપ્તાહ. વિદ્યાર્થી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૧૦ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

### મિથુન — ક,છ,ઘ

ખાનગી શૈક્ષણિક સંસ્થાના માલિક માટે આ સપ્તાહ મધ્યમ કે પ્રતિકૂળ રહે તેવી પૂર્ણ પણે સંભાવના અને સંયોગો પણ છે. ફેબ્રીક ક્ષેત્રે, પોલી ક્લોથ્સ, રેડીમેડ ગારમેન્ટ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ નાના મોટા ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકારી નીવડશે. પ્લાસ્ટિક મટીરીયલ્સના ઉત્પાદક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે સરેરાશ સપ્તાહ. સરકારી કર્મચારી માટે આ સરેરાશ તથા વ્યસ્ત સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ. પરિવાર સાથે હળવા વિખવાદ થવાના સંયોગો. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૧૨ નવેમ્બર સામાન્ય નીવડશે.

### કર્ક — ડ,હ

ઉચ્ચસ્થ એવમ સ્વગૃહી શનિ અથવા મિથુન રાશિના શનિ વાળા જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ઉતાવળ પર કાબુ રાખી, અધૂરા કામ પૂરા કરવા. જૂની ઉઘરાણી પાકવાના સંયોગ અને શક્યતા બન્ને છે. ઔદ્યોગિક એકમના જાતક તથા જથ્થાબંધ વ્યાપાર-વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ રહેશે. સરકારી કર્મચારી તેમાં પણ પોલીસ કર્મી વિશેષ, તેના માટે આ સપ્તાહ હળવું લાભકારી તથા દોડધામ વાળું નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાવ સાનુકૂળ નીવડશે. સગા-સ્નેહી સાથે નાની ગેરસમજ થઈ જવાની શક્યતા. મિત્ર તરફથી હળવો સહકાર મળશે. યુવાવર્ગ માટે થોડો પરિશ્રમ વાળો સમયગાળો, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ સાવ સરેરાશ નીવડશે. ૧૧ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

### સિંહ — મ,ટ

આ સપ્તાહ દરમિયાન નિરાંત તથા માનસિક શાંતિ વળવાની સંભાવના. દરેક પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજના જાતક તથા જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. પરિશ્રમ વાળા કોઈ પણ એકમના જાતક માટે આ સપ્તાહ, અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જૂની ઉઘરાણી કે લેણી રકમ પાકવાની સંભાવના, તેમજ ટલ્લે ચડી ગયેલા ધંધા વ્યવસાયના કામકાજનો નીવેડો આવવાની શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું ચડાવ ઉતાર વાળું નીવડશે. ૧૩ તથા ૧૪ ફેબ્રુઆરી સાવ મધ્યમ રહેશે.

### કન્યા — પ,ઠ,ણ

જાહેર ક્ષેત્ર સાથે સંકળાયેલ વ્યક્તિ વિશેષ માટે આ સપ્તાહ અતિ પ્રતિકૂળ અથવા સાવ સામાન્ય નીવડે તેવી પૂર્ણ સંભાવના રહેશે. આ કારણથી વિવાદ-વિખવાદ ન સર્જાય તેના માટે વિશેષ સંભાળ રાખવી. નાના ઔદ્યોગિક એકમના જાતક તથા કઠિન પરિશ્રમ વાળા વ્યાપાર-ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે, સાથે બદલી થઈ શકે તેવી પણ સંભાવના જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આર્થિક લાભ સાથે આ સપ્તાહ ચડાવઉતાર વાળું નીવડશે. કુટુંબીજન કે સગા વચ્ચે અણસમજ જેવું થશે પરંતુ સાથ સહકાર અકબંધ રહેશે. યુવાવર્ગ, નિવૃત્ત મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ સારું નીવડશે. ૧૨ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

### તુલા — ર,ત

આ રાશિના જાતક માટે આ સપ્તાહ અતિ ધરપત વાળું તથા લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. ધંધા વ્યવસાય હેતુ સ્થળાંતર તથા પ્રવાસ થવાની પણ સંભાવના જણાય રહી છે. જૂની ઉઘરાણી પાકશે. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજ ક્ષેત્રના તમામ જાતક માટે લાભકારી સપ્તાહ છૂટક કે નાના તથા ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના તમામ કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે સાથોસાથ પ્રમોશનના સંયોગો પણ જણાય છે. ખાનગી ક્ષેત્રના કર્મચારી આ સપ્તાહ લાભદાયક તથા સાનુકૂળ નીવડશે. સગા તરફથી સાથ સહકાર યથાવત રહેશે. મહિલા કર્મી, વિદ્યાર્થી, ગૃહિણી, તથા નિવૃત્ત માટે આ સપ્તાહ અત્યાધિક લાભકર્તા નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ૮ ફેબ્રુઆરી સરેરાશ જણાશે.

### વૃશ્ચિક — ન,ય

સખત પરિશ્રમ કરનાર જાતક એવમ કારીગર-શિલ્પી વર્ગ માટે આ સપ્તાહ કામકાજથી વ્યસ્ત રાખનારું તેમજ બહુ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન આવકના નવા નવા સ્ત્રોત મળવાની સંભાવના તેમજ સંયોગ પણ. જૂના કરજ કે લોનમાંથી મુક્ત થવાના તથા જૂની ઉઘરાણી પાકશે તેવી પૂર્ણ શક્યતા. ઉતાવળિયા સ્વભાવના જાતકે થોડી ધીરજ રાખવી. ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે પરંતુ અતિ ભાગદોડ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે હજુ, આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ પણ લાભદાયક રહેશે. ૧૪ ફેબ્રુઆરી સામાન્ય રહેશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ દરમિયાન, ટલ્લે તથા ગોથે ચડી ગયેલા ધંધા વ્યવસાયના મહત્વના કામકાજ આગળ વધશે તેવી સંભાવના. ગૃહ કે કુટિર ઉદ્યોગ એકમના જાતક તેમજ હસ્ત કલાના એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે સાથે અનેક નવી તક સાંપડવાની પૂરી શક્યતા. સખત પરિશ્રમ વાળા ધંધાના જાતક માટે આ સપ્તાહ લાભકારક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક જથ્થાબંધ વ્યાપાર, વિદેશ વ્યાપાર, વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી કર્મચારી એવમ ખાનગી કર્મચારી માટે આ સપ્તાહ પણ મિશ્ર નીવડશે. મોસાળ પક્ષ સાથે હળવા મતભેદ થવાની સંભાવના. નિવૃત્ત, વિદ્યાર્થી,ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૨ ફેબ્રુઆરી સામાન્ય જણાશે.

### મકર — ખ,જ

આ સપ્તાહ દરમિયાન નવા કામકાજ હાથમાં ન લેવાં, અગત્યના નિર્ણયને શકય હોય તો આ એક સપ્તાહ માટે મુલતવી રાખવા. લાલચ, તથા ઉતાવળ પર વિશેષ નિયંત્રણ રાખવું. નાના ગૃહોદ્યોગ ત્થા નાના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા છૂટક તથા નાના, કે ફેરી કરતા વ્યાપારી જાતક સમેત મોટા વ્યાપાર વણિજના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી એવમ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ પ્રતિકૂળ અથવા સરેરાશ નીવડશે. પરિવાર દ્વારા મળતો સાથ સહકાર અકબંધ જણાશે. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ આરામદાયક રહેશે. ૮ તથા ૯ ફેબ્રુઆરી સાવ સામાન્ય રહેશે.

### કુંભ — ગ,શ,ષ

કેમિકલ્સ તથા વિલાયતી તથા હર્બલ ફાર્માસ્યુટીકલ્સના જાતક માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું તથા અર્ધ પ્રતિકૂળ નીવડશે. ઓટોમોબાઈલ્સ સ્પેર પાર્ટ્સના ઔદ્યોગિક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. આ સિવાયના,અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયી જણાશે. નાના તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થાય તેવી પૂરી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૦ ફેબ્રુઆરી અર્ધ-સાધારણ અથવા મિશ્ર પ્રભાવવાળું નીવડશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન — દ,ચ,ઝ,થ

પેટ્રોલિયમ ઉત્પાદ તેમજ ઈલેક્ટ્રીસીટી સંબંધિત ઉત્પાદના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્યક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક તથા દોડધામ વાળું નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર- વાણિજ્ય એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું લાભદાયક નીવડશે. શેર બજાર તથા અવૈધ શેર સટ્ટાના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ પણ અર્ધ-લાભદાયક નીવડશે. કુટુંબ-પરિવારમાં સુખ-શાંતિ પૂર્વવત રહેશે. મહિલા કર્મી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. ઉચ્ચાભ્યાસ કરતા વિદ્યાર્થી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૧૪ ફેબ્રુઆરી મધ્યમ રહેશે. (પન્નોતિનો ઉપાય દાન + અભ્યંગ સ્નાન)

---

### મહિલા સ્વસ્થ તો પરિવાર સ્વસ્થ

# હૃદયરોગ સ્ત્રીઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ: મહિલા હૃદય જાગૃતિ સપ્તાહ

## કાર્ડિયોવેસ્ક્યુલર રોગ હજુ પણ મહિલાઓમાં નંબર વન છે: આ મહિનામાં વૈશ્વિક સ્તરે નેશનલ રેડ ડે ઉજવાય છે: હૃદયરોગ અને સ્ટ્રોક કોઈપણ ઉંમરની સ્ત્રીને અસર કરી શકે છે: વિશ્વમાં વીસ વર્ષથી મોટી ઉંમરની છ કરોડ સ્ત્રીઓ કોઈને કોઈ પ્રકારના હૃદય રોગ સાથે જીવે છે

**નોલેજ કોર્નર**




ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજના યુગમાં તમામ પ્રકારના રોગો વિશે લોકોએ જાગૃત થવાની જરૂર છે. જીવનશૈલીના બદલાવને કારણે ઘણા બધા રોગોને આપણે સામેથી આમંત્રણ આપેલ છે. પુરુષો કરતા સ્ત્રીઓ મેડિકલ ફેસીલીટીનો ઓછો ઉપયોગ કરે છે, ત્યારે હૃદય રોગ બાબતે સ્ત્રીઓમાં જાગૃતિ લાવવા સમગ્ર વિશ્વમાં ચાલુ મહિનામાં મહિલા હૃદય સપ્તાહ ઉજવાય રહ્યું છે. હૃદયરોગ મહિલાઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ જોવા મળે છે. સમગ્ર વિશ્વમાં ''ગો રેડ ફોર વુમન'' જેવા અભિયાન ઉજવાય રહ્યા છે. રાષ્ટ્રીય મહિલા હૃદય દિવસ ૨૦૦૨ માં શરૂ થયો હતો. ૧૯૬૦માં હૃદયની બીમારીઓની સારવાર માટે સર્જનોએ પ્રથમ બાયપાસ સર્જરી કરી હતી.

આજના ઝડપી જીવનમાં મહિલાઓ પરિવાર અને સમાજની અનેક જવાબદારીઓ નિભાવતી વખતે પોતાનું સ્વાસ્થ્ય ઘણીવાર પાછળ રાખી દે છે. પરિણામે હૃદયરોગ જેવી ગંભીર સમસ્યાઓ મહિલાઓમાં ચિંતાજનક રીતે વધી રહી છે. આ પરિસ્થિતિમાં મહિલાઓમાં હૃદય આરોગ્ય અંગે જાગૃતિ ફેલાવવા માટે આજે મહિલા હૃદય સપ્તાહ ઉજવવામાં આવે છે. તણાવપૂર્ણ જીવનશૈલી, અયોગ્ય આહાર, વ્યાયામની અછત, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર તથા મેનોપોઝ પછીના હોર્મોનલ ફેરફારો મહિલાઓના હૃદય પર નકારાત્મક અસર કરે છે. ખાસ કરીને મહિલાઓમાં હૃદયરોગના લક્ષણો પુરુષોથી અલગ હોઈ શકે છે, જેમ કે અતિશય થાક, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવા વગેરે, જેને ઘણી વાર અવગણવામાં આવે છે.

નિયમિત આરોગ્ય તપાસ, સંતુલિત આહાર, દૈનિક વ્યાયામ અને તણાવ નિયંત્રણ દ્વારા હૃદયરોગથી બચાવ શક્ય છે. રાષ્ટ્રીય મહિલા હૃદય સપ્તાહ મહિલાઓને પોતાના હૃદયના આરોગ્યને મહત્વ આપવા અને સમયસર કાળજી લેવા માટે પ્રેરણા આપે છે. સ્વસ્થ મહિલા એટલે સ્વસ્થ પરિવાર સ્વસ્થ સમાજ. રાષ્ટ્રીય મહિલા હૃદય સપ્તાહ દર વર્ષે ભારતમાં પણ મહિલાઓમાં હૃદયરોગ અંગે જાગૃતિ ફેલાવવા માટે મનાવવામાં આવે છે. હૃદય સ્વસ્થ રાખવા રોજ ઓછામાં ઓછું ૩૦ મિનિટ ચાલવું કે વ્યાયામ સાથે સંતુલિત અને પૌષ્ટિક આહાર, તણાવ ઓછો કરવા ધ્યાન, યોગ નિયમિત હેલ્થ ચેકઅપ કરવું. ખાસ ધુમ્રપાન અને તમાકુથી દૂર રહેવું. મહિલાઓમાં હૃદયરોગ વ્યસ્ત જીવનશૈલી અને સતત તણાવ, ખોરાકમાં વધુ તેલ, મીઠું અને જંક ફૂડ, વ્યાયામની અછત, ડાયાબિટીસ, બ્લડ પ્રેશર, થાઈરોઈડ જેવી સમસ્યાઓને કારણે વધુ થાય છે. મેનોપોઝ પછી હોર્મોનલ ફેરફાર ઘણી વાર મહિલાઓ પોતાના સ્વાસ્થ્યને પાછળ રાખે છે, જેના કારણે પણ હૃદયરોગના લક્ષણો મોડાં ઓળખાય છે. મહિલાઓમાં હૃદયરોગના સામાન્ય લક્ષણોમાં અતિશય થાક લાગવો, શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં ભારપણું અથવા દુખાવો, ચક્કર આવવા, ઊલટી લાગવી, હાથ, ગળા કે જડબામાં દુખાવો જોવા મળે છે, આ લક્ષણો પુરુષોથી થોડા અલગ હોઈ શકે છે, તેથી અવગણવા કરવી નહીં. મહિલા સ્વસ્થ તો પરિવાર સ્વસ્થ તેથી પોતાના હૃદયનું ધ્યાન રાખવું સ્વાર્થ નહીં, સમજદારી છે.




કાર્ડિયોવેસ્ક્યુલર રોગ હજુ પણ મહિલાઓમાં નંબર વન છે. હૃદયરોગ અને સ્ટ્રોક કોઈપણ ઉંમરની સ્ત્રીને અસર કરી શકે છે. વિશ્વમાં વીસ વર્ષથી મોટી ઉંમરની છ કરોડ સ્ત્રીઓ કોઈને કોઈ પ્રકારના હૃદય રોગ સાથે જીવે છે. આજના યુગમાં મહિલાઓમાં હૃદય અને રક્તવાહિની સંબંધિત રોગો વિશે માહિતી આપવી જરૂરી. તંદુરસ્ત જીવનશૈલી અપનાવવા પ્રોત્સાહિત કરવું અને રોગ અટકાવવા માટે જરૂરી પગલાં સમજાવવું. હૃદયરોગ મહિલાઓમા આજે પણ નંબર વન કિલર છે. ઘણી વખત મહિલાઓમાં હૃદયરોગના લક્ષણો પુરુષો કરતા અલગ હોય છે, જેમ કે થાક, શ્વાસ લેવામાં તકલીફ, ચક્કર આવવું. યોગ્ય ડાયેટ, વ્યાયામ, બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલનું નિયંત્રણ રાખવાથી જોખમ ઓછું થઈ શકે છે. સ્ટ્રોક અને હૃદય રોગ કોઈપણ ઉંમરની સ્ત્રીઓને અસર કરી શકે છે, એટલે કે દરેક સ્ત્રીએ પોતાનો વ્યક્તિગત ઈતિહાસ, કૌટુંબિક ઈતિહાસ અને જોખમ પરિબળો જાણવું જોઈએ.

વૈશ્વિક સ્તરના આંકડા મુજબ હૃદય રોગ મહિલાઓમાં મૃત્યુનું સૌથી મોટું કારણ આજે છે, જે દર વર્ષે મહિલાઓના ૩૦% મૃત્યુ માટે જવાબદાર છે.તે તમામ પ્રકારના કેન્સર કરતાં બે ગણા વધુ મહિલાઓને મારે છે. ઈટઉથી મહિલાઓના મૃત્યુ કેન્સર કરતાં બમણા વધુ છે. ૨૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓમાંથી લગભગ ૪૫% કોઈને કોઈ પ્રકારના હૃદય રોગથી પીડાય છે. જે દર વર્ષે ૩ મહિલામાંથી ૧ ના મૃત્યુ માટે જવાબદાર છે. માત્ર ૪૪% મહિલાઓને ખબર છે કે હૃદય રોગ તેમનું સૌથી મોટું જોખમ છે. યુવા મહિલાઓ (૩૦-૫૦વર્ષ)માં હાર્ટ એટેકના કેસ વધી રહ્યા છે.હાઈ બ્લડ પ્રેશરથી થતા મૃત્યુમાં ૫૧.૯% મહિલાઓ છે. ભારતમાં હૃદય રોગ એકંદર મૃત્યુમાં ૩૩% હિસ્સો ધરાવે છે, જે દસ વર્ષ પહેલાં ૨૨%નો હતો. મહિલાઓમાં હૃદય રોગનો વ્યાપ છેલ્લા વર્ષોમાં ૩૦૦% સુધી વધ્યો છે, ખાસ કરીને જીવનશૈલી, તણાવ, ડાયાબિટીસ અને ઓબેસિટીને કારણે. ગુજરાતમાં ૨૦૨૪માં રોજ સરેરાશ ૨૩૦ લોકો હૃદય રોગનો શિકાર બન્યા હતા. ભારતમાં મહિલાઓમાં હાર્ટ એટેકના લક્ષણો અલગ હોય છે, જેમ કે છાતીનો દુખાવો ઓછો, પીઠ,જડબા અને ઉબકા વધુ જોવા મળે છે,જેના કારણે નિદાનમાં વિલંબ થાય છે.

હૃદય રોગ મોટા ભાગે નિવારણીય છે, નિયમિત ચેકઅપ, સ્વસ્થ આહાર, વ્યાયામ, તણાવ નિયંત્રણ અને બ્લડ પ્રેશર,શુગર અને કોલેસ્ટ્રોલનું ધ્યાન રાખવાથી ઘણું ઘટાડી શકાય છે. સ્ત્રીઓમાં એસ્ટ્રોજન હોર્મોન હૃદયને રક્ષણ આપે છે. મેનોપોઝ પછી આ હોર્મોન ઘટે છે, તેથી હૃદયરોગનો જોખમ વધી જાય છે.સૌથી મહત્વપૂર્ણ વાત કે હૃદયરોગ ફક્ત પુરુષોની બીમારી નથી. સ્ત્રીઓએ પોતાના સ્વાસ્થ્યમાં પ્રથમ સ્થાન પર રાખવું જોઈએ.

---

## અબતક પંચાગ

### તા. ૮-૨ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** મહા વદ સાતમ
**નક્ષત્ર** સ્વાતી
**યોગ** ગંડ **કરણ:** વિષ્ટિ
**સુર્યોદય** ૭.૨૩ **સુર્યાસ્ત:** ૬.૪૦
**ચંદ્ર રાશી** તુલા
**રાશિ અક્ષર** ર.ત.
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૮ થી ૧.૨૩

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૪ | | | ૭ | ૧ | | |
| ૬ | | ૯ | ૩ | | | | | |
| | | | | | | | | ૫ |
| | | ૩ | | | | ૭ | | |
| | | ૮ | | ૨ | | | | |
| ૫ | | | ૬ | ૮ | | | | ૪ |
| ૪ | | | | ૬ | | | ૩ | |
| | | | ૧ | | ૨ | | | |
| ૧ | ૮ | ૨ | | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૫૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ૪ | ૮ | ૭ | ૨ | ૩ | ૧ | ૫ | ૬ |
| ૭ | ૧ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૪ | ૮ |
| ૩ | ૬ | ૫ | ૪ | ૮ | ૧ | ૭ | ૨ | ૯ |
| ૮ | ૭ | ૪ | ૩ | ૯ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૧ | ૨ | ૬ | ૫ | ૭ | ૪ | ૮ | ૯ | ૩ |
| ૫ | ૯ | ૩ | ૨ | ૧ | ૮ | ૬ | ૭ | ૪ |
| ૪ | ૮ | ૭ | ૯ | ૩ | ૫ | ૨ | ૬ | ૧ |
| ૬ | ૫ | ૧ | ૮ | ૪ | ૨ | ૯ | ૩ | ૭ |
| ૨ | ૩ | ૯ | ૧ | ૬ | ૭ | ૪ | ૮ | ૫ |

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૦૭-૦૨-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પનીર કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.તન્વી ચોટાઈ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ધર્મ યુધ્ધ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૮-૦૨-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (કમઠાણ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (પોકેટ પરાઠાં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.રવિ ઠેસીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બસ કર બકુલા)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૦૯-૦૨-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## આવતીકાલનું રાશિફળ

### તા.૮.૨.૨૦૨૬, રવિવાર, સંવંત ૨૦૮૨, મહા વદ સાતમ, સ્વાતિ નક્ષત્ર, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ તુલા (ર,ત) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** જાહેરજીવનમાં સારું રહે, યશ-પ્રતિષ્ઠા મેળવી શકો, સામાજિક સ્વીકૃતિ પ્રાપ્ત થાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** સવાર બાજુ નો સમય શાંતિથી વિતાવવા સલાહ છે, શત્રુઓથી સાવધ રહેવું, વધુ વિશ્વાસે ના ચાલવું.

**મિથુન (ક,છ,ઘ) :** સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, તમારી અંદરની રચનાત્મકતાનો લાભ લઈ શકો.

**કર્ક (ડ,હ) :** જમીન-મકાન-વાહન સુખ સારું રહે, આરામદાયક દિવસ, સુખ સગવડ પ્રાપ્ત થાય.

**સિંહ (મ,ટ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક મળે, મિત્રોની મદદ મળી રહે, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** બેન્ક બેલેન્સ વધારી શકો,નાણાકીય આયોજન કરી શકો, પૈસા બાબત માં સારું રહે.

**તુલા (ર,ત) :** તમારા ક્ષેત્રમાં સફળતા મેળવી શકો, કાર્યસિદ્ધિ આપતો દિવસ, સમાજને કૈક કરી બતાવી શકો.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા પૈસા અટવાતા-ફસાતા જણાય, સિફતથી કામ લેવું ગુસ્સામાં આવી નિર્ણયો ના કરવા સલાહ છે.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સગા સ્નેહી મિત્રો થી સારું રહે, નવા લોકો સાથે પણ સબંધ કેળવી શકો, પ્રગતિકારક દિવસ.

**મકર (ખ,જ) :** વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને અનુકૂળ સમય, સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**કુંભ (ગ,સ,શ) :** ધ્યાન યોગ મૌનનો મહિમા સમજાય, પોઝિટિવ વિચારો થી સારું રહે, લાભદાયક દિવસ.

**મીન (દ,ચ,ઝ,થ) :** અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, નસીબ સાથ આપતું જણાય, ધાર્યા કામ પાર પાડી શકો.

---

## શું તમારા જન્મસ્થળની નજીક મંદિર આવે છે?

આકાશિક રેકોર્ડમાં વારંવાર મંદિર, દેવસ્થાન કે ધજાનું આવવું દેવ સાથે જન્મોજન્મનું લેણદેણ દર્શાવે છે. મારા એક આકાશિક રેકોર્ડ દરમિયાન તે જાતકની જન્મોની યાત્રામાં દેવસ્થાનની પૂજા આવતી હતી અને તેને લગતા સંકેત આવતા હતા મેં તેમને પૂછ્યું કે તમારા જન્મસ્થળની આસપાસ આવી કોઈ ધાર્મિક જગ્યા છે તો તેમને કહ્યું ખુબ નજીકમાં જ મંદિર છે અને તેમને વારંવાર મંદિરનો સંકેત પણ થાય છે જે મારા રેકોર્ડમાં કન્ફર્મ થતું હતું તે પછી તેમને એ ધર્મસ્થાન પર શ્રીફળનું તોરણ બાંધવા અને સાવ કિલો સાકર ધરી પ્રયોગ કરવા કહ્યું એ પછી તેમને જમીનને લગતો જે પ્રશ્ન હતો તે સોલ્વ થયો આમ તમારા રેકોર્ડમાં જયારે દેવઋણ આવતું હોય ત્યારે તે શુભ કરે છે પણ તેની સામે જન્મોની યાત્રામાં કેટલુંક દેવઋણ હોય તે ચૂકવવાનું પણ આવે છે અને તે ચૂકવાય જાય પછી રસ્તા ખુલી જાય છે આ બાબતના સંકેત જન્મકુંડળી અને આકાશિક રેકોર્ડમાં મળે છે વળી વ્યક્તિ પોતે પણ એ સંકેતો વારંવાર અનુભવતો હોય છે અને અગાઉ લખ્યું તેમ તેના જન્મસ્થાનથી નજીક મંદિર કે કોઈ દેવસ્થાન જોવા મળે છે જે દર્શાવે છે કે ગત જન્મોમાં આ વ્યક્તિએ એ દેવ કે દેવીની પૂજા કરેલી છે અને તેની પ્રસન્નતા પામેલ છે જે શુભ સંકેત છે પણ મેં કહ્યું તેમ જે ઋણ બાકી છે તે ચુકવવામાં આવે તો આગળ જીવનમાં તેને ખુબ લાભ થતા હોય છે !



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

# વિશ્વના કુલ ડિજિટલ પેમેન્ટમાં ભારતનો હિસ્સો ૫૦ ટકા

## બજેટ 'ગ્રેઈન થી ગીગાબાઈટ' સુધીના તમામ ક્ષેત્રને સમાવતું અને 'જન વિશ્વાસથી જન કલ્યાણ'ના મંત્રને સાર્થક કરતું બજેટ છેઃ અનુરાગ ઠાકુર

**અબતક, રાજકોટ**

'મોદી સરકાર'ના કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ સંદર્ભે ભારતીય જનતા પાર્ટીના સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની વિશેષ ઉપસ્થિતિમાં વડોદરા ખાતે પ્રોફેશનલ મીટ યોજાઈ હતી.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને સાંસદ અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે, આ બજેટ 'ગ્રેઈન થી ગીગાબાઈટ' સુધીના તમામ ક્ષેત્રને સમાવતું અને 'જન વિશ્વાસ થી જન કલ્યાણ'ના મંત્રને સાર્થક કરતું બજેટ છે. ગત વર્ષે ૫૦.૬૫ લાખ કરોડનું બજેટ હતું, જ્યારે આ વર્ષે ૫૩.૪૭ લાખ કરોડનું બજેટ રજૂ થયું છે.

ડિજિટલ ક્ષેત્રે ભારતની સિદ્ધિઓ વર્ણવતા તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જ્યારે ડિજિટલ પેમેન્ટની વાત કરી ત્યારે વિપક્ષી નેતા મજાક ઉડાવતા હતા, પરંતુ આજે એક 'ચાયવાલા'ના નેતૃત્વમાં ભારતે ગામડે-ગામડે પત્રક પહોંચાડ્યું છે. આજે વિશ્વના કુલ ડિજિટલ પેમેન્ટના ૫૦% એકલા ભારતમાં થાય છે. સરકારે પત્રક અને ગામડે-ગામડે સસ્તો ડેટા પહોંચાડ્યો છે. સ્ટાર્ટઅપ ક્ષેત્રે પણ



૨૦૧૪માં માત્ર ૩૫૪ સ્ટાર્ટઅપ હતા જે આજે વધીને ૨.૦૪ લાખ થયા છે, જેમાં ૧૨૦ યુનિકોર્ન છે જેનાથી દેશમાં અંદાજે ૨૦ લાખ લોકોને રોજગારી મળી છે.

રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે રાહુલ ગાંધીને આડેહાથ લેતા ઠાકુરે સવાલ કર્યો હતો કે, ''જ્યારે ડોકલામની ઘટના બની અને ચીન ઘૂસણખોરીનો પ્રયાસ કરતું હતું, ત્યારે રાહુલ ગાંધી ચીની એમ્બેસેડર સાથે દિલ્હીના બંધ રૂમમાં શું કરી રહ્યા હતા?'' તેમણે સ્પષ્ટ કર્યું કે મોદી સરકારમાં સેનાને ખુલ્લી છૂટ આપવામાં આવી છે અને ભારત આજે દુનિયાના કોઈપણ દેશ સામે ઝૂકયા વગર આંખમાં આંખ મિલાવીને વાત કરે છે. જે કોંગ્રેસ ૬૦ વર્ષમાં ન કરી શકી તે મોદી સરકારે ૧૧ વર્ષમાં કરી બતાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પોતે દરેક દિવાળી પરિવાર સાથે નહીં પણ દેશના જવાનો સાથે સરહદ પર ઉજવે છે, તેથી દેશની સુરક્ષા બાબતે કોંગ્રેસના જ્ઞાનની દેશને જરૂર નથી.

અનુરાગ ઠાકુરે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળના ૧૧ વર્ષના ભ્રષ્ટાચારમુક્ત શાસન અને ઈમાનદાર પ્રયાસોથી ભારત ૨૦૪૭ સુધીમાં ચોક્કસપણે 'વિકસિત ભારત' બનશે. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાન અધ્યક્ષ અને વડોદરાના સાંસદ ડો. હેમાંગભાઈ જોષી એ પ્રાસંગિક સંબોધન કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં વૈશ્વિક સ્તરે ભારતની વધતી તાકાત અને બજેટની વિકાસ અને જનહિતને સુનિશ્ચિત કરતી જોગવાઈઓ અંગે વાત કરી હતી. વડોદરા મહાનગર ભાજપા અધ્યક્ષ ડો. જયપ્રકાશ સોનીએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

# જૂનાગઢઃ શિવરાત્રી મેળામાં દરરોજ રાત્રે ભવ્ય સાંસ્કૃતિક કાયક્રમ-લોકડાયરાની જમાવટ

## કલાકાર મૈથીલી ઠાકુર, સુરેશ વાડકર, પાર્થ ઓઝા, ગીતાબેન રબારી સહિતના કલાકારો ભજન, સંતવાણીની પ્રસ્તુતી કરશે

**અબતક, દર્શન જોશી, જૂનાગઢ**

જૂનાગઢના ભવનાથ ક્ષેત્રમાં આગામી ૧૧ થી ૧૩ દરમિયાન યોજાનાર મહાશિવરાત્રી મેળા દરમિયાન ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થનાર છે.

કમિશ્નર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અને જિલ્લા વહીવટી તંત્ર જૂનાગઢના સંયુક્ત ઉપક્રમે જિલ્લા પંચાયત ગેસ્ટ હાઉસની સામે, ભવનાથ તળેટી, જૂનાગઢ ખાતે આગામી તા.૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી દરરોજ સાંસ્કૃતિક ક્રાયક્રમનું આયોજન હાથ ધરવામાં આવ્યુ છે. ચાર દિવસીય આ મહોત્સવમાં દેશ-વિદેશમાં ખ્યાતિપ્રાપ્ત કલાકારો દ્વારા સંગીતમય પ્રસ્તુતિઓ કરવામાં આવશે.આ ઉપરાંત સ્થાનિક કલાકારો દ્વારા પણ ભજન, લોકગીત, સંગીતની પ્રસ્તુતી કરવામાં આવશે.



મેળાના પ્રથમ દિવસે તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ રાત્રે પ્રખ્યાત લોક તથા શાસ્ત્રીય ગાયિકા મૈથિલી ઠાકુર પોતાની સુરીલી રજૂઆત કરશે.બીજા દિવસે તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ ભારતના વિખ્યાત પાર્શ્વ ગાયક સુરેશ વડકર દ્વારા ભકિતરસભર ગીતોની મનમોહક પ્રસ્તુતિ થશે. ત્રીજા દિવસે તા. ૧૩ ફેબ્રુઆરીના રોજ પ્રખ્યાત ગાયક પાર્થ ઓઝા દ્વારા લોકસંગીત, સુગમ સંગીત તથા ભજનની રંગારંગ રજૂઆત કરવામાં આવશે. અંતિમ દિવસે તા. ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ કચ્છની કોયલ તરીકે જાણીતા લોકપ્રિય લોકગાયિકા ગીતાબેન રબારી પોતાની લોકપ્રિય લોકસંગીતની પ્રસ્તુતિથી ઉપસ્થિત જનમેદનીને મંત્રમુગ્ધ કરશે.

મહાશિવરાત્રી મેળા દરમિયાન આ વખતે સાંસ્કૃતિક કાર્યક્રમ ૨ સેશનમાં યોજાનાર છે. જેમાં સાંજે સ્થાનિક કલાકારો ભજન, સંતવાણીની પ્રસ્તુતી કરશે. જેમાં તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ લોકગાયક દિવ્યેશ જેઠવા, સાગર કાચા, હાસ્ય કલાકાર જીતુભાઈ દ્વારકાવાળા, તા.૧૨ ફેબ્રુઆરીના રોજ લોકગાયક, સંગીતકાર નાણાવટી બ્રધર્સ, વિપુલભાઈ ત્રિવેદી, દર્પિત દવે, લોકગાયક સુશ્રી તરલાબેન સોમાણી, તા.૧૩ ફેબ્રુઆરીના રોજ લોક સાહિત્યકાર હરેશભાઈ સુરુ, જીતુભાઈ દાદ, લોકગાયક સુશ્રી નીરૂબેન દવે, લોકસાહિત્યકાર રાજદાન ગઢવી, તા.૧૪ ના રોજ લોક સાહિત્યકાર શિવરાજ વાળા, અમુદાન ગઢવી, લોક ગાયક દીપકભાઈ જોશી, મયુરભાઈ દવે પોતાની કલાની પ્રસ્તુતી કરીને શ્રોતાગણને મંત્રમુગ્ધ કરશે.

સાંસ્કૃતિક કાર્યક્રમના સુચારૂ આયોજન અંગે ગઈકાલે કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જૂનાગઢ જિલ્લા પોલીસ વડા સુબોધ ઓડેદરા,નિવાસી અધિક કલેકટર બી.એસ. બારડ, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ ખાતે શિક્ષણ મંત્રી રીવાબા જાડેજા “પરીક્ષા પે ચર્ચા” કાર્યક્રમમાં સહભાગી બન્યા

## વિદ્યાર્થીઓમાં રહેલી સુશુપ્ત અને ક્ષમતાઓ બહાર લાવવી તે જ સાચું શિક્ષણ છેઃ રાજ્ય શિક્ષણ મંત્રી

### રિવાબા જાડેજાની સહજતા અને વિદ્યાર્થીઓ પ્રત્યેનો વાત્સલ્યભાવ



શિક્ષણ રાજ્યમંત્રી રિવાબા જાડેજાની જૂનાગઢની પીએમ શ્રી પ્રાથમિક કન્યા શાળા નંબર ૪ની મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓ માટેનો અનેરો વાત્સલ્યભાવ સાથે સહજતા, સરળતા અને નિખાલસતા જોવા મળી હતી.

રાજ્ય શિક્ષણ મંત્રીએ શાળાની બહુ આયામી શૈક્ષણિક પદ્ધતિઓ અને પ્રવૃત્તિઓથી અવગત થયા હતા, આ સાથે જ વિદ્યાર્થીનીઓ સાથે સહજ અને આત્મીય સંવાદ સાધી પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. ઉપરાંત વિદ્યાર્થીનીઓ સાથે નીચે બેસીને મધ્યાહન ભોજન પણ લીધું હતું અને વિદ્યાર્થીનીઓ સાથે એક વિદ્યાર્થીની બની ખો ખો રમત માં સહભાગી બન્યા હતા. અને વિદ્યાર્થીનીઓનો ઉત્સાહ વધારી તેમને ખેલકુદના ક્ષેત્રમાં પણ આગળ વધવા માટે પ્રેરણા પણ આપી હતી. શિક્ષણ મંત્રીએ આ પ્રસંગે શાળાની જ વિદ્યાર્થીની કુ. પ્રીતિબેન ગુજરાતી દ્વારા લેખિત બાળવાર્તાની પુસ્તિકાનું પણ વિમોચન કર્યું હતું અને સાથે જ આટલી નાની ઉંમરે સાહિત્ય સર્જન માટે વિશેષ અભિનંદન આપ્યા હતા. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ તૈયાર કરેલા વિજ્ઞાનના સિદ્ધાંતો અને રહસ્યોને ઉજાગર કરતા પ્રોજેક્ટનું પણ નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત શાળામાં ગ્રીનહાઉસ તૈયાર કરવામાં આવ્યું છે, તેની મુલાકાત કરી હતી. તથા પીએમ શ્રી પ્રાથમિક કન્યા શાળા નંબર ૪ના શતાબ્દી મહોત્સવનો પ્રારંભ કરાવતા તેની તકતીનો પણ અનાવરણ કર્યું હતું.



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્યના શિક્ષણ રાજ્ય મંત્રી રિવાબા જાડેજાએ આજે જૂનાગઢ આયોજિત શિક્ષણ પે ચર્ચા કાર્યક્રમમાં સહભાગી બની વિદ્યાર્થીનીઓની પરીક્ષાલક્ષી મૂંઝવણો અને તનાવ દૂર કરવા માટે પ્રેરક માર્ગદર્શન કર્યું હતું.

જૂનાગઢ શહેરની આર. જે. કનેરીયા ગર્લ્સ હાઈસ્કુલ ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ચુલ વર્ચ્યુઅલ માધ્યમથી પરીક્ષા સંદર્ભે પ્રેરણાદાયી માર્ગદર્શન કરવાની સાથે માનવ જીવનને વધુ ઉન્નત બનાવવા માટે તલસ્પર્શી બાબતોને વણી લઈ વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓને પ્રેરક સંબોધન કર્યું હતું.

રાજ્ય શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાએ વિદ્યાર્થીઓમાં રહેલી સુશુપ્ત અને ક્ષમતાઓ બહાર લાવવી તે જ સાચું શિક્ષણ છે, સાથે જ તેમણે વિદ્યાર્થીઓને અભ્યાસકાળ દરમિયાન અભ્યાસ પર જ ધ્યાન કેન્દ્રિત કરવા જણાવ્યું હતું. તેમણે કોઈપણ વિષયને અઘરો માનવો નહીં પરંતુ, મગજને તે વિષયને શીખવા માટે કેળવવો કે કમાન્ડ આપવો જોઈએ, જેથી વિષયમાં નિપુણતા હાંસલ કરી શકાય છે. તેમણે કોઈ શોખને ઉજ્જ્વળ કારકિર્દી તરીકે ઘડતર કરવા માટે પણ માર્ગદર્શન કર્યું હતું. તે સાથે કોઈપણ વિષયમાં નિપુણતા હાંસલ કરવાથી પણ સફળતા નિશ્ચિતપણે મળે છે. તેમ જણાવ્યું હતું.

કમ્ફર્ટ ઝોનની બહાર નીકળવાથી જ સાચી ક્ષમતાઓ બહાર આવે છે, તેમાં પણ દીકરીઓમાં પરિસ્થિતિને સંવેદનશીલતા સાથે આત્માસાત કરવાનો વિશેષ ગુણ પણ કુદરતી રીતે રહેલો છે. તેમણે શિક્ષણ અને નવું શીખવાના સંદર્ભમાં વિદ્યાર્થીઓને નદીઓના નીરની જેમ સતત વહેતા રહેવું જોઈએ, એટલે કે બંધીયાર ન બનતા નવા વિચારોને આવકારવા જોઈએ અને સ્કિલ અને નોલેજને સતત અપડેટ પણ કરતું રહેવું જોઈએ તેમ શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા એ જણાવ્યું હતું.

# બેટી પઢાઓ... અમરેલી ની ૧૯૫૦૦ દીકરીઓને સવા બાર કરોડની નમો લક્ષ્મી સ્કોલરશીપનો અપાયો લાભ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

બેટી પઢાઓ... ના સૂત્રને સાકાર કરવા સરકારના પ્રયત્નો નો અમરેલી જિલ્લામાં ખૂબ જ સરસ પ્રતિસાદ મળી રહ્યો છે અમરેલીની ૧૯૫૦૦દીકરીઓને લક્ષ્મી સ્કોલરશીપ અંતર્ગત સવા ૧૨ કરોડની સહાય નો લાભ આપવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા દીકરીઓના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે શરુ કરવાયા બાવેલી નમો લક્ષ્મી સ્કોલરશીપ યોજના અંતર્ગત અમરેલી જિલ્લામાં શિક્ષણનું સ્તર સુધાવા અને ડ્રોપ આઉટ રેસિયો ઘટાડવા આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. વર્ષ ૨૫-૨૬ દરમિયાન જિલ્લાની ૧૯૫૨૦-વિદ્યાર્થિનીખીને કુલ ૧૨,૨૮,૩૦૦૦૦ નીસકોલરશીપ પૂરી પાડી તેમના સપનાઓને નવિ પાંખો આપવામાં આવી છે. અમરેલી જિલ્લા શિક્ષણાધિકારી એમ બી ગોહેલેઆ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે. આ યોજનાની મુખ્ય હેતુ પરિવારની આર્થિક સગરામણ ના કારણે દીકરીઓને અભ્યાસ અધવચ્ચે છોડવો ન પડે તે છેખાસ કરીને ગામડાની જરૂરિયાતમંદ પરિવારની દીકરીઓને ધોરણ ૯ થી ૧૨ સુધી અભ્યાસમાં કોઈપણ અવરોધો નહીં આવે જિલ્લાની ૩૧૬શાળાઓમાં આ યોજના નો અમલ થયો હતો અમરેલી ની ૬૭શાળામાં ૩૫૯૯ સાવરકુંડલાની ૪૫ શાળામાં ૨૯૧૫ દીકરીઓને સહાય આપી છે રાજુલાની ૩૯ શાળાના ૨૮ ૪૧ દીકરીઓ જાફરાબાદી ૨૧ શાળાની ૧૮૬૨ દીકરીઓ લાઠીની નવશાળાની ૧૬ ૬૯ થી કરજો બાબરાની ૨૪ સાળાની ૧૫ ૩૫ દીકરીઓ ધારીને ૨૧ શાળાની ૧૩૯૦ દીકરીઓ બગસરા ની ૧૬ સાલા ની ૧૧ ૧૭ દીકરીઓ સ્કોલરશીપનો લાભ આપવામાં આવ્યો છે


જા.નં.૬૮૭૯ તા.૦૫/૦૨/૨૦૨૬

**મોરબી મહાનગરપાલિકા**

**ઓનલાઈન જાહેર નિવિદા**

આથી મોરબી મહાનગરપાલિકા, મોરબી જી.મોરબી ને વિવિધ યોજના હેઠળ નીચે મુજબની વિગતે કામગીરી કરાવવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| અ.નં. | કામની વિગત | ટેન્ડર ફી | ઇ.એમ.ડી.ની રકમ | કામની અંદાજીત રૂ. |
|---|---|---|---|---|
| ૧ | મોરબી મહાનગરપાલિકા હદમાં લાતી પ્લોટ વિસ્તારમાં રોડ બનાવવાનું કામ. | ૨૩,૫૦૦/- | ૨૦,૧૯,૮૦૦/- | ૨૦.૨૦ કરોડ |
| ૨ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પાડાપુલની અપસ્ટ્રીમમાં કેબલસ્ટે બ્રીજ બનાવવા DPR પ્રૂફ ચેકીંગ અન્વયે એજન્સી નિમણુક કરવા અંગે. | ૩,૦૦૦/- | ૫૦,૦૦૦/- | - |
| ૩ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારના તમામ ક્લસ્ટરમાં કલસ્ટર ઓફીસ બનાવવાનું કામ.(બીજો પ્રયત્ન) | ૧૫,૦૦૦/- | ૭,૪૪,૭૭૨/- | ૭.૪૪ કરોડ |
| ૪ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં પાડાપુલની ડાઉનસ્ટ્રીમમાં બ્રીજ બનાવવાનું કામ. | ૨૩,૫૦૦/- | ૩૩,૧૪,૦૦૦/- | ૩૩.૧૩ કરોડ |
| ૫ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નટરાજ ફાટક થી અરૂણોદય સર્કલ (વેજીટેબલ રોડ) સુધી આઇકોનીક સી.સી.રોડ બનાવવાનું કામ.(ત્રીજો પ્રયત્ન) | ૧૫,૦૦૦/- | ૫,૧૨,૧૦૦/- | ૫.૧૨ કરોડ |
| ૬ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં સેન્ટમેરી ફાટક થી LC-૩૬ ROB (નવલખી ફાટક) સુધી આઇકોનીક સી.સી.રોડ બનાવવાનું કામ.(ત્રીજો પ્રયત્ન) | ૪,૫૦૦/- | ૨,૨૨,૮૦૦/- | ૨.૨૨ કરોડ |
| ૭ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં શકત શનાળા ખાતે તળાવના બ્યુટીફીકેશનનું કામ | ૨૩,૫૦૦/- | ૧૦,૬૮,૭૫૫/- | ૧૦.૬૮ કરોડ |
| ૮ | મોરબી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં નાની વાવડી ખાતે પાર્ક બનાવવાનું કામ | ૪,૫૦૦/- | ૧,૦૫,૯૮૦/- | ૧.૦૬ કરોડ |

| | |
|---|---|
| ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટેની છેલ્લી તારીખ તથા સમય | તા.૨૧/૦૨/૨૦૨૬ ના રોજ ૧૮:૦૦ કલાક સુધી |
| ફકત ઓરીજીનલ ટેન્ડર ફી, ઈ.એમ.ડી. અને નોન બ્લેકલીસ્ટનું એફીડેવીટ પહોચતા કરવાની તારીખ, સમય તથા સરનામુ | તા.૦૨/૦૩/૨૦૨૬ ના ૧૮:૦૦ કલાક સુધી, સીટી ઈજનેર, મોરબી મહાનગરપાલિકા, જી.મોરબી |
| ટેકનીકલ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૧૨:૦૦ કલાકે |
| પ્રાઈઝ બીડ ખોલવાની તારીખ(જો શક્ય હોય તો) | તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ૦૧:૦૦ કલાકે |

ઉપરોક્ત કામ અંગેની તમામ જરૂરી માહિતી તેમજ શરતો અને કરારની વિગતો અને ટેન્ડર ડાઉનલોડ તથા અપલોડ માટે www.nprocure.com વેબસાઇટ ઉપર તા.૦૭/૦૨/૨૦૨૫ના રોજથી જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્ક અધિકાર મહાનગરપાલિકાને અબાધિત રહેશે.

નાયબ કમિશનર(પ્રો.)
મોરબી મહાનગરપાલિકા

માહિતી -રાજ- ૧૭૪૬ -૨૦૨૫-૨૦૨૬


# બજેટમાં તમામ વર્ગના ઉત્થાન વિકાસની ભાવના અને ૨૦૪૭ની પરિકલ્પનાઃ બ્રિજેશ મેરજા

## રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા બજેટ યુવા સેવાના કાર્યની યોજાયો

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના દ્રઢ નેતૃત્વમાં ભારત જ્યારે 'વિકસિત રાષ્ટ્ર' બનવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામનજી દ્વારા સંસદમાં રજૂ કરવામાં આવ્યું. જેકેન્દ્રીય બજેટ અંતર્ગત પ્રદેશ વક્તા રાજ્યના પૂર્વ મંત્રી બ્રિજેશભાઈ મેરજા તથા રાજકોટ જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ હેરભા, રવિભાઈ માંકડિયાની ઉપસ્થિતિમાં રાજકોટ જીલ્લા ભાજપ યુવા મોરચા દ્વારા કમલમ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે 'યુવા સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો.

આ યુવા સંવાદ કાર્યક્રમમાં જીલ્લા ભાજપ મંત્રી સતીશભાઈ ભીમજીયાણી, જીલ્લા યુવા મોરચા પ્રભારી ડો.દિપકભાઈ પીપળીયા, દેવભાઈ કોરડીયા, મહામંત્રી સુરજભાઈ ડેર, જીલ્લા કિસાન મોરચા ડેનીશભાઈ હદવાણી, ગોવિંદભાઈ કિહલા, રાજેન્દ્રભાઈ ધારૈયા, નીલેશભાઈ દોશી, રાજકોટ તાલુકા પંચાયત કા.ચેરમેન ભરતભાઈ ડાભી સહીતના જીલ્લા યુવા મોરચાના હોદેદારો, કારોબારી સભ્ય ઓ, મંડલના પ્રમુખ-મહામંત્રી ઓ સહીતના કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આયુવા સંવાદ કાર્યક્રમમાં પ્રદેશ વકતા બ્રિજેશભાઈ મેરજાએ ઉપસ્થિત યુવાઓને બજેટ વિષે માર્ગદર્શન આપતા જણાવ્યું હતુ કે, સર્વજન હિતાય, સર્વજન સુખાય ગણાવતા સંતુલિત વિકાસ આ બજેટ ગરીબ, મધ્યમ વર્ગ, ખેડૂત, યુવા અને મહિલાઓ સહિત સમાજના તમામ વર્ગોને સ્પર્શે છે, દેશને વિકસિત ભારત તરફ લઈ જનારું દિશાદર્શક બજેટ છે. આ બજેટમાં ગરીબ, યુવા, ખેડૂત,





મહિલા, મધ્યમ વર્ગ અને વેપારી વર્ગ સૌને સાથે લઈને આગળ વધવાની સ્પષ્ટ દષ્ટિ રજૂ કરવામાં આવી છે. જીલ્લા ભાજપ અધ્યક્ષશ્રી અલ્પેશભાઈ ઢોલરીયાએ જણાવ્યુ હતુ કે,બજેટમાં આશરે ૭ ટકાના આર્થિક વિકાસ દરને હાંસલ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે.

રાજકોટ જીલ્લા ભાજપ મહામંત્રી ઓ નરેન્દ્રસિંહ જાડેજાએ વધુમાં જણાવ્યું હતુ કે,આત્મ નિર્ભરતાઃ ઉદ્યોગકારો અને નાના વેપારીઓ માટેની જોગવાઈઓ ભારતને આત્મ નિર્ભર બનાવવાની દિશામાં મજબૂત કદમ છે, કાર્યક્રમનું સંચાલન પ્રમુખ દેવભાઈ કોરડીયા, સ્વાગત રવિભાઈ માંકડિયા, આભાર વિધિ સુરજભાઈ ડેરે કરી હતી.


**પશ્ચિમ રેલવે - રાજકોટ ડિવિઝન**

**“SLR/VP ના લિઝીંગ” કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

નં. C 78/LEASING/E-AUCTION/Publication/2022(294790)

સંદર્ભ : ED (FM), RB's letter no. 2022/TC(FM)/10/04 તારીખઃ 11-04-2022

“SLR\VP ના લિઝીંગ” કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી આમંત્રિત કરવામાં આવે છે. વિગતો નીચે મુજબ આપવામાં આવેલ છે.

| કેટલોગ નં. | કોન્ટ્રાક્ટનો પ્રકાર | લોટ નં. | કોન્ટ્રાક્ટનો સમયગાળો | લોટ શરૂઆત થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| E-SLR-RJT-15-26, તારીખ 03/02/2026 | SLR/VP નું લિઝીંગ | ૧) ૧૬૭૩૪-SLR-R૧, ૨) ૨૨૯૬૯-SLR-F૧, ૩) ૨૨૯૩૭-SLR-F૧, ૪) ૨૨૯૩૭-SLR-R૧, ૫) ૧૯૫૬૫-SLR-F૧, ૬) ૧૯૫૬૫-SLR-R૧, ૭) ૨૨૯૬૦-SLR-R૧, ૮) ૨૨૯૦૫-૨૨૯૦૬-VP-૧ | ૦૩ વર્ષ | તમામ લોટ માટે ઈ-હરાજી તા.૧૮-૦૨-૨૬ ના ૧૧:૩૦ કલાકે શરૂ થશે. |

ઉપરોક્ત કેટલોગમાં દર્શાવેલ લોટની વિગતો આગામી ઈ-હરાજી, ઝોન : પશ્ચિમ રેલવે, વિભાગ : કોમર્શિયલ, રાજકોટ ડિવિઝન - ના શિર્ષક હેઠળ www.ireps.gov.in (ઈ-હરાજી લિઝીંગ) વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

RJT-197

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

તંત્રી લેખ

# "ભારત ટેક્સી" કેબ સેવામાં પણ સહકારનો સૂર્યોદય

દેશની પ્રથમ સહકારી કેબ સેવા 'ભારત ટેક્સી'નો પ્રારંભ થતા દુનિયાનું સૌથી પહેલું અને સૌથી મોટું કોઓપરેટિવ બેઝ્ડ રાઈડ હેલીંગ પ્લેટફોર્મ મળ્યું છે. સહકારથી સમૃદ્ધિના મંત્ર સાથે પરિવહન ક્ષેત્રે ડ્રાઈવરો અને મુસાફરોના હિતમાં નવી પહેલ કરાય છે. 'ભારત ટેક્સી' સહકારથી સમૃદ્ધિના વિઝનને સાકાર કરવામાં આ સેવા એક સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

અત્યાર સુધી કેબ સેવામાં ખાનગી કંપનીઓનું વર્ચસ્વ હતું, પરંતુ 'ભારત ટેક્સી' એ સહકારી ધોરણે કાર્ય કરતી દેશની પ્રથમ પહેલ છે. આ મોડેલની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં ડ્રાઈવરોનું શોષણ અટકશે. ખાનગી એપ્લિકેશન્સમાં ડ્રાઈવરોએ કમાણીનો મોટો હિસ્સો કમિશન પેટે આપવો પડતો હોય છે, જ્યારે અહીં સહકારી માળખાને કારણે ડ્રાઈવરોના હિતોનું રક્ષણ થશે અને તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે.

આ દુનિયાનું સૌથી પહેલું અને સૌથી મોટું કોઓપરેટિવ બેઝ્ડ રાઈડ હેલીંગ પ્લેટફોર્મ છે. આ સેવા માત્ર ડ્રાઈવરો માટે જ નહીં પણ સામાન્ય જનતા માટે પણ આશીર્વાદરૂપ છે. સહકારી મોડેલ હોવાથી ગ્રાહકો પાસેથી કોઈ પણ પ્રકારના છુપા ચાર્જ કે અતિશય ભાડું વસૂલવામાં આવશે નહીં. એટલું જ નહીં, ટેકનોલોજીના માધ્યમથી મુસાફરોની સુરક્ષા પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

ગુજરાત હંમેશા સહકારી પ્રવૃત્તિઓમાં દેશનું અગ્રેસર રાજ્ય રહ્યું છે. સહકારી મોડેલ બાદ હવે પરિવહન ક્ષેત્રે 'ભારત ટેક્સી' દ્વારા સહકારી ક્ષેત્રનો વ્યાપ વધ્યો છે. ગુજરાતમાં દેશની પ્રથમ સહકારી કેબ સેવાનો પ્રારંભ થવોએ ગૌરવની વાત છે. આ મધ્યમ મુસાફરો અને મહેનતકશ ડ્રાઈવર ભાઈઓ - બંનેને ફાયદો થશે. સહકારી ક્ષેત્રે આ એક ક્રાંતિકારી કદમ છે.

# ગીતા અને રામાયણ આપણી 'માઁ' છેઃ પૂ.મોરારિબાપુ

## દ્વારકામાં રામકથામાં 'માનસ કૃષ્ણ અવતાર' લાભ લેતા ભાવિકો કૃષ્ણ સાથે રામભકિતમાં રંગાયા






**અબતક,રાજકોટ**

મોરારિબાપુ દ્વારકા તીર્થમાં રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' લાભ લેતાં ભાવિકો ઈશ્વરિયા શુક્રવાર તા.૬-૨-૨૦૨૬ દ્વારકા તીર્થમાં રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' ગાન કરતાં શ્રી મોરારિબાપુએ પ્રેમ ભક્તિ ભાવ વ્યક્ત કર્યો અને કહ્યું કે, વિયોગમાં કદાચ મરી શકાય, વિરહમાં તો મરી પણ શકાતું નથી. આ રામકથા લાભ લેતાં ભાવિકો રસમય બની રહ્યા છે. શ્રી મોરારિબાપુએ વ્યાસપીઠ પરથી શ્રી કૃષ્ણ અને શ્રી રામ સાથે શ્રી શિવજી ચરિત્રના પ્રાસંગિક વર્ણન દ્વારા સાંપ્રત સનાતન ચિંતન રજૂ કર્યું છે. રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' ગાન કરતાં શ્રી મોરારિબાપુએ પ્રેમ ભક્તિ ભાવ વ્યક્ત કર્યો અને કહ્યું કે, વિયોગમાં કદાચ મરી શકાય, વિરહમાં તો મરી પણ શકાતું નથી. અયોગ, યોગ અને વિયોગ પછીની સ્થિતિ વિરહની રહેલી છે. નજીક રહેવાથી દોષ દર્શન કે વહેમ પણ વધે અને વિશ્વાસ પણ વધે છે. દ્વારકા તીર્થમાં આ કથા પ્રસંગે શ્રી મોરારિબાપુએ ભાર પૂર્વક કહ્યું કે, કથન અને શ્રવણમાં જો ઓતપ્રોત થઈએ તો ચેતના કોઈ પણ સ્વરૂપે આપણી આસપાસ આવે જ અને દ્વારકાધીશ પણ આપણી આસપાસ હશે જ. દૂધ અને કૃષ્ણની સમાન રહેલાં લક્ષણોમાં શુધ્ધ, સ્નિગ્ધ, મધુર તથા પૌષ્ટિક વગેરે ગણાવી સુંદર ભાવ વ્યાખ્યા કરી. શ્રી મોરારિબાપુએ વિવિધ માતૃ સ્વરૂપોની વાત કરતાં ગીતા અને રામાયણ આપણી મા છે, તે ન ભૂલવા શીખ આપી. વ્યાસગાદી અધિકાર કરતાં વધુ જવાબદારી ધરાવે છે, તેમ કહી સનાતન ધર્મપીઠો પણ વધુ મહત્વની ગણાવી. રામકથાના શિવ પાર્વતી સંવાદ અને વંદના પ્રકરણો આગળ વધારતાં બુધ્ધિના ત્રણ લક્ષણો ભ્રમિત, શ્રમિત અને વિસ્મિત એમ ઈશ્વર પ્રત્યેની શ્રધ્ધા અને સ્થિતિનો તત્ત્વ ચિતાર સ્પષ્ટ કર્યો. શ્રી મોરારિબાપુએ કહ્યું કે, પરિસ્થિતિ મુજબ જીવનમાં નિયમ છોડવા પડશે, પણ વચન ન તોડવું. દ્વારકા તીર્થમાં દ્વારકાધીશની ભૂમિમાં આ રામકથા 'માનસ કૃષ્ણ અવતાર' લાભ લેતાં ભાવિકો રસમય બની રહ્યા છે. અહીંયા કથા શ્રવણ સાથે તીર્થ દર્શન લાભ મળી રહ્યો છે.

# ધોરાજીમાં સંસ્કૃતમાં સત્સંગ દીક્ષા ગ્રંથના સમૂહ મુખપાઠ કરનાર ૧૧ બાળકોનું નામ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધાયું

## બીએપીએસના ૧૨૭૨૬થી વધુ બાળ ભક્તોની સમૂહ મુખપાઠની સાધના ફળીને ધોરાજીનું નામ વિશ્વ કક્ષાએ ચમક્યું

**અબ તક રમણીક ટોપિયા ધોરાજી**



ધોરાજીના બીએપીએસ સ્વામિનારાયણ ના ૧૨ ૭૨૬ થી વધુ બાળકોએ સંસ્કૃતમાં સત્સંગ દીક્ષા ગ્રંથની સમૂહ પાઠ ની સાધના ફરી હોય તેમ સંસ્કૃત ભાષામાં સત્સંગ દીક્ષા ગ્રંથના સમૂહ મુખપાઠ ને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે

બી એ પી એસ સંસ્થા માટે અતિ ગૌરવ અને આનંદ ના અવસર સમી આ સિદ્ધિની વિગતો જાણીએ ત ધોરાજી બીએપીએસ સંસ્થાના માર્ગદર્શન લેઠળ ૧૨૭૨૩ થી વધુ બાળ-બાલિકા ઓએ સંસ્કૃત ભાષામાં સંતસગદીક્ષા ગ્રંથનો સમુહ મુખપાઠ કરીને વિશ્વસ્તી એક અનોખો રેકોર્ડ સ્થાપ્યો છે. આ અદભૂતપૂર્વ સિધ્ધી બદલ સંસ્થાને ગીનીશ બુક ખોફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આથી છે આ પ્રતિષ્ઠિત સન્માન સંસ્થાના આધ્યાત્મિક ગુરુ મહંતસ્વામી મહારાજને અર્પણ કરવામાં આવ્યો હતી આ વિશાળ સમૂહ મુખપાઠ કાર્યક્રમમાં દેશ-વિદેશના હજારો બાળકો જોડાયા હતા. સંસ્કૃત જેવી પ્રાચીન અને સમૃદ્ધ બાષામાં શાસ્ત્ર જ્ઞાન સાથે ગ્રંથની મુખપાઠ નીકલા પીતાનામાં જ એક અનોખી અને પ્રેરણાદાયક સિદ્ધિ છે. નાની વય માં આધ્યાત્મિક સંસ્કાર શિસ્ત અને સંસ્કૃત જ્ઞાનનો વિકાસ થાય તેમાટે બીએપીએસ સંસ્થા સતત પ્રયત્નશીલ રહીછે જેના પરિણામે આ વિશ્વ રેકોર્ડ શક્ય બન્યો છે.

આ ગૌરવ ભર્યા પ્રસંગમાં ધોરાજીના બીએપીએસ સ્વામિનારાયણ મંદિરના બાળકો દેવેન જાગાણી, કાવ્ય પરમાર, નીલકંઠ વાજા ચીગી વાજા, અંશ હરપાળ, ઓમ વધાસિયા. ઑમ સીદપરા, રાજ દેવમોરારી તથા બાલિકાઓ હસ્તી પનારા, એન્જલ વધાસીયા, ઝાખી ગજેરા કુલ ૧૧. બાળક બાળિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ વઈ અથાક પરિશ્રમ નિયમિત અભ્યાસ અને ગુરુ હરીના આશીર્વાદથી વૈશ્વિક કીર્તિમાંનનોહિસ્સો બનીને થોરાજી તથા બીએપીએસ સંસ્થાનું ગૌરવ વધારેલ છે

# બજારની અસ્થિરતા અને મેક્રો ઈકોનોમિક ચિંતાઓ સામે 'બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ' મજબૂત રક્ષણ તરીકે ઉભર્યા

**અબતક, રાજકોટ**

વર્તમાન બજારની અસ્થિરતા અને બદલાતી આર્થિક સ્થિતિને જોતા, રોકાણકારોની સંખ્યા સતત વધી રહી છે જેઓ વૃદ્ધિની મહત્વાકાંક્ષા અને જોખમ વચ્ચે સંતુલન જાળવી શકે તેવા વિકલ્પો શોધી રહ્યા છે. બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સ અનુભવી અને નવા બંને પ્રકારના રોકાણકારો માટે એક આકર્ષક રોકાણ સાધન તરીકે ઉભરી આવ્યા છે, બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ તેની મૂળભૂત કાર્યપદ્ધતિ મુજબ, બજારના મૂલ્યાંકન અને જોખમના સંકેતોને આધારે ઈક્વિટી અને ફિક્સ્ડ-ઈન્કમ સાધનો વચ્ચે ગતિશીલ રીતે ફાળવણી કરે છે. આ ફ્લેક્સિબલ અભિગમ ફંડને જ્યારે બજારનું મૂલ્યાંકન આકર્ષક હોય ત્યારે વ્યૂહાત્મક રીતે ઈક્વિટીમાં રોકાણ વધારવાની અને જ્યારે બજારમાં અતિશય તેજી અથવા અનિશ્ચિતતાના સંકેતો દેખાય ત્યારે ડેટમાં રોકાણ ખસેડવાની મંજૂરી આપે છે.

વર્તમાન બજારના વાતાવરણમાં બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડ્સની પ્રસ્તુતતા વધી છે કારણ કે તેઓ રોકાણકારોને કોઈ પણ એક તરફી નિર્ણય લીધા વિના, બજારની અસ્થિરતાનો સામનો કરવા માટે એક વ્યવસ્થિત માર્ગ પ્રદાન કરે છે. વેલ્યુએશન અને જોખમના સંકેતોને આધારે ઈક્વિટી અને ડેટના રોકાણમાં ગતિશીલ ફેરફાર કરીને, આ વ્યૂહરચનાઓ બજારના વિવિધ ચક્રો દરમિયાન પોર્ટફોલિયોના પરિણામોને સંતુલિત અને સ્થિર બનાવવામાં મદદ કરે છે, તેમ ધ વેલ્થ કંપની મ્યુચ્યુઅલ ફંડના ફાઉન્ડર, એમડી અને સીઈઓ મધુ લુનાવતે જણાવ્યું હતું.

ધ વેલ્થ કંપની બેલેન્સ્ડ એડવાન્ટેજ ફંડનો ગત્રબ્ધ અત્યારે શરૂ છે અને ૧૦ ફેબ્રુઆરીએ બંધ થશે, જે રોકાણકારોને રિસર્ચ-આધારિત અને વેલ્યુએશન- અવેક ફ્રેમવર્ક સાથે આ વિકસતી કેટેગરીમાં જોડાવાની તક આપે છે.

# ગાંધીધામ મહાપાલિકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ફોર્મ ભરવાનું શરૂ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરના જરૂરિયાતમંદ પરિવારો માટે 'પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) ૨.૦' હેઠળ નવા લાભાર્થીઓની નોંધણી માટેના ખાસ કેમ્પની જાહેરાત કરવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પમાં એવા નાગરિકો ફોર્મ ભરી શકશે જેઓ પોતાની માલિકીનું જર્જરિત મકાન અથવા ખુલ્લો પ્લોટ ધરાવે છે. આ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા લાભાર્થીઓને સરકાર દ્વારા કુલ ₹૪ લાખની આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. નોંધણી પ્રક્રિયા તા.૦૭ ફેબ્રુઆરી અને ત્યારબાદ તા.૦૯ થી ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન સવારે ૧૦:૩૦થી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી મનપા કચેરીના બીજા માળે આવેલા આવાસ યોજના વિભાગમાં ચાલશે. લાભ લેવા ઈચ્છુક નાગરિકોએ ₹૩ લાખ સુધીનો આવકનો દાખલો, જમીનના દસ્તાવેજો, આધાર કાર્ડ, રેશન કાર્ડ અને બેંક પાસબુક જેવા જરૂરી પુરાવા સાથે ઉપસ્થિત રહેવા મનપા દ્વારા અપીલ કરવામાં આવી છે.

વધુ માહિતી માટે ગાંધીધામ મહાનગરપાલિકા કચેરીએ આવાસ યોજના વિભાગનો અથવા મો.નં. ૯૦૩૩૧ ૪૯૬૦૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# જામકંડોરણામાં સર્વોત્તમ હવેલીનું ધારાસભ્ય જયેશ રાદડિયા હસ્તે ભૂમિપૂજન

## હોરી ફૂલ ફાગ રસિયાની ભવ્ય ઉજવણીમાં ભક્તો આનંદ અને ભક્તિરસમાં રંગાયા





**અબતક,પ્રવીણ દોંગા, જામકંડોરણા**

જામકંડોરણા શહેર ખાતે સર્વોત્તમ હવેલીનું ભૂમિપૂજન વિધિવત રીતે સંપન્ન થયું. વૈષ્ણવ આચાર્ય ગોસ્વામી પરાગ કુમારજી મહોદયના હસ્તે તથા દાતાઓની ઉપસ્થિતિમાં પૂજા-અર્ચના સાથે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વૈષ્ણવ ભાઈઓ અને બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં ધારાસભ્ય જયેશ રાદડિયા, રાજકોટના ઉદ્યોગ અગ્રણી કમલભાઈ સોજીત્રા (ફાલ્કન) સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. મોટી ઢેલી ખાતેથી સામૈયા વાજતે-ગાજતે નીકળી કોમ્યુનિટી હોલ ખાતે પહોંચ્યા હતા.

ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમની શુભ શરૂઆત કરવામાં આવી હતી. વૈષ્ણવ આચાર્ય દ્વારા દાતાઓનું સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતે હોરી ફૂલ ફાગ રસિયાની ભવ્ય ઉજવણી યોજાઈ, જેમાં ભાવીભક્તો આનંદ અને ભક્તિરસમાં રંગાયા હતા.

# જૂનાગઢઃ ૧૦૦ બહેનોએ ૧૦ દિવસીય ખડક ચઢાણ તાલીમ કરી પૂર્ણ



**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર આયોજિત, પંડિત દીનદયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ સંચાલિત ખડક ચઢાણ બેઝિક કોર્સ તાજેતરમાં યોજાય ગયો, જેમાં જૂનાગઢ કૃષિ યુનિ.ના કુલ ૧૦૦ તેમજ અન્ય ૧૦ મળી કુલ ૧૧૦ તાલીમાર્થી બહેનોએ પર્વતારોહણની તાલીમ લીધી હતી. શિબિરના સમાપન કાર્યક્રમમાં અધિકારીઓના હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્રો આપી સન્માનિત કર્વામાં આવ્યા હતા. કાર્યક્રમના અધ્યક્ષ ડો. આર. એમ. સોલંકી નિયામક વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃતિઓ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી એ તાલીમાર્થીઓને ને પ્રોત્સાહન આપતા જણાવ્યું હતું કે, જીવનમાં આગળ ઘણી મુશ્કેલીઓ આવશે પણ ગભરાયા વગર સામનો કરવો તથા પર્વતારોહણથી શારીરિક અને માનસિક રીતે મજબુત થવાય છે. સાહસ, આત્મવિશ્વાસ અને ટીમ ભાવના સાથે કામ કરતા શીખાય છે. ડો. એચ. આર. વદર આચાર્યએ તાલીમાર્થીઓને પર્વતારોહણના બેઝિક કોર્સની સફળતા બાદ, એડવાન્સ અને કોચિંગ કોર્સ પણ શિબિરર્થીઓ કરી પર્વતારોહણ ક્ષેત્રે જૂનાગઢ અને ગુજરાતનું નામ રોશન કરો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી

# સોમનાથઃ મહાશિવરાત્રીએ શ્રધ્ધાળુઓને અગવડતા ન પડે તે માટે વન-વે રૂટ જાહેર

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

બાર જ્યોતિર્લિંગમાંના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના આંગણે મહાશિવરાત્રીનું પર્વ ઉજવવા માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ સોમનાથ આવતા હોય છે. જેથી ટ્રાફિકની સમસ્યા નિવારવા તથા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે અનુસંધાને જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એન.વી.ઉપાધ્યાય દ્વારા તા. ૦૯ ફેબ્રુઆરી થી લઈ અને તા. ૨૦ ફેબ્રુઆરી સુધી સોમનાથમાં વન-વે રૂટ અને પ્રવેશબંધીનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

ગીર સોમનાથ જિલ્લો સુપ્રસિદ્ધ પ્રવાસન સ્થળ ધરાવતો જિલ્લો છે. મહાશિવરાત્રીના પર્વને અનુલક્ષી દેશ-વિદેશમાંથી અસંખ્ય લોકો યાત્રાધામની મુલાકાતે આવતાં હોય છે ત્યારે, જાહેરનામા અનુસાર સફારી બાયપાસ તરફથી ગુડલક સર્કલ થઈ વેણેશ્વર આવતા તમામ પ્રકારના વાહનો એકમાર્ગીય રીતે ન્યૂ ગૌરીકુંડ થઈ સોમનાથ ટ્રસ્ટ પાર્કિંગમાં આવશે અને યાત્રાળુઓ દર્શન કરી પરત ફરે ત્યારે સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગમાંથી બહાર નીકળી સિમેન્ટ રસ્તે સદભાવના મેદાન તરફ જવાના રસ્તેથી સફારી સર્કલ તરફ બહાર નીકળશે.

જ્યારે જૂની ગૌરીકુંડ ચેકપોસ્ટ થી શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તા સુધી તેમજ નાગદાદાના મંદિરથી પઠાણવાડાના નાકાથી શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તાથી ભોયવાડાના નાકા સુધી તેમજ રામરાખ ચોકથી પઠાણવાડા થઈ શ્રી રામ ગેસ્ટ હાઉસ ત્રણ રસ્તા સુધી, પાટચકલા થી શિવ સદન હોટલ તરફ આવતા વાહનો, મેઈન બજારમાંથી ભોયવાડાના નાકા તરફ આવતા વાહનો અને પ્રજાપતિ ધર્મશાળા ત્રણ રસ્તા થી હમીરજી સર્કલ થી શંખ સર્કલ સુધીના તમામ રૂટ પર થ્રી વ્હીલ-ફોર વ્હીલ, લાઈટ વ્હિકલ તેમજ ભારે વાહનો પર પ્રવેશ પ્રતિબંધ કરાયો છે.

આ સમયગાળા દરમિયાન વૈકલ્પિક રૂટ તરીકે શંખ સર્કલ થી આવતા વાહનો વેણેશ્વર ચોકડીથી રામરાખ ચોક થી અન્ય જગ્યાએ જઈ શકશે તેમજ કેઈન બજાર તરફથી આવતા વાહનો ભોયવાડાના નાકે થી મદાર ઓટો થઈ અન્ય જગ્યાએ તેમજ કુંભારવાડાથી પાટ ચકલા થઈ રામરાખ ચોકથી વેણેશ્વર ચોકડીથી અન્ય જગ્યાએ તેમજ સાગર દર્શન ગેસ્ટ હાઉસ જવા માટે શંખ સર્કલ થી ભીડિયા સર્કલ થઈ સર્કિટ હાઉસ રોડ થઈ જઈ શકાશે.

# ગોંડલમાં પ્રથમવાર પાંચ કરોડના ખર્ચે ચાર આઈકોનિક રોડ બનશેઃ ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**અબતક,જીતેન્દ્ર આચાર્ય,ગોંડલ**

ગોંડલ નાં ધારાસભ્ય ગીતાબા જાડેજા દ્વારા અપાયેલા વિકાસના કામો ના વચન પ્રમાણે નગરપાલિકા દ્વારા શહેરમાં સૌ પ્રથમ વખત ચાર આઈકોનીક રોડનું ખાતમુહૂર્ત ધારાસભ્ય ગીતાબા જયરાજસિંહ જાડેજાના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું.

નગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય ચાર રોડને સૌ પ્રથમ વખત આઈકોનીક રોડ બનાવવાનું નક્કી કરતા જેમાં મહારાજા જ્યોતિન્દ્રસિંહજી માર્ગ (વછેરા નો વાળો) જેતપુર રોડ, આશાપુરા રોડ તેમજ દાસીજીવણ પાર્ટી પ્લોટ સામેનો રોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં આધુનિક અને આઈકોનીક રોડ ગોંડલના વિકાસને નવો વેગ આપશે.

પાંચ કરોડના ખર્ચે અત્યંત આધુનિક તેમજ આઈકોનીક રોડ બની રહ્યા છે .જેમાં રજવાડી લાઈટ પોલ, ડિઝાઈનિંગ કરબીન સ્ટોન, ફેબ્રિકેશન ટ્રી વિથ લાઈટ, ડેકોરેટિવ રેલિંગ સહિત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.



આઈકોનીક રોડ ગોંડલના વિકાસના બનશે પ્રતીક

આઈકોનીક રોડનું ખાતમુહૂર્ત સમયે નાગરિક બેંકના પૂર્વ ચેરમેન અશોકભાઈ પીપળીયા, નગરપાલિકા પ્રમુખ અશ્વિનભાઈ રૈયાણી, કારોબારી ચેરમેન ક્રિપાલસિંહ જાડેજા, ચીફ ઓફિસર એ.જે. વ્યાસ, બાંધકામ કમિટીના ચેરમેન જગદીશભાઈ રામાણી, મનીષભાઈ રૈયાણી, રફીકભાઈ કૈડા, ઈકબાલભાઈ કૈડા, પૂર્વ કારોબારી ચેરમેન ઋષિરાજસિંહ જાડેજા, સંજયભાઈ ધીણોજા, રમેશભાઈ સૌંદરવા, ધીરુભાઈ સરધારા, ચિરાગભાઈ ધાનાણી, બીપીનભાઈ નિમાવત સહિત નગરપાલિકા સદસ્યો, શહેર ભાજપ ટીમ ઉપસ્થિત રહ્યા હતા.

# દ્વારકાઃ શારદામઠ ખાતે ત્રિદિવસીય અખિલ ભારતીય વૈદિક સંગોષ્ટિનો પ્રારંભ

## શારદાપીઠ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ, કેબીનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા, બ્રહ્મચારી નારાયણાનંદજી રહ્યા ઉપસ્થિત





**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

ભારતનીય ચાર પીઠો પૈકીની એક એવી દ્વારકા યાત્રાધામ સ્થિત શારદામઠ ખાતે આજરોજ ત્રિદિવસીય અખિલ ભારતીય વૈદિક સંગોષ્ટિનો વિધિવત પ્રારંભ થયો હતો. આ પ્રસંગે રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ તેમજ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિભાગના કેબીનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયા, શારદાપીઠના શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ, બ્રહ્મચારી નારાયણાનંદજી વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વ્યાજખોરોનો આતંક: બે યુવાનોની જિંદગી ભરખી લઈ પરિવારોને રઝળાવી દીધા

## કેવડાવાડીના રીક્ષાચાલક યુવાનને રૂ.૧.૫૦ લાખ આપી કમ્મરતોડ વ્યાજ વસૂલી જયદીપ મૈયડએ પઠાણી ઉઘરાણી કરી: રીક્ષા પડાવી લેતા મંદિરમાં જઈ વિડિયો બનાવી યુવકે જિંદગીનો અંત આણી દીધો

## મોટાવડાના કેટર્સના ધંધાર્થી પાસે પાંચ ટકા વ્યાજ વસુલી ચાર વ્યાજખોરોએ મિલ્કત પચાવી લેતા પોતાની કારમાં જ ઝેર પી લેતા મોત

**અબતક, રાજકોટ**

નિર્દોષ લોકોની જિંદગી વ્યાજખોરીના ખપ્પરમાં હોમાઈ રહી છે. છાસવારે વ્યાજખોરોના ત્રાસથી કંટાળી લોકો જીવ દઈ દેતાં હોય છે. ત્યારે આવા જ બે બનાવ રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાથી સામે આવ્યા છે. જયા રાજકોટ શહેરના કેવડાવાડીમાં રહેતા રીક્ષાચાલક યુવાને વ્યાજખોર જયદીપ મૈયડના ત્રાસથી કંટાળી પત્નીને અશ્રુભીની આંખે ફોન કરી, પોતાની વ્યથા જણાવી મંદિરમાં જઈને જીવ દેતાં તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી સુસાઇડ નોટના આધારે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે. જયારે બીજા બનાવમાં મોટાવડાના કેટર્સના ધંધાર્થીએ ચાર વ્યાજખોરોના ત્રાસથી કંટાળી પોતાની કારમાં જ ઝેરી દવા ગટગટાવી આપઘાત કરી લીધો હતો.

## અશ્રુભીની આંખે પત્નીને ફોન કર્યો, વ્યથા જણાવી બાદમાં અમિત તન્નાએ ઝેર પી જીવ દીધો



વ્યાજખોરોના રંઝાડના બીજા બનાવમાં રાજકોટ શહેરના કેવડાવાડીમાં લલુડીવોકડી નજીક રહેતા ૪૦ વર્ષીય રીક્ષા ચાલક અમિત તન્નાએ ઝેરી દવા ગટગટાવી જીવનનો અંત આણી દીધો હતો.

બનાવ અંગે મૃતક અમિતભાઈ અરવિંદભાઈ તન્નાના પત્ની રૂપાબેને જણાવ્યું હતું કે,અમિતભાઈએ જયદીપ મૈયડ પાસેથી ૧ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા, જેની સામે ૬૦ હજારની રકમ બાકી હતી. જોકે, જયદીપે અગાઉ જ અમિતભાઈની દોઢ લાખની કિંમતની રિક્ષા પડાવી લીધી હતી અને છેલ્લા બે વર્ષથી તે પોતે જ રિક્ષા ફેરવતો હતો. રિક્ષા લઈ લીધી હોવા છતાં, જયદીપ વ્યાજ સહિત કુલ ૩.૫૦ લાખ રૂપિયાની પઠાણી ઉઘરાણી કરતો હતો. રૂપાબેને જણાવ્યું કે, અમિતભાઈની ગત ૩૦ તારીખે જ એન્જિયોગ્રાફી કરવામાં આવી હતી. અમિતભાઈએ જયદીપને પગે લાગીને વિનંતી કરી હતી કે, અત્યારે ઓપરેશનના કારણે પૈસા નથી, હું પછી આપી દઈશ.'' પરંતુ વ્યાજખોરે એક પણ વાત સાંભળી નહોતી અને કોર્ટમાં આપેલા ૩ કોરા ચેક દ્વારા કેસ કરી વધુ દબાણ બનાવ્યું હતું. રૂપાબેન જ્યારે કામે જતી ત્યારે રસ્તામાં ઊભી રાખીને પણ તે પૈસાની માંગણી કરી હેરાન કરતો હતો. અંતે, સતત મળતી ધમકીઓ અને માનસિક ત્રાસથી અમિતભાઈએ પોતાની પત્નીને ફોન કરી રડતા-રડતા પોતાની વ્યથા જણાવી હતી અને સોરઠીયાવાડી પાસે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

### તું મરી જા એટલે કામ પતે... ચાલ હું મરી જાઉં છું...

## જયદીપ રૂ.૧૨,૨૫૦ વ્યાજ પેટે પડાવતો, પેનલ્ટી ઉઘરાવતો, રીક્ષા પણ લઈ ગયો: સુસાઈડ નોટ લખી જીવન ટૂંકાવ્યું

### ચેક રિટર્ન કેસમાં કોર્ટ મુદતના દિવસે જ યુવાનની અર્થી ઉઠી

મૃતકે આપઘાત પૂર્વે એક સુસાઈડ નોટ લખી હતી. જેમાં તેણે જણાવ્યું હતું કે, હું અમિત અરવિંદભાઈ તન્ના આજે જે પગલું ભરવા જઈ રહ્યો છું તેનો સંપૂર્ણપણે જવાબદાર વ્યક્તિ એટલે જયદીપ દિનેશભાઈ મૈયડ (રહે.૬/૨૧ કેવડાવાડી, રાજકોટ). મૃતકે જણાવ્યું હતું કે મેં જયદીપ હસ્તક રીક્ષા લેવા માટે વર્ષ ૨૦૧૮માં તેના ઓળખીતા પ્રવીણભાઈ(મામા) પાસેથી રૂ. ૧ લાખ રોકડા અને ૫૦૦૦૦ રૂપિયાની એમની મંડળીમાંથી લોન લીધેલ હતી. જેમાં દર મહિને એક કલાકના ૧૧,૦૦૦ નો હપ્તો થઈને મારે જયદીપને ૧.૨૦ લાખ ચૂકવવાના હતા. મંડળી પેટે દર મહિને રૂ.૨૫૦૦ નો હપ્તો ચૂકવવાનું નક્કી થયેલ હતું. જે મેં સમયસર ચાર મહિના સુધી ચૂકવેલ હતું. દરમિયાન વર્ષ ૨૦૧૮ માં ઓક્ટોબર મહિનામાં મારા પિતાને કેન્સરનું નિદાન થયું હતું અને ૨૦૧૯ ના ફેબ્રુઆરી મહિનામાં પિતાનું નિધન થઈ ગયેલ હતું. દવાખાનના ખર્ચને કારણે મેં બજારમાંથી અલગ અલગ લોકો પાસેથી આશરે રૂ. ૪૫૦૦૦ ઉછીના લીધા હતા. જે રૂપિયા ચૂકવતા વર્ષ ૨૦૨૦ માં લોકડાઉન થઈ ગયેલ હતું. જેથી પૈસા ચૂકવી શકું તેવી મારી પરિસ્થિતિ ન હતી. જેના લીધે મારે જયદીપ સાથે મન દુઃખ થઈ ગયેલ હતું. દરમિયાન જયદીપએ તેના મામાને પૈસા ચૂકવી આપેલ છે તેમ જણાવી હવે પૈસાનો તમામ વહીવટ મારી સાથે કરવાનો રહેશે કહી ૧૦% વ્યાજ વસૂલવાનું શરૂ કર્યું હતું. તે રૂ. ૧૨૨૫૦ વ્યાજ પેટે પડાવતો હતો અને તેમાં મોડું થાય તો અલગથી રૂપિયા ૧૨૨૫ પેનલ્ટી સ્વરૂપે ઉઘરાવતો હતો. બાદમાં હું જ્યારે વ્યાજ ચૂકવવામાં અસફળ રહ્યો ત્યારે તેણે મારી રીક્ષા પડાવી લીધી હતી. વર્ષ ૨૦૨૦ માં તેણે મારો રૂ.૨.૦૭ લાખની રકમ ભરી અને મંડળીમાં આપેલ ચેકમાં રૂ.૭૦,૦૦૦ ની રકમ ભરી બેંકમાં વટાવી દીધો હતો બાદમાં તેણે બંને ચેક રિટર્ન કરાવી મારા વિરુદ્ધ કોર્ટમાં કેસ પણ દાખલ કરી દીધેલ હતો. બાદમાં છેલ્લે લીમડા ચોકમાં આવેલ ટી પોસ્ટ ખાતે સમાધાન માટે મળેલ હતા. ત્યારે તેણે મને કહ્યું કે, 'તું દવા પી જા એટલે કામ પતે અને તું દવા પી જઈશ એટલે જજ સાહેબ જ મને જામીન આપી દેશે'. વધુમાં મૃતકે સુસાઈડ નોટમાં ઉલ્લેખ કર્યો હતો કે, તા.૭-૨-૨૬ ના રોજ મારે કોર્ટની તારીખ છે મેં તેને તા.૫-૨-૨૬ ના બપોરના સમયે ફોન કર્યો હતો કે, તે ૩૦,૦૦૦ ની માંગણી કરી હતી હાલ મારી પાસે ૧૫૦૦૦ની સગવડતા છે ત્યારે તેણે કહેલ કે પૈસા તો પૂરા જોશે.

વધુમાં મૃતકે જણાવ્યું હતું કે,ખરેખર મરતો માણસ ખોટું ના બોલે. મેં આના અને એના મામાના પૂરેપૂરા પૈસા ચૂકવી આપેલ છે અને આને મારી પાસે કેટલું વ્યાજ લીધું એ તો હવે મને પણ યાદ નથી એટલે આજે દવા પીને મારા જીવનનો અંત આણવા મને મજબૂર કરનાર એક જ વ્યક્તિ છે જયદીપ.

## વ્યાજખોરોએ મારી જમીન પડાવી, ગોડાઉન છીનવી લીધું, ચેક લઈ લીધા, પાંચ ટકા વ્યાજ વસુલ્યું: કેટરિંગના ધંધાર્થીના અંતિમ શબ્દો

### બેટા મને માફ કરજે... ઝેરી દવા ગટગટાવી પુત્રને ફોન કરી પિતાએ માફી માંગી



બનાવ અંગે લોધીકા તાલુકાના પાંભર ઈટાળા ગામે રહેતા ૬૯ વર્ષીય વૃદ્ધ લક્ષ્મણભાઈ પાંચાભાઈ પાંભરે મેટોડા જીઆઈડીસી પોલિસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે રાજકોટના ભરતસિંહ સોલંકી, મોટાવડાના મયુરસિંહ પરાક્રમસિંહ જાડેજા, મુંજકાના વિનુ મેત્રા, નાના ઈટાળાના પ્રવિણસિંહ(હાલ મૃત)નું નામ આપતાં જણાવ્યું હતું કે, મારે સંતાનમાં બે દિકરા તથા બે દિકરીઓ છે. જેમા સૌથી મોટી દિકરી પુજાબેન જે રાજકોટ ખાતે સાસરે છે. તેનાથી નાનો દિકરો બીપીનભાઈ જે મરણ ગયેલ છે, જે કેટરીંગનું કામ કરતો હતો. મારા દિકરા બીપીનભાઈના પત્નિનું નામ કંચનબેન છે. જે આશરે દોઢેક વર્ષ પહેલા કેન્સરની બીમારીથી મરણ ગયેલ છે. તેને સંતાનમાં એક દીકરો ધ્રુવીન (ઉવ.૨૫) નો છે, જે પ્રાઈવેટ નોકરી કરે છે, જે તેની પત્નિ સાથે રાજકોટ ખાતે રહે છે. તેનાથી નાની દિકરી પારૂલબેન જે રાતૈયા ગામે સાસરે છે અને સૌથી નાનો દિકરો મહેશભાઈ જે જેટકો રાજકોટ ખાતે ડેપ્યુટી એન્જીનીયર તરીકે નોકરી કરે છે. મારા પત્નિનું નામ પુરીબેન છે. જે મારી સાથે રહે છે.

વૃદ્ધ પિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ સવારના સાડા અગીયારેક વાગ્યે હું મારી પાંભર ઈટાળા રોડ પર લેકવ્યુ રિસોર્ટની બાજુમાં આવેલ વાડીએ હતો. ત્યારે મને મારા પૌત્ર ધ્રુવીનનો ફોન આવેલ કે, પપ્પાનો મારામાં ફોન આવેલ છે અને મને કહેતા હતા કે મને માફ કરી દેજો, હું દવા પી જાવ છુ. જેથી મેં તરત જ મારા દિકરા બીપીનને ફોન લગાવતા તેણે મારો ફોન ઉપાડેલ નહી. જેથી મે અમારી કેરી ગાડીનું ડ્રાઈવીંગ કરતા વિક્રમને સાથે લઈ રાજકોટ તરફ આવવા નિકળેલ હતા પરંતુ મારો દિકરો કેવલમ રોડ ઉપર આવેલ ધારૂવાળી ખોડીયાર માતાજીના મંદીરે વધુ આસ્થા ધરવતો હોય જેથી તે ત્યાં હોઈ શકે તેવુ વીચારી અમે ખોડીયાર માતાજીના મંદીરે જતા હતા. દરમિયાન મારા દિકરાનું કેટરીંગનું કામ કરતા બીટુટુ નામનો છોકરો મને મારા દીકરાની વેન્યુ ગાડી લઈને સામે મળેલ હતો. વેન્યુ ગાડીમાં મારો દિકરો બીપીન પાછળની શીટમાં સુતેલ હતો. અમે કેરી ગાડી ત્યાં રોડ ઉપર રાખી વેન્યુ ગાડીમાં બેસી ગયેલ અને જોયેલ તો મારો દિકરો બીપીન અર્ધબેભાન હાલતમાં હતો અને મારી હોજરી ફાટે છે મને પાણી આપો તેમ કહેતો હતો. જેથી મે બીપીનને પુંછેલ કે, તે શું કામ આવું પગલું ભરેલ છે. તો મારા દિકરા બીપીને પોતાના શર્ટના ખીસ્સામાંથી એક ચિઠ્ઠી કાઢીને મને આપેલ હતી. જે મે વાંચતા તેમા લખેલ હતુ કે, 'વ્યાજવાળાના ત્રાસથી મારે દવા પીવી પડશે, એને મારા છોકરાના ચેક લીધેલ છે, ૫ ટકા વ્યાજે પૈસા આપેલ છે, ભરતસીંહ સોલંકી હરામી માણસ છે, મયુરસિંહ પરાક્રમસિંહ જાડેજાએ મને બોવ ત્રાસ આપીયો છે, મારા છોકરાનુ ધ્યાન રાખજો, મારી જમીન વ્યાજમા વીનુ મેત્રાએ લઈ લીધી, મારૂ ગોડાઉન પ્રવીણસીહે લઈ લીધુ' તેમ લખેલ હતુ. તેની પાછળના ભાગે તા.૦૪/૦૨/૨૦૨૬ ના રોજનું નીરમણભાઈ છૈયાના પ્રસંગના ઓર્ડરનું લીસ્ટ લખેલ હતુ. દરમિયાન મારા પુત્ર બિપીને વાત કરવાનું બંધ કરી દીધું હતું.

જે બાદ મેં તરત જ પૌત્ર ધ્રુવિનને ફોન કરી બિપીનને વોકહાર્ટ હોસ્પિટલ ખાતે લઈ જવા અંગે વાતચીત કરી તાત્કાલિક વેન્યુ કારમાં અમે વોકહાર્ટ હોસ્પિટલ જવા માટે નીકળ્યા હતા. જયા ઈમરજન્સી વિભાગમાં સારવાર ચાલુ કરેલ હતી. થોડીવાર બાદ ફરજપરના તબીબે બિપીનને મૃત જાહેર કરી દીધો હતો. જે બાદ પુત્રની અંતિમ વિધિ પૂર્ણ કરી વૃદ્ધ પિતાએ મેટોડા જીઆઈડીસી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવતા ચારેય વ્યાજખોરોનું નામ આપી જણાવ્યું હતું કે, બિપીનએ વ્યાજે પૈસા લીધેલ હોય, જે પૈસાની આરોપીઓ પઠાણી ઉઘરાણી કરી હેરાન કરી માનસિક ત્રાસ આપતા હોય પરિણામે કંટાળીનવા મારા પુત્ર બિપીને મોટાવડા રોડ ઉપર આવેલ ધારૂવાળી ખોડીયાર માતાના મંદીરની બાજુમાં જઈ તેની વેન્યુ ગાડીમાં ઝેરી દવા પી આપઘાત કરી લીધી હતો. જેથી મેટોડા જીઆઈડીસી પોલિસે બીએનએસની કલમ ૧૦૮,૫૪ તેમજ મની લેન્ડ એક્ટ હેઠળ ગુનો નોંધી વ્યાજખોર ભરતસિંહ બનેસિંગ સોલંકી(ઉવ ૫૯ ધંધો ટ્રાન્સપોર્ટ, રહે. શકિત મારુતિપાર્ક શેરી નં.-૪, સત્યસાંઈ હોસ્પિટલ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી હતી જયારે અન્ય બે વ્યાજખોરોની શોધખોળ શરૂ કરવામાં આવી હતી.

### તે શું કામ આવું પગલું ભર્યું? પિતાના સવાલ સામે પુત્રએ સુસાઈડ નોટ આપી દમ તોડી દીધો

## શું ચેક આપવાવાળો માણસ જ હંમેશા ખોટો હોય? તંત્રને મૃતકનો અંતિમ સવાલ

મૃતકે કહ્યું હતું કે, મારે કોર્ટ, કાયદા, પ્રશાસન અને પોલીસને એક સવાલ પૂછવો છે કે, શું ચેક આપવાવાળો માણસ હંમેશા ખોટો જ હોય, એને ઈમાનદારીથી પૈસા જમા ન કરાવ્યા હોય અને ચેક લખીને નાખી દેવાવાળો જ સાચો હોય? બને તો આ વાત વિશે વિચારજો અને જો હું મરી જાવ તો મને ન્યાય અપાવજો બસ એ જ અને આ આખી વાત મારા બાપાસીતારામને સાક્ષી રાખીને કહું છું આમાં એક પણ શબ્દ ખોટો નથી.

# મેટોડાથી ૧૭૯૩ બોટલ શરાબ ભરેલી બોલેરો ઝડપાઈ: રૂ.૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબ્જે

### પશુ દવાની આડમાં દારૂની હેરાફેરી કરતો ચોટીલાના કાળાસર ગામના શખસની ધરપકડ: વેરાવળમાં માલ મંગાવનાર બુટલેગરની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય એલસીબીની ટીમે મેટોડા જીઆઈડીસી ગેઈટ નં.૩ પાસે ફોર્ચ્યુન સ્કેવર કોમ્પલેક્ષ નજીક દારૂ ભરેલી બોલેરો ઝડપી લીધી હતી. બોલેરોમાં પશુ દવાની આડમાં ૧૭૯૩ બોટલ દારૂ અને છ બીયરના ટીન સહિતનો જથ્થો છુપાવ્યો હતો. પોલીસે બોલેરો ચાલકની ધરપકડ કરી રૂ.૫ લાખની કિંમતનો દારૂ અને બોલેરો સહિત કુલ રૂ.૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. વેરાવળમાં દારૂ મગાવનાર શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

દારૂના આ દરોડાની જાણવા મળતી વિગતો મુજબજ રાજકોટ ગ્રામ્ય એલ.સી.બી પીઆઈ વી.વી.ઓડેદરાની માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ એચ.સી ગોહિલ અને આર.વી ભીમાણીની રાહબરીમાં એએસઆઈ બ્રીજરાજસિંહ જાડેજા, રવિદેવભાઈ બારડ, રોહિતભાઈ બકોત્રા, હેડ કોન્સ્ટેબલ છત્રપાલસિંહ જાડેજા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, મેટોડા જીઆઈડીસી ગેટ નંબર ૩ માં ફોર્ચ્યુન સ્કેવર કોમ્પલેક્ષ પાસે રોડ પર એક બોલેરો મેક્સ વાહનમાં પશુ દવાની ડોલની આડમાં વિદેશી દારૂના જથ્થાની હેરફેર થઈ રહી છે. આ બાતમીના આધારે પોલીસની ટીમ અહીં પહોંચી તપાસ કરતા અહીં ફોર્ચ્યુન સ્કેવર કોમ્પ્લેક્સ પાસે મહિન્દ્રા બોલેરો મેક્સ નંબર જજે ૩ બીઝેડ ૯૬૫૬ મળી આવી હતી. પોલીસે બોલેરોના ચાલકની પુછતાછ કરતાં તેણે પોતાનું નામ વશરામ વિરમભાઈ વકાતર (ઉ.વ. ૩૬ રહે. કાળાસર ગામ તા. ચોટીલા) હોવાનું જણાવ્યું હતું. બોલેરોમાં પોલીસે તપાસ કરતા પાછળ ઠાઠામાં પ્લાસ્ટિકની મોટી ડોલ હતી જેમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બોલેરોમાંથી ૧૭૯૩ બોટલ દારૂ કિંમત રૂપિયા ૫,૦૦,૭૬૦ અને બિયરના છ ટીન કિંમત રૂપિયા ૧૧૭૫ નો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે બોલેરો ચાલકની અટક કરી હતી. પોલીસે બોલેરો ચાલકની સઘન પૂછપરછ કરતા તેણે જણાવ્યું હતું કે, તેને વોટસએપ નંબર ૯૦૮૨૪ ૦૩૭૩૯ થી વોટસએપ કોલ આવ્યો હતો અને દારૂનો જથ્થો ભરી વેરાવળ આવવાનું કહ્યું હતું અને તેણે ઓનલાઈન પેમેન્ટ કર્યું હોવાનું જણાવ્યું હતું. પોલીસે દારૂનો જથ્થો, બોલેરો કાર સહિત કુલ રૂપિયા ૧૦.૦૭ લાખનો મુદ્દામાલ કબજે કરી દારૂનો જથ્થો મંગાવનાર શખસને ઝડપી લેવા તપાસ હાથ ધરી છે.

# પાળ રોડ પર પ્રસંગમાં ગયેલા વેપારીની કારમાંથી રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી

### ઓતમ પાર્ટી પ્લોટ નજીક પાર્ક કરેલી યુનિવર્સીટી રોડના વેપારીની બીએમડબ્લ્યુ કારને નિશાન બનાવતા તસ્કરો : દાગીના અને કપડા ભરેલ ચાર બેગ ડેકીમાંથી ઉઠાવી ગયા

**અબતક, રાજકોટ**

રાજકોટ નજીક આવેલ પાળ રોડ પરના ઓતમ પાર્ટી પ્લોટ પાસે પાર્ક કરેલ બીએમડબલ્યુ કારમાંથી રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી થયાનો બનાવ સામે આવતાં પોલીસમાં દોડધામ મચી હતી. યુની. રોડ પર રહેતાં વેપારી સગાઈ પ્રસંગમાં પરીવાર સાથે ગયાં ત્યારે રોકડ, દાગીના અને કપડા ભરેલ ચાર બેગ કારની ડેકીમાં રાખી હતી. તસ્કરોએ કારની પાછળનો કાચ તોડી ચોરીને અંજામ આપ્યો હતો. બનાવ અંગે લોધીકા પોલીસ અને એલસીબીની ટીમે તપાસ આદરી હતી.

બનાવ અંગે રાજકોટમાં યુની. રોડ પર બી.ટી.સવાણી કિડની હોસ્પિટલ સામે રહેતાં જયેન્દ્રભાઈ રામજીભાઈ આદરોજા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ પત્નિ નિર્મીતા, મોટા ભાઈ રવિભાઈ, ભાભી સોનલબેન, બા શાંતાબેન, બાપુજી રામજીભાઈ અને બાળકો સાથે અલગ અલગ બે ગાડીઓ લઈને ઘરેથી નીકળેલ હતા. જેમાં એક તેઓની બીએમડબલ્યુ કાર નં. જીજે. ૦૩ એમબી.૦૫૯૬ માં તેઓ અને તેમના પત્નિ, મોટા ભાઈ અને ભાભી મવડી પાળ રોડ ઉપર આવેલ ઓતમ પાર્ટી પ્લોટમાં કાકાની દીકરીની સગાઈના પ્રસંગમાં ગઈ તા.૦૫ ના આશરે સાંજના સાડા પાંચેક વાગ્યે આવેલ હતા. તેઓની ગાડીમાં આખા પરિવારના કપડા, સોનાના દાગીના તથા રોકડ રૂપિયા અલગ અલગ બે હેન્ડબેગ તથા બે ટ્રોલી બેગમાં રાખી ગાડીમાં રાખેલ હતા. સગાઈનો પ્રસંગ પુરો કરી મોરબી એક લગ્ન પ્રસંગમાં જવાનું હતું જેથી આ સામાન ગાડીમાંથી ઉતારેલ નહી ગાડીમાં રહેવા દીધેલ હતો ગાડી બહાર રોડ સાઈડમાં સેન્ડ બેરી ફાર્મના બોર્ડ પાસે રાખેલ હતી. આઠેક વાગ્યાના સમયે તેઓ ગાડીમાંથી એક બેગ લેવા માટે આવી જોયુ તો કારની પાછળનો કાચ તુટેલ અને તેમાં અંદર રાખેલ બે મોટી ટ્રોલી બેગ જેમાં આખા ઘરના કપડા તથા બે હેન્ડ બેગ જેમાં માતા પિતાના કપડા, રોકડા રૂ.૫૦ હજાર તથા સોનાના દાગીના જેમાં પેન્ડલ સેટ નંગ- ૪, સોનાનો પેન્ડલ સાથેનો ચેઈન -૨, સોનાના બ્રેસલેટ નંગ- ૩, સોનાની વીંટી અલગ અલગ માપની નાની મોટી આશરે ૧૮ નંગ, સોનાની ઘડીયાળ વગેરે દાગીના હતા. તે બેગ સાથે કોઈ અજાણ્યા ચોર ચોરી કરી લઈ ગયેલનું જોવા મળ્યું હતું. જેથી સોનાના દાગીના રૂ.૮ લાખ અને બેગમાં રોકડા રૂ. ૫૦ હજાર મળી કુલ રૂ.૮.૫૦ લાખની મતાની ચોરી થતાં પોલીસ ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી લોધીકા પોલીસે ગુનો નોંધી તપાસનો ધમધમાટ આદર્યો હતો. જે તપાસમાં રૂરલ એલસીબીની ટીમ પણ જોડાઈ હતી અને તસ્કરો સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

# રાજકોટમાં ૩ વર્ષની બાળકીના રેપ વિથ મર્ડરના કેસમાં ફાંસીનો હુકમ હાઈકોર્ટ દ્વારા રદ

### થોરાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૨૦૧૮ના અતિ ચકચારી બનાવ સંદર્ભે ૨૦૨૦ના સ્પે. પોક્સો કોર્ટના મૃત્યુ દંડના ચુકાદા સામે અપીલમાં રમેશ વેદુકિયા નિર્દોષ છોડી મુક્તિ ડિવિઝન બેંચનો ઐતિહાસિક અને કાયદેસર નિર્ણય

### ઘટના સ્થળ પરથી મળી આવેલા શર્ટ અને સીસીટીવી ફુટેજમા શંકાસ્પદ શખ્સ ગંજેરી અને રીક્ષા ચાલક હોવાની તપાસમાં સોખડા ગામ પાસે ૭ ફેબ્રુઆરીએ વૃદ્ધાની હત્યાના ગુનામાં પોલીસ કસ્ટડીમાં રહેલા શખ્સ ક્રાઈમ બ્રાંચના સ્ટાફે ચાલવાની ઢબ પરથી પુષ્ટિ કરી તી

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં ૮ વર્ષ પૂર્વે શર્મનાક ઘટના બની હતી. માસુમ બાળકી હજુ જીંદગીમાં પાપા પગલી કરી રહી હતી. ત્યારે ચુનારાવાડ વિસ્તારમાંથી ત્રણ વર્ષની બાળકીનું અપહરણ કર્યા બાદ, તેના પર દુષ્કર્મ આચરી, બોથડ પદાર્થના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધાની ચકચારી ઘટનામા રાજકોટની અદાલતે વર્ષ ૨૦૨૦ માં હવાસખોર નરાધમને ફાંસીની સજાનો હુકમ કર્યો હતો. બાદ આરોપીએ હાઈકોર્ટમાં પડકારતા હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ ફાંસીનો હુકમ રદ કરી આરોપીને નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે.રાજકોટ શહેરના ભાવનગર રોડ પર આવેલા ચુનારાવાડ ચોક નજીક દિનેશ ભાંભોર નામનો શ્રમિક પોતાની પત્ની સાથે તારીખ ૯/ ૨//૧૮ ને શુક્રવારે બપોરે મજૂરી કરી રહ્યા હતા ત્યારે તેની ત્રણ વર્ષની પુત્ર દિવ્યા રમતી હતી. નજર ચૂકવીને કોઈ અજાણ્યો શખ્સ તેનું અપહરણ કરી ગયો હોવાની તેમને શંકાને આધારે થોરાળા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાય હતી. ત્રણ વર્ષની બાળકી ગુમ થઈ હોવાની પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજ આધારે તપાસ શરૂ કરી હતી. ભાવનગર રોડ પર આવેલા અમુલ સર્કલ નજીકનાં જૂના પીટીસી ગ્રાઉન્ડમાંથી બાળકીની હત્યા કરાયેલી લાશ મળી આવી હતી. બાળકની લાશ જોતા તેની સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હોય તેવી શંકા ઉપજી રહી છે. ડીએનએ સેમ્પલ એફએસએલમાં મોકલવામાં આવ્યા છે. પોલીસે ૮ જેટલી ટીમો બનાવી તપાસ આદરી હતી.પોલીસને ઘટના સ્થળ પરથી શર્ટ મળી આવ્યો છે. જે શર્ટ આધારે પોલીસે સીસીટીવી ફુટેજ તપાસતા શંકાસ્પદ શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે. પોલીસની પ્રાથમીક તપાસમાં આ શખ્સ ગંજેરી હોવાનું અને રીક્ષા ચાલક હોવાનું સામે આવ્યું છે જેને લઈ પોલીસે આ શખ્સ કોણ છે તે દીશામાં તપાસ શરૂ કરી છે. રમેશ વેદુકિયાએ સોખડા ગામ પાસે ૭ ફેબ્રુઆરીએ એક ૭૫ વર્ષીય વૃદ્ધાની હત્યા કરી હતી. આ ગુનામાં તે પોલીસ કસ્ટડીમાં હતો. બળાત્કારના કેસમાં દૂરના અંતરનું એક સીસીટીવી ફૂટેજ પોલીસનો એકમાત્ર પુરાવો હતો. જો કે, ક્રાઈમ બ્રાંચના કર્મીઓએ તેની ચાલવાની ઢબ પરથી પુષ્ટિ કરી કે આ ઘૃણાસ્પદ ગુનામાં વેદુકિયાની સંડોવણી છે.આકરી પૂછપરછ કરતાં રમેશ વેદુકિયાએ બળાત્કાર અને હત્યાની કબૂલાત કરી હતી.થોરાળા પોલીસે તેની ધરપકડ કરી હતી. રેપ વિથ મર્ડર ની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ પૂર્ણ થતા તપાસની દ્વારા અદાલતમાં ચાર સીટ રજૂ કરવામાં આવ્યો હતો બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં જિલ્લાના સરકારી વકીલ એસ. કે. વોરાએ જણાવ્યું, કોર્ટે ડીએનએ રિપોર્ટ અને બાળકીની મેડિકલ તપાસને ગુનાના મજબૂત પુરાવા તરીકે માન્ય રાખ્યા હતા.સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ ડી. ડી. ઠક્કરે આરોપી રમેશ વેદુકિયાને ફાંસીની સજા સંભળાવી છે. સાથે જ આ પાશવી કૃત્યને 'રેરેસ્ટ ઓફ રેર' ગણાવ્યું છે. આરોપીએ વકીલ ઉર્વશી મહેતા, અશ્વિની કે. મહેતા, દ્વારા મૃત્યુ દંડના ચુકાદા સામે ગુજરાત હાઈકોર્ટમાં અપીલ દાખલ કરેલ, જે અપીલની સુનવણી થતાં આરોપીના વકીલોની ધારદાર દલીલો અને રજુ રાખેલ વડી અદાલતના ચૂકાદાઓ અને ફરિયાદપક્ષે રહેલા અધિકારીઓએ ડીએનએ સહિતના વૈજ્ઞાનિક પુરાવા સંદર્ભે એક્સપર્ટસને કોર્ટમાં તપાસવામાં આવ્યા નથી સહિતની જે ભૂલો કરેલ તેના તરફ હાઈકોર્ટનું ધ્યાન દોરેલ અને હકીકતો હાઈકોર્ટ સમક્ષ લાવવામાં આવેલ અને ફાંસીની સજા થઈ શકે તેવા કોઈ પુરાવાઓ રેકર્ડ ઉપર નહિ હોવા અંગેની દલીલો કરેલ, જે દલીલો ગ્રાહ્ય રાખવામાં આવેલ અને આરોપીની ફાંસીની સજા રદ કરી આરોપીને નિર્દોષ છોડી મૂકતો ચુકાદો તા.૬- ૨- ૨૦૨૬ના રોજ જસ્ટિસ ઈલેશ વોરા તથા જસ્ટિસ આર. ટી. વાછાણીની કોર્ટે ફરમાવ્યો છે. જેમાં આરોપી સામે અન્ય કેસ પેન્ડિંગ ન હોય તો તાત્કાલિક છોડી મૂકવા જણાવ્યું છે.

# મોરબીના ખાખરેચી દરવાજા પાસે રૂ.૨.૫ કરોડના ખર્ચે અદ્યતન ગ્લો ગાર્ડનનું થશે નિર્માણ

## મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખાએ ગ્લો ગાર્ડનની ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મલરબસના અદ્યતન ગ્લો ગાર્ડનનું નિમાણ થશે મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખા દ્વારા ખાખરેચી દરવાજા પાસે ગ્લો ગાર્ડન બનાવવા માટેની ટેન્ડર પ્રક્રિયા મનપાની ઈલેક્ટ્રીક શાખાએ પૂર્ણ કરી છે, આગામી સમયમાં રૂ.૨.૫ કરોડના ખર્ચે ગ્લો ગાર્ડનની ભેટ મોરબી મહાનગરપાલિકા દ્વારા નગરજનોને આપવામાં આવશે, અધ્યતન ગ્લો ગાર્ડનમાં વિવિધ પ્રકારની લાઈટિંગની ગોઠવણ કરવામાં આવનાર છે, ગ્લો ગાર્ડનમાં જુદા જુદા શેડમાં લાઈટિંગ ડેકોરેશન નગરજનોને જોવા મળશે જેમાં આધુનિક ટેકનોલોજીનો પણ ભરપૂર ઉપયોગ કરવામાં આવશે, ગ્લો ગાર્ડન થકી મોરબી શહેરમાં ખાખરેચી દરવાજા વિસ્તારમાં અત્યાધુનિક ફરવા લાયક નવું નજરાણું શહેરીજનોને મળી રહેશે, તેની ટેન્ડર પ્રક્રિયા સહિતની પ્રાથમિક તબક્કાની કામગીરી હાલ



ઈલેક્ટ્રીક શાખા એ પૂર્ણ કરી છે, આગામી સમયમાં લાઈટિંગ ડેકોરેશન, વાયરીંગ, જુદા જુદા પ્રકારના શેડ સહિતની કામગીરી શરૂ કરવામાં આવનાર છે , ઈલેક્ટ્રીક શાખાની આ કામગીરી પૂર્ણ થયે મોરબીના નગરજનોને ફોટોશૂટ, સેલ્ફી પોઈન્ટ મળી રહે તે માટે એક અધ્યતન સુવિધા યુક્ત ગ્લો ગાર્ડનની કામગીરીની શરૂઆત આગામી સમયમાં કરવામાં આવશે, આ કામગીરી માટે હાલ ઈલેક્ટ્રિક શાખા દ્વારા રોડમેપ તૈયાર કરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી આગામી સમયમાં ગ્લો ગાર્ડનની કામગીરી શરૂ કરવામાં આવનાર છે.

મોરબી મહાનગરપાલિકાની ઈલેક્ટ્રીક શાખા દ્વારા નિયમિત કરવામાં આવતી સ્ટ્રીટ લાઈટની કામગીરી વિવિધ વિસ્તારોમાં જરૂરિયાતને ધ્યાને લઈ હાથ ધરવામાં આવે છે, જેમાં તાજેતરમાં સનાળા રોડ પર સ્ટ્રીટ લાઈટના વીજપોલ પડી ગયા હતા, તે તમામ જગ્યા પર નવા વીજપોલ ઉભા કરી નવી સ્ટ્રીટ લાઈટની કામગીરી કરી હતી, , નંદી ઘરથી વાવડી ગામ સુધીના વિસ્તારમાં તમામ જગ્યા પર ઈલેક્ટ્રીક શાખા દ્વારા નવા વીજપોલ ઉભા કરી સ્ટ્રીટ લાઈટ નાખવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે, આગામી સમયમાં આ કામગીરી પૂર્ણ થયે આ વિસ્તારના રહેવાસીઓની સુખાકારીમાં વધારો થશે,

# ટંકારા ગામે થયેલી સીમ ચોરીનો ભેલ ઉકેલાયો

## પરપ્રાંતિય બેલડીની ધરપકડ: કેબલ, બાઈક અને મોબાઈલ મળી રૂ. ૫૨૫૦૦ નો મુદામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

ટંકારાના ગજડી ગામે અલગ અલગ વાડીઓમાં કોપર વાયર ચોરીને અંજામ આપનાર બે ઈસમોને કોપર વાયર, મોટર સાયકલ તથા મોબાઈલ સહિત કુ.રૂ.૫૨ હજારના મુદ્દામાલ સાથે ઝડપી લઈ બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે આગળની તપાસ શરૂ કરી છે.



ટંકારા તાલુકાના ગજડી ગામે અલગ અલગ વાડી વિસ્તારમાંથી કોપર વાયરની ચોરી થયેલ હોવાની નોંધાયેલ ફરિયાદને આધારે ટંકારા પોલીસ મથક પીઆઈ કે.એમ.છાસીયાની સુચના તેમજ માર્ગદર્શન મુજબ ટંકારા પોલીસ ટીમ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન બે ઈસમો મોટર સાયકલમાં પ્લાસ્ટીકનુ બાચકુ લઈ નીકળતા જે શંકાસ્પદ જણાઈ આવતા મજકુર બન્ને ઈસમોને રોકી મોટર સાયકલમાં રાખેલ પ્લાસ્ટીકના બાચકામાં તપાસ કરતા કોપર વાયરના ગુંચરા ભરેલ હોય જે કોપર વાયરના આધાર પુરાવા બીલ માંગતા ગલ્લા તલ્લા કરી કોઈ સંતોષકારક જવાબ આપતા ન હોય જેથી બન્ને ઈસમોની યુકિત-પ્રયુકિતની સઘન પુછપરછ કરતા ગજડી ગામે અલગ અલગ વાડી વિસ્તારમાંથી કેબલ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા હોય

જેથી જરૂરી પુરાવાઓ એકત્રીત કરી આરોપી પારસીંગ મંગુભાઈ ડામોર (એમ.પી) તથા આરોપી અનીલભાઈ ગુમાનભાઈ પસાયા (એમ.પી) વાળાની અટક કરવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી પાસેથી ૨૫ કિલો કોપર વાયર કિ.રૂ.૧૨,૫૦૦/-, હીરો સ્પ્લેન્ડર પ્લસ રજી.નં. એમપી-૪૫-એમયુ-૭૯૨૧ કિ.રૂ.૨૫ હજાર તથા ત્રણ નંગ મોબાઈલ કિ.રૂ.૧૫ હજાર સહિત રૂ.૫૨,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યો હતો.

# માળીયા (મિ.)ના મોટાભેલા ગામે હડકવા ઉપડતા વૃધ્ધાનું મોત

## હળવદના રણજીતગઢ ગામે કેનાલમાં ડુબી જતા સગીરાનું મોત

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી જીલ્લામાં ૦૬/૦૨ના રોજ અલગ અલગ વિસ્તારોમાં ત્રણ અપમૃત્યુના બનાવ નોંધાતા ચકચાર મચી ગઈ છે.

માળીયા(મી)ના મોટા ભેલા ગામમાં રહેતા જસુબેન રેવાભાઈ પુનાભાઈ ખીંટ ઉવ.૭૦નું મોત નિપજ્યું છે. મળતી માહિતી મુજબ મૃતક જસુબેનને છએક મહિના અગાઉ કોઈ પ્રાણી નોળીયા જેવા પ્રાણી દ્વારા પગમાં દંશ લાગ્યો હતો. છેલ્લા બે-ત્રણ દિવસથી તેમને હડકવાના લક્ષણો દેખાતા મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયા હતા, જ્યાં સારવાર દરમ્યાન ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

હળવદના રણજીતગઢ ગામની સીમમાં નર્મદા કેનાલમાં ડૂબી જતા ૧૬ વર્ષીય રવિનાબેન લિહકાભાઈ ઠોંગીયાભાઈ વસાવે કેનાલના કાંઠે બેસીને મોબાઈલમાં વાત કરી રહી હતી. આ દરમિયાન મોબાઈલ ફોન કેનાલમાં પડી જતા ફોન લેવા જતા લપસી પડતા તેઓ પાણીમાં ડૂબી ગયા હતા, જેના કારણે તેમનું મૃત્યુ થયું હતું.

# માળીયા(મી)ના જુના સુલતાનપુર ગામે જુગાર રમતા ત્રણ પકડાયા, પાંચ ફરાર

**અબતક, ઋષી મહેતા, મોરબી**

માળીયા(મી) જુના સુલતાનપુર ગામે ઓંઢ નામની સીમમાં તળાવના કાંઠે ખુલ્લી જગ્યામાં રેઈડ કરતા, જુગારીઓમાં નાસભાગ મચી ગઈ હતી. જેમાં સીંકંદરભાઈ જાનમામદભાઈ જેડા રહે.માળીયા.મી. વાડા વિસ્તાર, નગીનભાઈ છગનભાઈ કૈલા રહે-ખાખરેચી તા.માળીયા(મી) તથા હકીમભાઈ રસુલભાઈ ભટ્ટી રહે.કાજરડા તા.માળીયા(મી) વાળાને રોકડા રૂ.૧૨,૫૦૦/- સાથે રંગેહાથ ઝડપી લીધા હતા, જ્યારે રેઈડ દરમિયાન આરોપી જીગાભાઈ હરેશભાઈ સનુરા રહે-જુના સુલતાનપુર તા.માળીયા(મી), મીલન અમથુભાઈ કુરીયા રહે-સુલતાનપુર તા.માળીયા(મી), હકાભાઈ ગોરધન સિતાપરા રહે-જુના સુલતાનપુર તા.માળીયા(મી), વિષ્ણુભાઈ જશાભાઈ ગડેશીયા રહે-ચીખલી તા.માળીયા(મી) તથા અજાણ્યો ઈશમ એમ કુલ પાંચ જેટલા જુગારીઓ નાસી ભાગી જતા, પોલીસે તેને ફરાર જાહેર કર્યા છે. હાલ પોલીસે તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી: રસ્તો ક્રોસ કરી રહેલા યુવકનું ટ્રકની ઠોકરે મોત

**અબતક, ઋષીમહેતા, મોરબી**

મોરબી-૦૨ માળીયા ફાટક નજીક ઓવરબ્રિજ પાસે રોડ ઓળંગી રહેલા યુવકને પુરઝડપે આવી રહેલા ટ્રકે અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. ટ્રકનું આગળનું વ્હીલ યુવકના માથા પરથી ફરી વળતાં સ્થળ પર જ કરૂણ મોત નિપજ્યું હતું.મોરબી શહેરમાં માળીયા ફાટક નજીક ઓવરબ્રિજ પાસે જાહેર રસ્તા પર ગત તા.૦૫/૦૨ના રોજ બનેલ અકસ્માતની ઘટનામાં ફરિયાદી અકબરભાઈ હાજીભાઈ મોવર ઉવ.૩૫ રહે.ઈન્દીરાનગર, ખોડીયાર માતાજીના ચોક પાસે મોરબી વાળા દ્વારા નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના ભત્રીજા નિજામભાઈ રસ્તો ક્રોસ કરી રહ્યા હતા તે દરમિયાન ટ્રક રજી.નં. જીજે-૧૦-ઝેડ-૭૪૫૩ના ચાલકે પોતાના હવાલાવાળું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી રોડ ક્રોસ કરી રહેલ નિજામભાઈને અડફેટે લેતા તેઓ નીચે પડી ગયા હતા અને ટ્રકના આગળના ક્લીનર સાઈડનું ટાયર તેમના માથા પરથી ફરી વળ્યું હતું. પરિણામે યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે જ તેનું મોત નિપજ્યું હતું. હાલ બી ડિવિઝન પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# મોરબીમાં અનઅધિકૃત બાંધકામો નિયમિત કરવા નાગરિકોને વધુ એક મહેતલ આપતું મનપા તંત્ર

## મનપા દ્વારા ઈમ્પેકટ ફી માટેની અરજીમાં બાકી રહી ગયેલા નગરજનોને પુન નોટિસ પાઠવાઈ

**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકાએ (ઈમ્પેક્ટ ફી) અંતર્ગત અનધિકૃત બાંધકામ રેગ્યુલરાઈઝ કરવા અરજી કરનાર અને બાકી દસ્તાવેજો ન રજૂ કરનાર અરજદારોને પુનઃ નોટિસ પાઠવી બીજી તક આપી છે. સાથે જ હોટેલ, મલ્ટીપ્લેક્ષ/થિયેટર જેવા સ્થળોના સંચાલકોને વિકાસ પરવાનગી સહિતના જરૂરી દસ્તાવેજો નિર્ધારિત સમયમાં જમા કરવા સૂચના આપી છે, ત્યારે તમામ મામલે આવનારા દિવસોમાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોને જાણ કરવામાં આવે છે કે જેમના દ્વારા (ઈમ્પેક્ટ ફી) અંતર્ગત અનધિકૃત બાંધકામને રેગ્યુલરાઈઝ કરવા અર્થે મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવ્યા પછી જે અરજદારોએ અરજી કરેલ હોય તેમાં ૧૯૭૧ની વિકાસ યોજના (ડીપી)ની હદમાં સમાવિષ્ટ વિસ્તારોની અરજીમાં પૂરતા દસ્તાવેજો રજૂ કરેલ ન હોય તેવા કિસ્સાઓમાં અગાઉ જરૂરી દસ્તાવેજ રજૂ કરવા પત્ર પાઠવેલ, પરતું જે અરજદારોએ જરૂરી પૂરક દસ્તાવેજો રજૂ કરેલ ન હોય તેવા અરજદારોને પુનઃ પત્ર પાઠવી બીજી તક આપવામાં આવેલ છે. સંબંધિત તમામ અરજદારોએ આ પત્રમાં જણાવ્યા અનુસાર મુજબના બાકી રહેલા તમામ જરૂરી દસ્તાવેજો અને પૂરતા કાગળો મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખામાં જમા કરાવી દેવા જેથી ઝડપથી રેગ્યુલરાઈઝ કરવાની કાર્યવાહી પૂર્ણ કરી શકાય.

આ ઉપરાંત, મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ તથા ફાયર શાખા દ્વારા મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં આવતા મકાનો કે જેમાં મોટા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય તેવા તમામ હોટેલ તથા મલ્ટીપ્લેક્ષ/થિયેટરમાં નોટિસ આપવામાં આવેલ તેવા પ્રકારના બાંધકામના સંચાલકોએ જરૂરી વિકાસ પરવાનગી તથા અન્ય જરૂરી મંજૂરીના આધારભૂત દસ્તાવેજો ટાઉન પ્લાનિંગ શાખામાં જમા કરાવવાના રહેશે. જો નિયત સમયમાં સંબધિત વ્યકિતઓ દ્વારા રજૂ કરવામાં નિષ્ફળ રહેશે તો મહાનગરપાલિકા દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમ યાદીમાં જણાવાયું છે.

# વાંકાનેરમાં વાહન ચેકિંગ દરમિયાન પોલીસ ઉપર કાર ચડાવવાનો પ્રયાસ: બે આરોપીની અટક

**અબતક, ઋષી મહેતા, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકિંગ દરમિયાન સ્વિફ્ટ ડિઝાયર કારના ચાલકે બેફિકરાઈથી વાહન ચલાવી પોલીસ કર્મચારીઓને સામાન્ય તથા ગંભીર ઈજાઓ પહોંચાડ્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ મામલે પોલીસે બે આરોપીની ધરપકડ કરી છે જ્યારે એક આરોપી ફરાર છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેરના જીનપરા જકાત નાકા ખાતે ફરિયાદી પીએઆઈ એ.પી. મેવાડા ઉવ.૩૮ સહિત પોલીસ ટીમ સરકારી ફરજ દરમ્યાન વાહન ચેકિંગની કામગીરી કરી રહ્યા હતા, તે દરમિયાન સ્વિફ્ટ ડિઝાયર કાર રજી.નં. જીજે-૧૩-એનએન-૬૯૧૯ના ચાલક આરોપી સુનીલભાઈ ઝવેરભાઈ ઉનેચા રહે. નવા જક્શન સુરેન્દ્રનગર વાળાએ આરોપી નયનભાઈ ગોપાલભાઈ ઝખવાડીયા રહે. ૮૦ ફુટ રોડ શાંન્તીનગર સુરેન્દ્રનગર તથા મયંકભાઈ લાલાભાઈ વાલાણી રહે.નવા જકશન સુરેન્દ્રનગર વાળાના કહેવાથી બેફિકરાઈ અને ગફલતપૂર્વક વાહન ચલાવી પોલીસ કર્મચારીઓ પર કાર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઘટનામાં આરોપી જાણતા હોવા છતાં કે આવી રીતે વાહન ચલાવવાથી પોલીસ કર્મચારીઓનું મૃત્યુ પણ થઈ શકે.

તેમ છતાં બેફિકરાઈથી વાહન ચલાવી સરકારી ફરજમાં રહેલા પોલીસ કર્મચારીઓને સામાન્ય તેમજ ગંભીર ઈજાઓ પહોંચાડેલ હોવાનું ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ વાંકાનેર સીટી પોલીસે આરોપીઓ વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબી મનપા દ્વારા રાણીબાગની કરાશે કાયાપલટ

## આકર્ષક પ્રવેશ દ્વાર, પાર્કિંગ, કેફે, મનોરંજન, એડમીન બ્લોક, ટિકિટ કાઉન્ટર, વેઈટિંગ પેસેજ સહિતની આધુનિક સુવિધા યુક્ત ગાર્ડન થશે તૈયાર

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના ઐતિહાસિક તથા સાંસ્કૃતિક વારસાને જાળવી રાખી આધુનિક સુવિધાઓ સાથે રાણીબાગના સર્વાંગી વિકાસ માટેનું ટેન્ડર હાલ ઓનલાઈન પ્રક્રિયા દ્વારા મોરબી મહાનગરપાલિકાની વેબસાઈટ પર મુકવામાં આવ્યુ છે.

મોરબી મહાનગરપાલિકાની ગાર્ડન શાખા દ્વારા અંદાજિત રૂ.૨.૨૧ કરોડના ખર્ચે સમગ્ર રાણીબાગની કાયાપલટ કરવામાં આવનાર છે, મોરબીના શહેરીજનોને અત્યંત આધુનિક સુવિધા યુક્ત ગાર્ડનની ભેટ આગામી સમયમાં મળનાર છે, રાણીબાગના વિકાસ કાર્ય અંતર્ગત નાગરિક સુવિધાઓ, જાહેર સ્થળો, આધ્યાત્મિક વિસ્તાર, લેન્ડસ્કેપ ડિઝાઈન તથા મુલાકાતીઓ માટે આધુનિક સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. વિકાસ યોજનામાં એડમિન બ્લોક, ટિકિટ કાઉન્ટર, વેઈટિંગ/રિસેપ્શન ઝોન, દુકાન અને કેફે, સિક્યુરિટી પોસ્ટ તેમજ જાહેર શૌચાલય જેવી સુવિધાઓનો સમાવેશ કરાયો છે, જેથી મુલાકાતીઓને સુવિધાજનક ગાર્ડન મળી રહે, તે માટે આ પ્રોજેક્ટ હેઠળ જાહેર સ્થળો અને મનોરંજન માટે પેવ્ડ પાથવે, છત્રીઓ (ગેઝેબો સ્ટ્રક્ચર્સ), પાણીના તત્વો તેમજ બેસવાની વ્યવસ્થા સાથે સુંદર લેન્ડસ્કેપને આધુનિક સગવડતા ભરી સવલતોથી વિકસાવવામાં આવનાર છે. પાર્કિંગ અને પ્રવેશ વ્યવસ્થા અંતર્ગત પૂરતી વાહન પાર્કિંગ, મુલાકાતીઓ માટે મુખ્ય પ્રવેશ-દ્વાર તથા સ્થાનિક લોકો માટે અલગ ગાર્ડન એન્ટ્રીની સુવિધા ઉભી કરવામાં આવનાર છે. લેન્ડસ્કેપ અને પર્યાવરણને અનુરૂપ ડિઝાઈન હેઠળ પ્લાન્ટેશન પટ્ટા, લીનીયર ગાર્ડન કનેક્ટિવિટી અને સક્રિય ઝોન આસપાસ ગ્રીન બફર વિકસાવવામાં આવનાર છે.

# મોરબીમાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિના સમૂહ લગ્નમાં ૨૪ દીકરીઓને માનભેર સાસરે વળાવશે

## કુરિવાજોને તીલાંજલિના સંદેશ સાથેના અવસરે નવદંપતીઓને આશિર્વાદ આપવા સંતો ,મહંતો,મહાનુભાવો ખાસ હાજરી આપશે

**અબ તક ઋષિ મહેતા મોરબી**

સમાજમાં કુરિવાજો ને તીલાંજલી અને નવા વિચારો સાથે સંતાનો ને સમૂહ લગ્ન માં પરણાવવાના સમાજ ઉપયોગી અભિગમ ને સાર્થક કરવા માટે મોરબીમાં વરિયા પ્રજાપતિ જ્ઞાતિના ૩૮ માં સમૂહ લગ્નમાં ૨૪દીકરીઓને માનભેર સાસરે વળાવવામાં આવશે.

૧૦ ફેબ્રુઆરીએ રિવેરા સીરામીક ની બાજુમાં મોરબી (૨) ખાતે યોજાનારા સમૂહ લગ્નમાં દીકરીઓને આશીર્વાદ આપવા માટે સંતો મહંતો અને રાજકીય સામાજિક આગેવાનો ખાસ ઉપસ્થિત રહેશે.

તારીખ ૧૦ ફેબ્રુઆરીએ સવારે ૫/૩૦ વાગે ગણેશ સ્થાપન સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે ૮/૧૫ કલાકે સામૈયા અને જાનનું સ્વાગત ૯/૩૦ વાગે સંતો મહંતો અને મહેમાનો નો અભિવાદન આશીર્વાદ ત સમારોહ ત્યારબાદ૧૦/૩૦વાગે હસ્ત મેળાપ ૧ વાગે દીકરીઓને કરિયાવર ભેટ આપી વિદાય આપવામાં આવશે આ કાર્યક્રમમાં દીકરીઓને આશીર્વાદ આપવા માટે મેહુલ દાસ બાપુ ,યોગી શ્રી જ્યોતિનાથજી બાપુ અને કાર્યક્રમના અધ્યક્ષ નાથાભાઈ સવાડીયા અને માવજીભાઈ વારેવાડીયા ખાસ હાજરી આપશે દીકરીઓને ઘરવખરીની તમામ નાની મોટી વસ્તુઓ સહિત ૧૨૦થી વધુ ચીજ વસ્તુઓનું કરિયાવર આપવામાં આવશે લગ્નની સાથે સાથે જ્ઞાતિમાં શિક્ષણ અને વાંચનનો વ્યાપ વધે તે માટે આ વખતે સમૂહ લગ્નમાં ખાસ પુસ્તક પ્રદર્શન નું આયોજન કરવામાં આવ્યું છે ,

વરિયા પ્રજાપતિ સમૂહ લગ્ન સમિતિ મોરબીના પ્રમુખ ગોકળભાઈ ભો રણીયા ઉપ પ્રમુખ પ્રવીણભાઈ વારનેશિયા અને સમગ્ર સમિતિ ના કાર્યકરો આ કાર્યક્રમને સફળ બનાવવા રાતદિવસ મહેનત કરી રહ્યા છે

# 'મારી પત્નીને ભગાડી જવાની તારી હિંમત કેમ ચાલી' કહી યુવાન પર પાઈપ વડે હુમલો

## જેતપુરના જૂનાગઢ રોડ પરનો બનાવ: થાણાગાલોલના ચાર શખ્સોએ યુવાનને માથાના ભાગે પાઈપના ઘા ઝીંક્યા : લોહીલુહાણ હાલતમાં જૂનાગઢ સારવાર અર્થે ખસેડાયો, ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

જેતપુરના જૂનાગઢ રોડ ખાતે યુવક પર પાઈપ વડે હુમલો કરાયો હતો. તું કેમ મારી પત્નીને ભગાડી ગયેલ, તારી કેમ હીંમત ચાલી કહીં યુવાનના માથામાં પાઈપના ઘા ઝીંકી દેતાં યુવાનને લોહીલુહાણ હાલતમાં જૂનાગઢ સારવારમાં ખસેડાયો હતો. બનાવ અંગે થાણાગાલોલના ચાર શખ્સો સામે ગુનો નોંધાયો હતો.

બનાવ અંગે જેતપુરમાં જૂનાગઢ રોડ પર શ્રીજી પાર્ક શેરીમાં રહેતાં રવિભાઈ અશોકભાઈ રાઠોડ (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે

ગોપાલ બાબુ મકવાણા (રહે. થાણાગાલોલ, જેતપુર), પ્રફુલ ઉર્ફે ફુલો વલ્લભ મકવાણા, હીરેન મધુ સતરોટીયા અને જયદીપ ઉર્ફે જલો સુરેશ ડાબસરા (રહે. થાણાગાલોલ, જેતપુર) નું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ મહિલા મિત્ર મનીષા સાથે એક મહિનાથી રહી છુટક મજુરી કામ કરે છે.

ગઈકાલે સાંજના આશરે છએક વાગ્યે તેઓ કારખાનેથી મજુરી કામ કરી ઘરે આવેલ બાદ સાતેક વાગ્યે ઘરની પાસે આવેલ કરિયાણાની દુકાને ખાંડ લેવા માટે ગયેલ અને ત્યાંથી ચાલીને પરત ઘર બાજુ આવતો હતો ત્યારે ઘરથી થોડી દૂર સામેથી ગામનો ગોપાલ મકવાણા, પ્રફુલ ઉર્ફે ફૂલો વલ્લભ મકવાણા અને હિરેન સતરોટીયા, જયદીપ ડાબસરા ચાલીને આવતા હતા. ફરીયાદી પાસે આવેલ અને ગોપાલ કહેવા લાગેલ કે, તું કેમ મારી પત્નીને ભગાડી ગયેલ અને તેની સાથે મૈત્રી કરાર કરેલ આવી તારી કેમ હીંમત ચાલી તેમ કહી ઝઘડો કરવા લાગેલ હતાં.

જેથી ફરીયાદીએ કહેલ કે, તમારી પત્ની મને પ્રેમ કરતી હતી જેથી તે તેની રાજી ખુશીથી મારી સાથે આવેલ છે તેમ કહેતા આરોપી ઉશ્કેરાય ગયેલ અને ત્યાં ગલીમાં પડેલ લોખંડના પાઈપ લઈ એક ઘા માથાના પાછળના ભાગે મારેલ જેથી લોહી નીકળવા લાગતાં તે નીચે પડી ગયેલ અને જોર જોરથી રાડો પાડવા લાગેતા મહિલા મિત્ર ઘરની બહાર આવેલા અને વચ્ચે પડેલ જેથી આ ચારેય આરોપી ઢીકા પાટુનો મારમારી નાસી છૂટ્યા હતાં. જે બાદ તેઓને ઈજાગ્રસ્ત હાલતમાં પ્રથમ જેતપુર સીવીલ હોસ્પિટલ બાદ વધું સારવાર અર્થે જૂનાગઢ ખસેડાયો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# ગાંધીધામ: ભારતનગર વિસ્તારમાં ફટાકડા ફોડી ગંદકી કરવા બદલ લગ્ન આયોજકોને દંડ

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા શહેરની સ્વચ્છતા અને જાહેર શિસ્ત જાળવવા માટે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે શહેરના ભારતનગર વિસ્તારમાં આવેલા શ્રી ખેતરપાળ દાદા ચેરિટેબલ ટ્રસ્ટ ખાતે આયોજિત એક લગ્ન પ્રસંગ દરમિયાન જાહેર માર્ગ પર મોટા પાયે ફટાકડા ફોડવામાં આવ્યા હતા અને ગંદકી ફેલાવવામાં આવી હતી. આ બાબતની જાણ થતાં જ મનપાની આરોગ્ય શાખાની ટીમ એક્શનમાં આવી હતી. સેનેટરી ઈન્સ્પેક્ટર ગાયત્રીપ્રસાદ જોશીના માર્ગદર્શન હેઠળ સબ ઈન્સ્પેક્ટર પરેશ શ્રીમાળી અને અનિલ ઝાલાએ સ્થળ પર જઈને નિયમોના ઉલ્લંઘન બદલ આયોજકો પાસેથી રૂ.૧૦,૦૦૦નો વહીવટી દંડ વસૂલ્યો હતો. મનપાએ નાગરિકોને જાહેર સ્થળોએ ગંદકી ન કરવા અને સ્વચ્છતા જાળવવા તાકીદ કરી છે.

# ગાંધીધામ: ઓસ્લો સર્કલથી કોટેશ્વર ચાર રસ્તા સુધીના દબાણો હટાવાયા





**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા આઈકોનિક રોડ બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે જે કામગીરીના ભાગરૂપે આ રસ્તા પરના વિવિધ દબાણો દુર કરવાની કાર્યવાહી ચાલુ છે, જેમાં કમિશનરના માર્ગદર્શન હેઠળ ઓસ્લો સર્કલ થી કોટેશ્વર ચાર રસ્તા સુધીના દબાણો દુર કરવા માટે મહાનગરપાલિકા દ્વારા નોટીસ પાઠવવામાં આવેલ, જે સંબંધિત દબાણકારો દ્વારા "તંત્ર ની સામે નહિ પણ તંત્ર ની સાથે" નો અભિગમ અપનાવી સ્વેચ્છા એ દબાણ ખાલી કરવામાં આવ્યા હતા. જે કામગીરીને આગળ વધારતા મહાનગરપાલિકાના ૫ જે.સિ.બી., ૪ ટ્રેક્ટર, તથા પૂરતા માનવબળ સાથે નાયબ મ્યુનિસિપલ કમિશનર મેહુલ દેસાઈની હાજરીમાં અંદાજીત કુલ-૨૪૫ દબાણો દુર કરવામાં આવ્યા છે. મહાનગરપાલિકા દ્વારા આ દબાણ હટાવો ઝુંબેશ ચાલુ રહેશે, જેમાં સહકાર આપવા લોકોને અપીલ કરવામાં આવે છે.

### લોકોના સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી ઉત્પાદન

# પ્રાંતિજના સલાલ ગામે સત્યા ડેરી પ્રોડકટ નામની ફેકટરીમાંથી કેમીકલયુકત દુધ બનાવવાનું કૌભાંડ ઝડપાયું

## એલ.સી.બી.એ દરોડો પાડી ડિટર્જન્ટ પાવડર અને યુરિયા ખાતરનું મિશ્રણ કરી દુધ બનાવી બજારમાં વેચતા ચારની ધરપકડ કરી સુત્રધાર ધર્મો ઉર્ફે રાકેશ પટેલ ફરાર

**અબતક,સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સલાલ ગામેથી પોલીસે જીવલેણ નકલી દૂધ બનાવવાનું મોટું કૌભાંડ ઝડપી પાડ્યું છે ડિટર્જન્ટ પાવડર અને યુરિયા ખાતર જેવા જોખમી કેમિકલ્સનો ઉપયોગ કરીને નકલી દૂધ બનાવતી ફેક્ટરી પર પોલીસે દરોડા પાડીને ચાર શખ્સોની ધરપકડ કરી છે.






પ્રાંતિજના સલાલ વિસ્તારમાં આવેલી સત્યા ડેરી પ્રોડ્ક્ટ નામની ફેક્ટરીમાં પોલીસના દરોડા દરમિયાન નકલી અને ઝેરી દૂધ બનાવવાનું મોટું કૌભાંડ ઝડપાયું છે તપાસમાં બહાર આવ્યું છે કે સ્વાસ્થ્ય માટે અત્યંત જોખમી એવા ડિટર્જન્ટ પાવડર,યુરિયા ખાતર, કોસ્ટિક સોડા,પામોલીન તેલ અને સોયાબીન તેલ જેવા પદાર્થોનું મિશ્રણ કરીને આ દૂધ તૈયાર કરવામાં આવતું હતું આ નકલી દૂધને અસલી દૂધના પેકેટમાં પેક કરીને બજારમાં વેચવામાં આવતું હતું જે લોકો અને ખાસ કરીને બાળકો માટે જીવલેણ સાબિત થઈ શકે છે.

સાબરકાંઠા એલ.સી.બી (લોકલ ક્રાઈમ બ્રાન્ચ) અને ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની ટીમે સંયુક્ત રીતે બાતમીના આધારે આ ફેક્ટરી પર દરોડો પાડ્યો હતો આ કાર્યવાહી દરમિયાન પોલીસે સ્થળ પરથી ૪ આરોપીઓની ધરપકડ કરી છે આ ચોંકાવનારા કૌભાંડમાં એક સગીરની સંડોવણી પણ સામે આવી છે જેની સામે પણ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જોકે આ આખા નેટવર્કનો માસ્ટરમાઈન્ડ ધમો ઉર્ફે રાકેશ પટેલ દરોડાના સમયે જ ફરાર થઈ ગયો હતો જેને પકડવા માટે પોલીસે ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળે છે.પોલીસે સત્યા ડેરી પ્રોડક્ટના સંચાલકો સામે ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે આ નકલી દૂધ ક્યાં-ક્યાં સપ્લાય થતું હતું અને અત્યાર સુધી કેટલા લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરાયા છે તે દિશામાં પણ તપાસ કરવામાં આવી રહી છે.

# લીંબડી નજીક ટ્રિપલ અકસ્માતમાં ૩ વ્યક્તિને ઈજા

## હાઈવે પર કાર, ડમ્પર અને બાઈક ટકારાયા: મોટી જાનહાજી ટળી

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે પર અકસ્માતના બનાવો વધી રહ્યા છે ત્યારે લીંબડી-અમદાવાદ હાઈવે પર ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૦૩ વ્યકિતને ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ અંગે મળતી માહિતી મુજબ લીંબડી-અમદાવાદ નેશનલ હાઈવે પર લીંબડી નજીક કાર, ડમ્પર અને બાઈક વચ્ચે ટ્રીપલ અકસ્માત સર્જાયો હતો. જેમાં ૦૩ વ્યક્તિને ઈજાઓ

પહોચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ બનાવની જાણ થતા લોકોના ટોળેટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા અને પોલીસને જાણ કરી હતી આથી પોલીસ કાફલો પણ સ્થળ પર આવી પહોંચ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. તેમજ અકસ્માતને પગલે હાઈવે પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા જેને પોલીસે સ્થળ પર પહોંચી હળવો કરી વાહન વ્યવહાર ફરી શરૂ કરાવ્યો હતો.

# થાન પંથકની સગીરા પર દુષ્કર્મ

## ભોગ બનનાર સગીરાના પરિવારજનોએ ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધ્યો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લામાં સગીરા તેમજ યુવતીઓ અને મહિલાઓ પર દુષ્કર્મના બનાવો વધી રહ્યા છે ત્યારે થાન તાલુકામાં રહેતી એક સગીરા પર દુષ્કર્મ અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ભોગ બનનાર સગીરાના પરિવારજને થાન પોલીસ મથકે એક શખ્સ સામે નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થાન તાલુકામાં રહેતી ૧૭ વર્ષની સગીરાના રહેણાંક મકાનમાં અવારનવાર દીવાલ કૂદીને કનુભાઈ ઉર્ફે પોલો કાથડભાઈ કાઠી દ્વારા છેલ્લા ૦૪ મહિનાથી બળજબરીપુર્વક દુષ્કર્મ આચરી સગીરાને ગર્ભવતી બનાવી હતી.

જે અંગે ભોગ બનનાર સગીરાના પરિવારજને થાન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ, પોક્સો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને જે બનાવ અંગે વધુ તપાસ ચોટીલા મુતા એસ.એસ.ભદોરિયા ચલાવી રહ્યા છે.

# ઉપલેટાના ખાખી જાળીયા ગામે રસોઈ બનાવવા મામલે ભાઈ સાથે ઝઘડો થતા સગીરાનો આપઘાત

## ભાઈ સાથે સામાન્ય વાતમાં બોલાચાલી થતા સગીરાએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું

**અબ તક , રાજકોટ**

ઉપલેટા તાલુકાના ખાખી જાળીયા ગામે હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. જેમાં રસોઈ બનાવવા જેવી સામાન્ય બાબતે ભાઈ સાથે થયેલા ઝઘડાથી મનમાં લાગી આવતા ૧૭ વર્ષીય તરુણીએ ઝેરી દવા પી જીવન ટૂંકાવ્યું છે. આ બનાવથી પરિવારમાં શોક છવાયો છે.

મળતી વિગતો અનુસાર, ખાખી જાળીયા ગામે રહેતા અને કેટ્રેશનું કામ કરતા રીનાબેન જગદીશભાઈ પરમાર (ઉં.વ. ૧૭) ગત ૨૭ જાન્યુઆરીના રોજ ઘરે હતા. તે સમયે તેમના માતા-પિતા કેટ્રેશના કામના બાકી પૈસા લેવા માટે ઉપલેટા ગયા હતા. દરમિયાન રીનાબેનનો ભાઈ ઘરે આવ્યો હતો અને બહેને રસોઈ બનાવી ન હોવાથી બંને વચ્ચે બોલાચાલી અને ઝઘડો થયો હતો. જ્યારે પિતા જગદીશભાઈ ઘરે પરત ફર્યા ત્યારે રીનાબેન રડી રહ્યા હતા. પિતાએ રડવાનું કારણ પૂછતા રીનાએ જણાવ્યું હતું કે, ‘‘મેં રોટલા નહોતા બનાવ્યા એટલે ભાઈએ મારી સાથે ઝઘડો કર્યો છે.‘‘ વાતચીત દરમિયાન જ રીનાને અચાનક ઉલટીઓ થવા લાગતા પિતાએ પૂછપરછ કરી હતી, જેમાં તરુણીએ પોતે ઝેરી દવા પી લીધી હોવાની કબૂલાત કરી હતી.ઝેરી દવાની અસર થતા તરુણીને તાત્કાલિક કનસાગરા હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યાં પ્રાથમિક સારવાર બાદ સ્થિતિ સુધરતા તેને ઘરે લાવવામાં આવી હતી. પરંતુ, થોડા દિવસો બાદ ફરીથી તબિયત લથડતા તેને વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં લાંબી સારવાર બાદ ગઈકાલે તેમનું મોત નીપજ્યું હતું. મૃતક રીનાબેનના પિતા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. દીકરીએ ઉઠાવેલા આ અંતિમ પગલાથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસે આ મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પડધરીના પાટી રામપરાના પ્રૌઢ સાથે સોલાર રૂફટોપના નામે રૂ.૧.૦૬ લાખની ઠગાઈ

## ઈન્ટિફાઈ સોલાર પ્રા.લી કંપની અને તેની મહિલા કર્મચારી વિરુદ્ધ ગુનો : ડાઉનપેમેન્ટ અને લોનની રકમ મેળવી લીધા બાદ સોલાર ફિટ ન કરી આપ્યું

**અબતક, રાજકોટ**

પડધરીના પાટી રામપરા ગામે રહેતા આધેડ સાથે સોલર રૂફટોપ ફિટ કરી આપી દેવાનું કહી આધેડ સાથે રૂ.૧.૦૬ લાખની ઠગાઈ કર્યા અંગે પડધરી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ઈન્ટિફાઈ સોલર કંપની અને તેની મહિલા કર્મચારી સામે ગુનો નોંધ્યો છે.

પડધરી તાલુકાના પાટી રામપર ગામે રહેતા ઉમેદભાઈ હંસરાજભાઈ કણજારીયા(ઉ.વ.૪૬) દ્વારા પડધરી પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે ઈન્ટિફાઈ સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપની અને તેના કર્મચારી સ્નેહાબેનના નામ આપ્યા છે.

ઉમેદભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. મકાનમાં સોલાર રૂફટોપ ફીટ કરવા માટે સપ્ટેમ્બર ૨૦૨૫ માં

ઈન્ટિફાઈ સોલાર પ્રાઈવેટ લિમિટેડનો સંપર્ક કર્યો હતો જેમાં સ્નેહાબેન સાથે વાત થઈ હતી. થોડા દિવસ બાદ ફરિયાદી ઘરે હાજર ન હતા.

ત્યારે તેમની માતાનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, કોઈ અજાણ્ય માણસો આવ્યા છે અને ઈન્ટિફાઈ સોલાર કંપની વાળા હોવાનું કહે છે અને ધાબા પરના ફોટા પાડવાનું અને સર્વે કરવાનું કહે છે બાદમાં આ માણસો સર્વે કરી જતા રહ્યા હતા.

ત્યારબાદ ફરિયાદીએ સ્નેહાબેન સાથે ટેલિફોનિક સંપર્ક કરતા તેણે કહ્યું હતું કે, બે મહિનામાં તમારા ઘરે અમે સોલાર ફીટ કરાવી આપીશું તેમ કહી ફરિયાદીને વિશ્વાસમાં લઈ આધારકાર્ડ તથા બીજા ડોક્યુમેન્ટ મોકલવાનું કહ્યું હતું. જેથી ફરિયાદીએ સ્નેહાબેને આપેલા નંબર પર ડોક્યુમેન્ટ મોકલ્યા હતા. ત્યારબાદ લોનની પ્રોસેસ કરાવી હતી. તા. ૯/૧૦/૨૦૨૫ ના ફરિયાદીએ લીધેલી લોનના રૂપિયા ૯૧,૦૦૦ ઈન્ટિફાઈ સોલાર કંપનીમાં જમા થયા હતા. બાદમાં તારીખ ૧૦-૧૦-૨૦૨૫ ના ફરિયાદીએ સોલાર કંપનીના ખાતામાં ગુગલ પે મારફત ૧૫,૧૮૧ ડાઉન પેમેન્ટ આપ્યું હતું. ત્યારબાદથી આજદિન સુધી સોલાર કંપની વાળા તરફથી ફરિયાદીના ઘરે સોલાર રૂફટોપ ફીટ કરી આપવામાં આવ્યું નથી

આમ ઈન્ટિફાઈ સોલાર પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની અને તેના કર્મચારી સ્નેહાબેને ફરિયાદી સાથે સોલાર રૂફટોપ નાખી આપવાના બહાને બેંકમાંથી લોન કરાવડાવી રૂપિયા ૯૧,૦૦૦ લોન મારફતે તેમના ઈન્ટિફાઈ સોલાર પ્રાઈવેટ લિમિટેડ કંપની ખાતામાં નખાવી તેમજ રૂપિયા ૧૫,૧૮૧ ડાઉન પેમેન્ટ પેટે મેળવી લઈ કુલ રૂપિયા ૧.૦૬ લાખ ફરિયાદી પાસેથી લઈ લીધા બાદ આજદિન સુધી સોલાર ફિટ કરીને આપતા અંગે પડધરી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી જરૂરી કાર્યવાહી કરી હતી.

# પાટડી-બજાણા માર્ગ પર અકસ્માતમાં સેડલાના આધેડનું મોત

## નાના રણમાં પાણી પહોંચાડતા ટેન્કરની અડફેટે બાઈક ચાલકનું મોત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

દસાડા તાલુકાના પાટડી-બજાણા રોડ પર આઈટીઆઈ પાસે પાણીના ટેન્કરની અડફેટે સેડલા ગામના આધેડનુ મોત નિપજ્યું હતુ જે અંગે પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.



આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગરના કચ્છના નાના રણમાં પીવાનું પાણી પુરૂ પાડતા ટેન્કરથી દર વર્ષે અકસ્માત સર્જાતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે ફરી ટેન્કર જીવલેણ સાબિત થયુ છે. જેમાં સેડલા ગામના અતુલભાઈ રઘુરામ ગેડિયા (ઉંમર વર્ષ -૪૮ રહે.સેડલા ) બજાણા તરફથી પાટડી તરફ પસાર થઈ રહ્યા હતા. જે દરમિયાન પુરપાટ ઝડપે આવતા પાણીના ટેન્કરે જોખમી રીતે વળાંક લેતા બાઈક ચાલક ટેન્કર સાથે અથડાયો હતો અને ગંભીર ઈજાઓ પહોચતા મોત નિપજ્યું હતું. જ્યારે ટેન્કર ચાલક અકસ્માત સર્જી પાણી પુરવઠાની ઓફિસ ખાતે ટેન્કર મુકી બાઈક પર નાશી છૂટ્યો હતો. તેમજ મૃતકના પરિવારજનો અને પોલીસે ઘટના સ્થળે પહોંચી પીએમ સહીતની કામગીરી હાથ ધરી હતી અને પાટડી પોલીસે નાશી છુટેલ ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. રણમાં પીવાનું પાણી પુરૂ પાડવા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે દર વર્ષે અકસ્માત પણ સર્જાય છે જેમાં બિન અનુભવી ચાલકના કારણે આવા કિસ્સાઓ બનતા હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે. તેમજ ફોર લેન હાઈવેની કામગીરી ચાલી રહી છે જે ધીમીગતિએ અને રોડના અધુરા કામના કારણે વાહન ચાલકો અર્ધ નિર્માણ રોડ પર પોતાનુ વાહન ચલાવે છે જેના કારણે અકસ્માતના બનાવોમાં વધારો જોવા મળી રહ્યો છે.

# વઢવાણના મેમકા ગામથી રેતીનું ખનન ઝડપાયું

## ગેરકાયદે રેતીના ખનનમાં ઉપયોગ થતા ૨ હોડકા મશીન સહિત અંદાજે રૂ.૬ લાખનો મુદામાલ કબ્જે કર્યો



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ભૂમફિયાઓ દ્વારા મોટા પ્રમાણમાં ગેરકાયદેસર રેતી સહિતની ખનિજ સંપત્તિનુ ખનન થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે ત્યારે વઢવાણ પોલીસે બાતમીના આધારે મેમકા ગામની સીમમાં ભોગાવો નદીમાંથી ગેરકાયદેસર ખનન ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી મુજબ સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરમાંથી પસાર થતી ભોગાવો નદીમાં ભૂમાફિયાઓ દ્વારા ગેરકાયદેસર રેતી સહિતની ખનિજ સંપત્તિનુ ખનન કરવામાં આવતું હોવાની અનેક વખત ફરિયાદો ઉઠવા પામી છે જેને ધ્યાને લઈ વઢવાણ પોલીસે પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ અને જેમાં બાતમીના આધારે મેમકા ગામની સીમમાં થી પસાર થતી ભોગાવો નદીમાં રેઈડ કરી સ્થળ પર થી ગેરકાયદેસર ખનનમાં ઉપયોગમાં લેવાતા બે હોડકા મશીન સહિત અંદાજે ૦૬ લાખથી વધુનો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમજ આ અંગે ખાણ ખનિજ વિભાગને જાણ કરતા સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# શિવરાત્રી પૂર્વે, ગીર ગઢડામાં ગાંજાનું વાવેતર ઝડપાયું :વૃદ્ધની ધરપકડ

## એસઓજી અને સ્થાનિક પોલીસે દરોડો પાડી ૫૫.૩૨૦ કિલોગ્રામ ગાંજો અને મોબાઈલ મળી ૨૭.૭૧ લાખનું મુદ્દામાલ કબજે

**અબતક મનુકવડ ગીર ગઢડા**

ગીર સોમનાથ જિલ્લાના ગીર ગઢડા શહેરના ઉના રોડ પર આવેલી ઢોરા શેરીમા સ્થાનિક પોલીસ અને ગીર સોમનાથ એસ.ઓજીએ દરોડો પાડી મકાનના વાળા માંથી ૫૫.૩૨૦ કિલોગ્રામ ગાંજા સાથે વૃદ્ધની ધરપકડ કરી ગાંજો અને મોબાઈલ મળી રૂપિયા ૨૭.૭૧ લાખનું મુદ્દામાલ કબજે કર્યો છે. વધુ વિગત મુજબ શિવરાત્રી પર્વ નજીક આવતા ગાંજા અને નસીલા પદાર્થની હેરાફેરી ને કડક હાથે ડામી દેવા જુનાગઢ રેન્જના વડા નિલેશ ઝાંઝરીયા અને ગીર સોમનાથ જિલ્લા પોલીસ વડા જયદીપસિંહ જાડેજાએ આપેલી સુચના ને પગલે ગીર સોમનાથ એસઓજીના પી આઈ ડી એમ કાગડા અને ગીર સોમનાથ પોલીસ મથકના સ્ટાફ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું ત્યારે ગીર ગઢડા શહેરના ઉના રોડ પર ઢોરા શેરીમાં રહેતા ભીખા



અતું મકવાણા નામના વૃદ્ધે પોતાના મકાનના વાડામાં ગાંજાનું વાવેતર કરી અને વેચાણ કરતો હોવાની મળેલી બાતમીના આધારે એએસઆઈ સરમણભાઈ, હેડ કોન્સ્ટેબલ ગોપાલસિંહ અને અભેસિંહ સહિતના સ્ટાફે દડો પાડ્યો હતો દરોડા દરમિયાન રૂપિયા ૨૭.૬૬ લાખની કિંમતના ૫૫.૩૨૦ કિલોગ્રામ લીલો સુકો ગાંજા સાથે ભીખા મકવાણા ની ધરપકડ કરી ગાંજો અને મોબાઈલ મળી ૨૭.૭૧ લાખનો મુદ્દામાં કબજે કર્યો છે ઝડપાયેલ શખ્સ ભીખા મકવાણાની પ્રાથમિક તપાસમાં ગાંજો પીવાની આદત ધરાવતો હતો અને પોતાના મકાનના વાડામાં ગાંજાનું વાવેતર કરી ગાંજાના છોડની ચુકવણી કરી અને છૂટક વેચાણ કરતો હોવાનું બહાર આવ્યું છે

# અમરેલીના લીલીયાના કણકોટની સીમમાં ખુલ્લા કુવામાં પડી જતા સિંહનું મોત

## લીલીયા પંથકમાં સિંહોના આકસ્મીક મોતના બનાવોને લઈ પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ

**અબતક, પ્રદિપ ઠાકર, ઉપલેટા**

અમરેલીના લીલીયાના કણકોટ ગામે પારા પેટ વિનાના ખુલ્લા કુવામાં પડીને મોતને ભેટેલા સિંહના મોતના મામલે વન તંત્રની કથીત બેદરકારી સામે પ્રકૃતિ પ્રેમીઓમાં રોષ ફેલાયો છે.

અમરેલી લીલીયા રેન્જમાં આમતો સિંહોની ખૂબ સારી એવી વસ્તી ધરાવે છે, વનવિભાગ દ્વારા રાખતી કાળજી અને સુરક્ષાની સારી એવી સુવિધાઓથી સિંહો હરતા ફરતા રહે છે. પરંતુ ક્યારેક શિકારની શોધમાં સિંહ અકસ્માતનો ભોગ બની જતા હોય છે. ત્યારે ગઈ કાલે વહેલી સવાર આસપાસ એક નર સિંહ શિકારની શોધમાં અંધારામાં અચાનક ખુલ્લા કૂવામાં ખાબક્યો હતો. અને મોતને ભેટ્યો હતો. જેની જાણ વનવિભાગને કરાતા આરએફઓ ગલાણી સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ મૃતદેહને બહાર કાઢયો હતો અને પોસ્ટમોર્ટમ માટે ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડ્યો હતો. લીલીયા પંથકમાં સિંહોના અકાળે મોતના કિસ્સાઓ સતત વધી રહ્યા છે,

સમય પહેલા જ આ વિસ્તારમાં એક માદા સિંહણનું ઈલેક્ટ્રિક શોક લાગવાથી મોત થયું હતું, જેમાં વનવિભાગે બે લોકોને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી. પરંતુ વાડી વિસ્તારોમાં અનેક કૂવાઓ હજુ પણ સુરક્ષા જાળી વગરના ખુલ્લા હોવાથી વન્યપ્રાણીઓ માટે તે જોખમી સાબિત થઈ રહ્યા છે. લાઈન નેચર ફાઉન્ડેશનના તાલુકા પ્રમુખ નાથાલાલ સુખડિયાએ આ ઘટના અંગે ઘેરા દુખની સાથે નારાજગી વ્યક્ત કરી છે.

# બગસરાના મોટા મુંજીયાસર ગામે યુવકની નિર્મમ હત્યા

## પત્ની સાથે માથાકૂટ કરતા યુવકને લાકડાના ધોકા મારી પતાવી દીધો, પરિણીતા ઘવાઈ: આરોપી ફરાર

**અબતક,સમીર વિરાણી, બગસરા**

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે ગુરૂવારના રોજ રાત્રિના સમયે પત્ની સાથે માથાકૂટ કરતા એક યુવકને અન્ય યુવકે લાકડાના ધોકા અને સીમેન્ટનો ચૂલો મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો. માથાકૂટ દરમિયાન પત્ની આડી ઉતરતા તેને પણ ઈજાઓ થતા તેને અમરેલી સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. હત્યા કર્યા બાદ આરોપી ફરાર થઈ જતા પોલીસે તેને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે કિશોરભાઈ મનજીભાઈ પટોળીયાની વાડીએ મજૂરીકામ કરતા રમણ વાલકા કટારા મૂળ ગામ સુખપર તા.ફતેપુરા અને તેની પત્ની સીતા મજૂરીકામ કરતા હતા તેમની સાથે સીતાના આગલા ઘરનો દિકરો પણ સાથે કામ કરતો હતો.

ગુરૂવારે રાત્રિના ૯:૩૦ કલાકની આસપાસ રમણ અને તેની પત્ની સીતા વચ્ચે કોઈ વાતને લઈ ઝઘડો ચાલતો હતો અને બોલાચાલી થતી હતી. જેથી આ માથાકૂટ દરમિયાન સુરેશ મછાર વચ્ચે પડતા ઝઘડો વધુ તિવ્ર બન્યો હતો. અચાનક જ ઝઘડાએ વરવુ સ્વરૂપ ધારણ કરતા સુરેશ મછારે લાકડાના ફટકા મારી અને સિમેન્ટનો ચૂલો માથામાં ફટકારી દેતા રમણનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યુ હતુ. જયારે તેની પત્ની સીતા બચાવવા જતા તેને પણ ઈજાઓ પહોંચતા સીતાને સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી. હત્યા કર્યા બાદ સુરેશ મછાર નાસી ગયો હતો. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ પણ દોડી

ગઈ હતી અને મૃતકનો કબજા લઈ લાશને પોસ્ટમાર્ટમ માટે બગસરા સરકારી દવાખાને ખસેડી હતી. આમ, મોટા મુંજીયાસર ગામે હત્યાની ઘટના બનતા ચકચાર મચી જવા પામી હતી.

### ગાંધીધામમાં રોટરી સર્કલ પાસે હિટ એન્ડ રન

# કાર એક્ટિવા અને બાઈકને ઠોકરે લઈ ડિવાઈડર સાથે અથડાય, બેના મોત: બે ઘાયલ

## અકસ્માત બાદ ઘટના સ્થળે ટોળા એકઠા થયા: મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર | એક યુવકના જન્મ દિવસ પૂર્વે મોત નિપજતા પરિવારમાં અરેરાટી

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ રોટરી સર્કલ પાસે હિટ એન્ડ રન : બેકાબુ કારે ચારને અડફેટે લીધા, બે યુવક ના મોત બે ઘાયલ. શહેરના રોટરી સર્કલ પાસે આવેલ મેગી કોર્નર પાસે આશરે ૧.૨૫ વાગ્યે ગંભીર હિટ એન્ડ રનની ઘટના બની હતી. મેગી કોર્નર આગળ એક્ટિવા ચાલક અને બાઈક ચાલાક સહિત ચાર વ્યક્તિઓને બેકાબુ કારએ અડફેટે લીધા હતા.

જિલ્લાના ગાંધીધામમાં ગત મોડી રાત્રે એક કાળજું કંપાવી દેનારી અકસ્માતની ઘટના સામે આવી છે. શહેરના ધમધમતા ટાગોર રોડ પર નબીરાઓએ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવી બેફામ ગતિએ કાર ચલાવી ચાર નિર્દોષ લોકોને અડફેટે લીધા હતા. ત્યારે આ ભયાનક અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યા હોવાની તથા બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હોવાની વિગતો સામે આવી રહી છે. સાથે જ અકસ્માત સ્થળના કાળજું કંપાવતા દ્રશ્યો સામે આવતા પોલીસે પણ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

આ ભયાનક અકસ્માતની ઘટનાની મળતી વિગતો અનુસાર, કચ્છના ગાંધીધામ શહેરમાં ટાગોર રોડ પર ગઈકાલે (૬ઠ્ઠી ફેબ્રુઆરીએ) મોડી રાત્રે જીજે ૩૯ સીબી ૯૭૪૩ નંબરની ફોરવ્હિલ કારે આતંક મચાવ્યો હતો. પૂરઝડપે જઈ રહેલી આ કારના ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો અને માર્ગ પરથી પસાર થઈ રહેલા અનેક વાહનોને અડફેટે લીધા હતા. ત્યારે આ ભયાનક અકસ્માતથી મોડી રાતે ગાંધીધામનો ટાગોર રોડ રક્તરંજીત થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ, અકસ્માતગ્રસ્ત આ કારમાં ચાર નબીરાઓ સવાર હતા. જેમાંથી એક નબીરાએ બેફામ કાર ચલાવી





જીજે..૧૨.ઈએ.૮૧૧૦ નબરના એક્ટિવા મોપેડને સહિત અનેક વાહનોને જોરદાર ટક્કર મારી હતી અને બાદમાં બાઈકને પણ આ કારે અડફેટે લીધું હતું. બાદમાં આ કાર રોડના પર ચઢતા અટકાઈ ગઈ હતી. આ ટક્કર એટલી ભયાનક હતી કે વાહનોના ફુરચા ઉડી ગયા હતા અને વાહન સવારો રોડ પર ફંગોળાયા હતા.

હાલની જાણકારી મુજબ, મોડી રાતે સર્જાયેલા આ ભયાનકમાં બે વ્યકિતઓના શરીરમાં ગંભીર ઈજાઓ થવાને કારણે ઘટનાસ્થળે જ પ્રાણ પંખેરું ઉડી ગયા હતા. જ્યારે અન્ય બે ઈજાગ્રસ્તોને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે. ત્યારે હાલ આ ગંભીર અકસ્માતના કાળજું કંપાવતા દ્રશ્યો સામે આવી રહ્યા છે.

અકસ્માત સર્જાયા બાદ સ્થાનિક લોકોનું ટોળેટોળું ઘટના સ્થળે એકઠું થયું હતું અને પ્રાથમિક બચાવ કામગીરી શરૂ કરી હતી, ત્યારે કારમાંથી ચાર નબીરાઓ મળી આવ્યા હતા. જેઓએ ઘટનાસ્થળેથી ભાગવાનો પ્રયાસ કરતા ત્યાં હાજર સ્થાનિક લોકો ભારે રોષે ભરાયા હતા અને એક નબીરાને ઝડપી પાડ્યો હતો અને તેને બરાબરનો 'મેથીપાક' ચખાડી પોલીસને હવાલે કર્યો હતો. જોકે, કારમાં સવાર અન્ય ત્રણ નબીરાઓ અંધારાનો લાભ લઈને સ્થળ પરથી ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા

ઘટનાની જાણ થતા જ ગાંધીધામ બી-ડિવિઝન પોલીસને ઘટનાની જાણ થતા જ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો અને પોલીસે બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પોલીસે અકસ્માત સર્જનાર કાર કબજે કરી છે અને ફરાર થઈ ગયેલા ત્રણેય નબીરાઓને પકડવા માટે અલગ-અલગ દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. ત્યારે કચ્છ જેવા શાંત ગણાતા વિસ્તારમાં નબીરાઓ દ્વારા આ પ્રકારે બેફામ વાહન ચલાવી નિર્દોષોના જીવ લેવાની ઘટનાએ અનેક સવાલો ઉભા કર્યા છે.

# ગોંડલના કમર કોટડા ગામે નશામાં ધૂત બે યુવાનોનો વૃદ્ધ પર જીવલેણ હુમલો

## જાહેરમાં ગાળાગાળી કરતા નશાખોરોને રોકવા જતા વૃદ્ધ પર ઘાતક હુમલો કરાયો

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકાના કમરકોટડા ગામમાં નશાખોરોનો આતંક સામે આવ્યો છે. ગામમાં જાહેરમાં ગાળાગાળી કરતા બે શખ્સોને ઠપકો આપતા એક વૃદ્ધને બે શખ્સોએ લાકડી વડે હુમલો કરી તેમને બેભાન કરી દેતા ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઘવાયેલા વૃદ્ધને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, કમરકોટડા ગામમાં રહેતા ચોથાભાઈ વશરામભાઈ પાટડીયા (ઉં.વ. ૭૦) ગઈકાલે બપોરે ૩ વાગ્યાની આસપાસ પોતાના ઘર પાસે હતા. આ સમયે ગામના જ જેન્તીભાઈ પાટડીયા અને દીક્ષિતભાઈ નામના બે શખ્સો નશાની હાલતમાં ત્યાંથી પસાર થતા હતા અને જાહેરમાં ગાળાગાળી કરી રહ્યા હતા. વૃદ્ધ ચોથાભાઈએ તેમને ગાળો ન બોલવા માટે ઠપકો આપ્યો હતો. ઠપકો આપતા બંને એ જગડો કરી વૃદ્ધને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા વૃદ્ધ ઘટનાસ્થળે જ બેભાન થઈ ઢળી પડ્યા હતા. તેમને તાત્કાલિક બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ચોથાભાઈને સંતાનમાં એક દીકરો અને એક દીકરી છે, જેમાં તેમનો પુત્ર ડ્રાઈવિંગ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. આ મામલે સ્થાનિક પોલીસે ગુનો નોંધી હુમલાખોરો સામે કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# ચોટીલાના જીવાપર ગામમાં બોલેરોએ બાઈકને ઠોકરે લેતા ૪ સભ્યો ઘાયલ

## લગ્ન પ્રસંગથી પરત ફરતી વખતે પરિવારની બાઈકને બોલેરોએ ઠોકરે લેતા ૪ સભ્યો ઈજાગ્રસ્ત થયા

**અબતક, રાજકોટ**

ચોટીલાના જીવાપર ગામ પાસે મોડી રાત્રે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સાળાના દીકરાના લગ્ન પ્રસંગમાં હાજરી આપી મોટરસાયકલ પર પરત ફરી રહેલા પરિવારને કોઈ અજાણ્યા બોલેરો ચાલકે હડફેટે લેતા બે કિશોરીઓ સહિત કુલ ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ચોટીલાના ચિરોડા ગામમાં રહેતા અને ખેતીકામ કરતા અશોકભાઈ જેસાભાઈ બાવળીયા (ઉં.વ. ૪૦) ગત રોજ વિંછીયા ખાતે પોતાના સાળાના દીકરાના લગ્ન પ્રસંગમાં ગયા હતા. લગ્ન પૂર્ણ કરી રાત્રિના સમયે તેઓ પોતાની પત્ની મંજુબેન (ઉં.વ. ૩૫), પુત્રી પ્રિયંકા (ઉં.વ. ૧૫) અને શિલ્પા (ઉં.વ. ૧૪) સાથે મોટરસાયકલ પર સવાર થઈને પરત ફરી રહ્યા હતા. રાત્રિના સમયે જીવાપર ગામ પાસેથી તેમનું મોટરસાયકલ પસાર થઈ રહ્યું હતું, ત્યારે પૂરપાટ ઝડપે આવતા કોઈ અજાણ્યા બોલેરો ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતમાં તેમને શરીરે તેમજ માથાના ભાગે નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો એકઠા થઈ ગયા હતા અને ૧૦૮ મારફતે ચારેય ઈજાગ્રસ્તોને રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડ્યા હતા. પોલીસે આ મામલે તપાસ હાથ ધરી છે.

# મોરબી નજીક ઈજાગ્રસ્ત હાલતમાં મળેલા બે અજાણ્યા યુવકો પૈકી એકનું મોત

## મધ્યરાત્રિએ રોડ પર પડેલા બંનેને ૧૦૮ દ્વારા હોસ્પિટલ ખસેડાયા, યુવાને સારવારમાં દમ તોડ્યા

**અબતક, રાજકોટ**

મોરબીના રંગપર-બેલા ગામ પાસે ગઈકાલે મધ્યરાત્રિએ અકસ્માતની ગંભીર ઘટના સામે આવી છે. જેમાં ઈજાગ્રસ્ત હાલતમાં મળી આવેલા બે અજાણ્યા યુવકો પૈકી એકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું છે, જ્યારે અન્ય એક યુવક હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસે આ મામલે ગુનો નોંધી બંને વ્યકિતઓની ઓળખની તજવીજ શરૂ કરી છે.મળતી માહિતી મુજબ ગઈકાલે રાત્રે ૧૨ વાગ્યાના આસપાસ મોરબીના રંગપર-બેલા ગામના રોડ પર બે અજાણ્યા પુરુષો ( એક યુવક આશરે ઉં ૩૨, બીજો યુવક આશરે ઉં ૩૩) અકસ્માત સબબ ઈજાગ્રસ્ત હાલતમાં પડેલા હોવાની જાણ થતા તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી. પ્રાથમિક દ્રષ્ટિએ આ બંને યુવકો કોઈ અજ્ઞાત અકસ્માતનો ભોગ બન્યા હોય તેવું જણાઈ રહ્યું હતું. ૧૦૮ મારફતે બંને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન આજે વહેલી સવારે ૨:૩૬ કલાકે એક યુવકનું મોત નીપજ્યું હતું. બીજો યુવક હાલ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

બનાવની જાણ થતા જ સ્થાનિક પોલીસ કાફલો હોસ્પિટલ દોડી ગયો હતો. હાલ આ બંને યુવકો કોણ છે અને ક્યાંના વતની છે તે અંગે કોઈ પણ પ્રકારના આધાર-પુરાવા મળી આવ્યા નથી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી મૃતકની ઓળખ મેળવવા અને આ અકસ્માત કેવી રીતે સર્જાયો તે દિશામાં વધુ તપાસ તેજ કરી છે.

# ભેંસાણ: સગી પુત્રી પર દુષ્કર્મ આચરવાના ગુનામાં પિતાને ૨૦ વર્ષની સજા

## પ્રોક્સોના કેસમાં આરોપીને ૫૬૦૦૦ નો દંડ: પિડીતાને ત્રણ લાખનું વળતર

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

ભેસાણ તાલુકાના ગામમાં સગી દીકરી પર તેના જ પિતાએ વારંવાર તેની ઈચ્છા વિરુદ્ધ બળાત્કાર કરી, ધમકી આપી ગુનો કર્યો હોવાના ગંભીર અને ચકચારી કેસમાં કોર્ટે આરોપીને જુદી જુદી કલમો હેઠળ ૨૦ વર્ષની કઠોર સજા તથા રૂપિયા ૫૬,૦૦૦/-નો દંડ ફટકાર્યો છે.

આ કેસ ભેસાણ તાલુકાનો હોઈ ભેસાણ પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ દાખલ કર્યા બાદ કેસને માનનીય વિસાવદર સેશન્સ કોર્ટમાં કમિટ કરવામાં આવ્યો હતો. માનનીય કોર્ટ દ્વારા આરોપી પક્ષને પોલીસ પેપરની નકલો આપી કેસની નિયમિત ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી.

ટ્રાયલ દરમ્યાન ફરિયાદ પક્ષ તરફથી કુલ ૧૩ મહત્વપૂર્ણ સાક્ષીઓની જુબાની, જેમાં ભોગ બનનાર સગી બાળકી, ફરિયાદી તથા અન્ય સાક્ષીઓની જુબાની તેમજ મેડિકલ અને દસ્તાવેજી પુરાવાઓ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા.

સરકાર તરફેથી સરકારી વકીલ વિજય માઢક દ્વારા કેસની તમામ હકીકતો, કાયદાકીય જોગવાઈઓ અને પુરાવાઓના આધારે અત્યંત ધારદાર અને અસરકારક દલીલો કરવામાં આવી હતી. સરકારી વકીલની દલીલોમાં ભોગ બનનારની વિશ્વસનીય જુબાની, મેડિકલ પુરાવાઓ તથા આરોપીના અપરાધની ગંભીરતા ઉપર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો.

માનનીય એડી.સેશન્સ જજ હેતલકુમાર વિનોદરાય જોષી એ તમામ પુરાવાઓ અને દલીલોનું સુક્ષ્મ રીતે મૂલ્યાંકન કરીને આરોપી પિતાને દોષિત ઠેરવી કડક સજા સંભળાવી છે. નોંધનીય છે કે આ ગંભીર પોકસો કેસનો નિકાલ માત્ર ૧૬ માસની અંદર કરવામાં આવ્યો છે, જે ઝડપી ન્યાયનું ઉત્તમ ઉદાહરણ છે.

આ ચુકાદાથી સમાજમાં સ્પષ્ટ સંદેશો ગયો છે કે સગી બાળકો સામેના ગુનાઓને કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં અને દોષિતોને કડકમાં કડક સજા આપવામાં આવશે.

# કાલાવડ: ૨૩૬ બોટલ વિદેશી દારૂ સાથે કેતન વૈષ્ણવ ઝડપાયો

## એલ.સી.બી.એ દરોડો પાડી ૫૯૫૦૦નો મુદામાલ કબ્જે કર્યો: મુળીલા ગામનો મહિપાલસિંહની શોધખોળ

**અબતક, સાગર સંઘાણી, જામનગર**

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે ગઈકાલે રાત્રે કાલાવડ પંથકમાં ઈંગ્લીશ દારૂ અંગે દરોડો પાડ્યો હતો, અને ૨૩૬ નંગ ઈંગ્લિશ દારૂની બાટલી ના જથ્થા સાથે વાડી વિસ્તારમાંથી એક શખ્સને ઝડપી લીધો છે.

જામનગરની લોકલ ક્રાઈમ બ્રાન્ચ ની ટીમ ને બાતમી મળી હતી, કે કાલાવડમાં ખોડીયાર પરા વિસ્તારમાં રહેતો કેતન ઉર્ફે પીપીઓ વાલજીભાઈ વૈષ્ણવ નામનો શખ્સ વાડી વિસ્તારમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરી રહ્યો છે, જે બાતમીના આધારે એલસીબી ની ટુકડીએ ગઈ રાત્રે દરોડો પાડ્યો હતો, અને કેતન વૈષ્ણવને રૂપિયા ૫૯,૫૦૦ ની કિંમતની ૨૩૬ નંગ નાની ઈંગ્લિશ દારૂની બાટલી ના જથ્થા સાથે ઝડપી લીધો છે. જેની સામે કાલાવડ પોલીસ મથકમાં દારૂબંધી ભંગ અંગે ગુનો દાખલ કરાવ્યો છે. પોલીસની વધુ પૂછપરછ દરમિયાન તેને ઉપરોકત દારૂનો જથ્થો કાલાવડ તાલુકાના મૂળીલા ગામમાં રહેતા મહિપાલસિંહ ઉર્ફે કાનો મહેન્દ્રસિંહ જાડેજાએ સપ્લાય કર્યો હોવાથી પોલીસે તેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# ધોરાજી: દુષ્કર્મના ગુનામાં આરોપીના જામીન મંજૂર

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

છોટાઉદેપુર જીલ્લાનાં અને હાલ ધોરાજી તાલુકનાં ગામમાં મજુરીકામ કરતા ફરીયાદીએ ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનમાં એવી ફરીયાદ જાહેર થયેલ કે, સગીર વયની દિકરીને કોઈ અજાણ્યો વ્યકિત તેનાં કાયદેસરનાં વાલીપણામાંથી અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાવેલી.બાદ પોલીસે આરોપી દશરથ ભુરાભાઈ ડામોર રહે-ભાણાસિમલ તાલુકો-સંતરામપુર જિલ્લો-મહીસાગર વાળાની અટક કરેલ અને બાદમાં પોલીસે ભોગ બનનારનું નિવેદન લીધેલ અને ભોગ બનનારનાં નિવેદનનાં આધારે દુષ્કર્મની કલમોનો ઉમેરો કરાયેલ અને આરોપીને કોર્ટમાં રજુ કરાયેલ.

બાદ આરોપી આરોપી દશરથ ભુરાભાઈ ડામોરને જામીન ઉપર મુક્ત કરવા અરજી રજુ કરાયેલી. જે પોલીસ તપાસનાં કાગળો તથા એડવોકેટ દ્વારા રજુ કરાયેલ મૌખીક દલીલો ધ્યાને લઈ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એ.એમ. શેખ દ્વારા રૂા. ૨૦,૦૦૦/-નાં જામીન તથા જાત મુચરકા ઉપર મુકત કરાયેલ છે.

આ કામમાં આરોપી વતી એડવોકેટ તરીકે એડવોકેટ સંજયકુમાર પી. વાઢેર તથા નયનભાઈ આર. રંગોલીયા રોકાયેલ હતાં.

# લાલપુરના દલતુંગી ગામે વાડીમાંથી ૧૭૪ મણ મગફળીની ચોરી

**અબતક, જામનગર:** જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના દલતુંગી ગામમાં રહેતા અને ખેતી કામ કરતા ઘેલાભાઈ કરસનભાઈ વકાતર નામના ખેડૂતે પોતાની વાડીની ઓરડીમાં રાખેલી રૂપિયાર,૪૩,૬૦૦ ની કિંમતની ૧૭૪ મણ મગફળીની કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા ની ફરિયાદ લાલપુર પોલીસ મથકમાં નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર ફરિયાદી ખેડૂતે પોતાની વાડીમાંથી મગફળીનો પાક તૈયાર કરીને જુદી જુદી ૮૭ બેગમાં કુલ ૧૭૪ મણ મગફળીનો જથ્થો તૈયાર કરીને ઓરડીમાં રાખ્યો હતો, જે મગફળી ગત ૨૭ જાન્યુઆરીથી ૪ ફેબ્રુઆરી સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરો ચોરી કરી લઈ ગયા હતા.

# દુ:ખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** મૂળ જેતલસર હાલ રાજકોટ નિવાસી અશોકભાઈ જટાશંકરભાઈ પંડયા (ઉ.૬૫) તે હિનાબેનના પતિ, જયાબેન પંડયાના ભત્રીજા, પાર્થ, વિવેકના પિતા, વિધિબેનના સસરા, સ્વ. નરેન્દ્રભાઈ, કીર્તિભાઈ, સ્વ. ગિરીશભાઈ, પુષ્પાબેન, કુંદનબેન, નિતાબેનના ભાઈ, સ્વ. રમેશભાઈ ઠાકર, હર્ષદભાઈ ઠાકર, શૈલેશભાઈ ઠાકરના બનેવી, દ્વિજાના દાદાનું તા.૬ ના રોજ અવસાન થયું છે. તેમનું બેસણું તા.૯ ને સોમવારે, સાંજે ૪-૩૦થી ૫-૩૦, ગીતા મંદિર, જંકશન પ્લોટ, મેઈન રોડ, જંકશન પોલીસ ચોકીની બાજુમાં, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** રાજકોટ નિવાસી પ્રમોદકુમાર વનમાળીદાસ જસાણી (ઉ.વ.૭૩)નું તા. ૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સરોજબેનના પતિ, મેહુલ, મનીષાના પિતા, યુવરાજના દાદા, ગીરીશભાઈ, ભુપેન્દ્રભાઈ, કિશોરભાઈ, કુસુમબેનના ભાઈ, શશીકાન્તભાઈ, પ્રફુલભાઈ, કોકિલાબેનના બનેવી, જીતેન્દ્રભાઈ મોહનભાઈ કેસરીયાના સાઢુભાઈ, હિતેષભાઈ લક્ષ્મીદાસ રાજાણીના વેવાઈનું અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા સસરા પક્ષની સાદડી તા. ૯ ને સોમવારે ૪ થી ૫ દરમિયાન જીનેશ્વર એપાર્ટમેન્ટ ૨૦૧/એ પટેલ ચોક, નાગેશ્વર મંદિર મેઈન રોડ, જામનગર રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**જસદણ:** લેઉઆ પટેલ શાંતાબેન ગોરધનભાઈ છાયાણી (ઉ.વ.૯૦) તે જેન્તીભાઈ, નાગજીભાઈ, હિંમતભાઈના માતાનું તા.૬ ફેબ્રુઆરી ૨૦૨૬ને શુક્રવારના રોજ જસદણ અવસાન થયેલ છે સદ્ગતની ઉત્તરક્રિયા તા.૧૬ ફેબ્રુઆરી ૨૦૨૬ને સોમવારના રોજ તેમના નિવાસસ્થાન આટકોટ રોડ, મધુરમ મારબલ પાછળ, બિલેશ્વર સોસાયટી જસદણ ખાતે રાખવામાં આવેલ છે ટેલિફોનીક શોક સંદેશો મો.૯૫૮૬૯ ૬૭૩૬૭, ૯૯૨૪૯ ૬૯૪૨૭,૯૯૨૪૦ ૬૮૦૮૨ ઉપર વ્યકત કરવો.

**રાજકોટ:** રાજકોટ નિવાસી હાલ અમદાવાદ સ્વ. જયંતિલાલ કેશવજી મહેતાના પુત્ર અતુલભાઈ (ઉ.વ.૬૩) તે બીપીનભાઈ, અશ્વિનભાઈ, શૈલેષભાઈ, મીનાબેન, બીનાબેનના ભાઈ, શ્રેય, કિંજલના પિતા, ભાવિ, શ્રેણિક, મૈત્રી, સમકિતના કાકા, અજીતભાઈ નંદલાલ શેઠના જમાઈનું તા. ૪ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૯ ને સોમવારે બપોરે ૪ થી ૫ દરમિયાન 'ભાવી' ૧-વર્ધમાન નગર, પેલેસ રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**ગોંડલ:** સકીનાબેન સૈફદીનભાઈ ભારમલ તે હકીમુદ્દીનભાઈ શેખકુરબાનહુસેન કપાસીના પત્ની (અબ્બાસી ફાર્મસી વાળા), તે તાહાભાઈ કપાસીના માતા, ઝોએબભાઈ કપાસી ( કે.એસ. ગાંધીવાળા) ના ભાભીમાનું ગોંડલ મુકામે તા. ૬-૨ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. તેમની જીયારતના સીપારા ૧૧.૩૦ કલાકે કદીમ મસ્જીદ રવિવાર તા. ૮-૨ ના રોજ (આંબલી શેરી) માં ગોંડલ ખાતે રાખેલ છે.

(પહેલા પાનાનું ચાલું)

### ઈસ્લામાબાદ બ્લાસ્ટ...

પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફના તે દાવા પછી આવ્યું છે જેમાં તેમણે કહ્યું હતું કે હુમલામાં ભારત અને અફઘાનિસ્તાન સામેલ હતા.ઈસ્લામાબાદમાં નમાઝ દરમિયાન શિયા મસ્જિદ (ઈમામવાડા) માં આત્મઘાતી હુમલો થયો હતો. પાકિસ્તાની અખબાર ધ ડોન અનુસાર, હુમલામાં ૩૧ લોકોના મોત થયા હતા અને ૧૬૯ ઘાયલ થયા હતા. ઘણા મીડિયા રિપોર્ટ્સમાં ૬૯ લોકોના મોતની જાણકારી આપવામાં આવી રહી છે.

### ભારત વિરૂધ્ધ જિહાદ...

કમાન્ડર મસૂદ ઈલ્યાસ કાશ્મીરીએ રાવલકોટમાં માં એક મોટી રેલીને સંબોધિત કરી. તેમણે પાકિસ્તાની યુવાનોને જૈશમાં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યા અને કહ્યું કે તેમના સમર્થકો પૂરી તાકાત અને આતંક સાથે દુશ્મનને કચડી નાખવા તૈયાર છે. તેમણે દિલ્હી અને વૈશ્વિક શક્તિઓ (ખાસ કરીને અમેરિકા, ઈંગ્લેન્ડ અને ઈઝરાયેલના વડાપ્રધાન નેતન્યાહુ)ને સંદેશ મોકલવાની ધમકી આપી. આ રેલીમાં નવા ભરતી થયેલા નેક્સ્ટ જનરેશનના આતંકવાદીઓને પણ જાહેરમાં બતાવવામાં આવ્યા.

(છેલ્લા પાનાનું ચાલુ)

### જામનગર મોટી ખાવડી...

બાદમાં તેમને નશાનો વેંપલો કરવાનો વિચાર આવતા તેઓ ડ્રગ્સનો જથ્થો પંજાબથી લાવી અહીં છૂટક વેચાણ કરવાની ફિરાકમાં પંજાબથી ફિલીપ્સ ઉર્ફે ફૌજી નામના શખ્સે હેરોઈનનો જથ્થો આપ્યાનું સામે આવ્યું છે. જેથી મુખ્ય સૂત્રધાર ફૌજીને પકડવા પોલિસે ચક્રો ગતિમાન કર્યા છે.

### નકલી દુધ...

જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં ૯૭૮ નમૂનાઓ નિષ્ફળ ઠરી, જે અત્યાર સુધીનું ઉચ્ચતમ આંકડો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૯૧૦ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા અને રૂ. ૧૧ કરોડની કિંમતના ૩૫૧ ટન અખાદ્ય પદાર્થો જપ્ત કરવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪-૨૫માં (નવેમ્બર સુધી) કુલ ૫,૩૭૧ નમૂનાઓમાંથી ૪૪૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા છે. વર્ષ ૨૦૨૫-૨૬માં (ચાલુ વર્ષ) ખાસ કરીને મસાલા મિશ્રણના કેસોમાં વધારો નોંધાઈ રહ્યો છે, જોકે સંપૂર્ણ વર્ષનો ડેટા હજુ ઉપલબ્ધ નથી. વર્ષ ૨૦૨૨-૨૩માં નિષ્ફળ નમૂનાઓનું પ્રમાણ સૌથી વધુ હતું, ત્યારબાદ સંખ્યામાં થોડો ઘટાડો થયો છે, પરંતુ વર્ષ ૨૦૨૪માં ટકાવારીની દ્રષ્ટિએ તીવ્ર વધારો નોંધાયો છે. દૂધ, પનીર, મસાલા અને તેલમાં સમસ્યા સતત યથાવત છે.

અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. રાષ્ટ્રીય સ્તરે માત્ર ૧૫% જેટલા નિયમભંગ કરનારાઓ સામે જ અસરકારક કાર્યવાહી થાય છે. તા. ૧-૧-૨૦૨૩થી ૩૧-૧૦-૨૦૨૪ દરમિયાન AMCના ફુડ સેફ્ટી ઓફિસરોએ એન્ફોર્સમેન્ટ માટે ફુડ સેમ્પલ લેવા પાછળ પ્રજાના કુલ રૂ. ૧૨,૯૬,૩૩૬/- જેટલા રૂપિયા ખર્ચ્યા છે. આટલો ખર્ચ થવા છતાં મોટાભાગના ફુડ સેમ્પલો લેબોરેટરીમાં પાસ થવાના રિપોર્ટ આવે છે, જે દર્શાવે છે કે ફુડ અધિકારીઓ જાણબૂઝીને એવા જ નમૂનાઓ લે છે જે લેબમાં પાસ થઈ જાય. આ સમગ્ર પ્રક્રિયામાં મોટું કૌભાંડ ચાલી રહ્યું હોવાનો સંદેહ છે અને સામાન્ય નાગરિકોને શુદ્ધ ખોરાક ભાગ્યે જ મળતો હોય તેવી સ્થિતિ છે.

હોટલ, રેસ્ટોરન્ટ તથા ખાદ્ય નાસ્તાની લારીઓએ ગ્રાહકોને સ્પષ્ટ રીતે દેખાય તેવા મોટા અક્ષરોમાં બોર્ડ લગાવી ખોરાક કયા કુકિંગ માધ્યમમાં તૈયાર થયો છે (જેમ કે સિંગતેલ, પામોલિન તેલ વગેરે) તે દર્શાવવું ફરજિયાત છે. છતાં આ જોગવાઈઓનું પાલન થતું નથી, જેના કારણે નાગરિકોમાં હાર્ટ એટેક જેવી ગંભીર બિમારીઓનું જોખમ વધે છે. અમદાવાદ શહેર સહિત સમગ્ર ગુજરાતમાં ફુડ અધિકારીઓ આ નિયમોનો યોગ્ય અમલ કરાવતા નથી.

આ સમગ્ર ડેટા સાબિત કરે છે કે ફુડ સેફ્ટીનો કાયદો હોવા છતાં સપ્લાય ચેઈન, લેબોરેટરી પ્રક્રિયા અને અમલીકરણમાં ગંભીર ખામીઓ છે. ગુજરાતમાં સુરક્ષિત ખોરાક સુનિશ્ચિત કરવા માટે FSSAI તથા FDCAએ તેમના વાર્ષિક રિપોર્ટ્સમાં વિગતવાર ડેટા જાહેર કરવો જોઈએ અને ગ્રાહકોની ફરિયાદોને ગંભીરતાથી લઈ તાત્કાલિક અને કડક પગલાં ભરવા જોઈએ.

### ચૂંટાયેલા મહિલા સરપંચ...

આપે છે અથવા સરકારી કામકાજમાં બિનજરૂરી દખલગીરી કરે છે. આ પ્રથા લોકશાહીના મૂલ્યો અને કાયદાકીય જોગવાઈઓનું ઉલ્લંઘન છે. જેને અટકાવવા આકરા આદેશ આપવામાં આવ્યા છે.

પંચાયતની તમામ સભા કે અન્ય બેઠકોમાં માત્ર ચૂંટાયેલા મહિલા પ્રતિનિધિ જ હાજર રહે તે સુનિશ્ચિત કરવું. તેમના બદલે તેમના પતિ કે અન્ય કોઈ સંબંધી બેઠકમાં બેસી શકશે નહીં.

ગ્રામ પંચાયતના રેકોર્ડ, ચેકબુક કે અન્ય સરકારી દસ્તાવેજો પર માત્ર ચૂંટાયેલા પ્રતિનિધિની જ સહી હોવી જોઈએ.. જો કોઈ કિસ્સામાં મહિલા પ્રતિનિધિના સ્થાને અન્ય વ્યક્તિ વહીવટ કરતી જણાશે. તો સંબંધિત તલાટી-કમ-મંત્રી સામે પણ શિસ્તભંગના પગલા લેવામાં આવશે.

તાલુકા કક્ષાએથી સમયાંતરે આ બાબતે આકસ્મિક તપાસ કરવી અને જો આવી ગેરરીતિ જણાય તો ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ પદાધિકારીને હોદા પરથી દૂર કરવા સુધીની કાર્યવાહી/દરખાસ્ત રજૂ કરવી.

આ સૂચનાઓનો અમલ તાત્કાલિક અસરથી તમામ ગ્રામ પંચાયતોમાં થાય તે જોવાની જવાબદારી આપશ્રીની રહેશે.

### સાવજોની રખેવાળી...

૧૧૫ કિમીના વિસ્તારમાં સિંહોના રક્ષણ માટે એક ખાસ 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' આધારિત ઈન્ટ્રુઝન ડિટેકશન સિસ્ટમ મંજૂર કરી છે.

જો કોઈ સિંહ રેલવે ટ્રેકની નજીક આવશે, તો આ એઆઈ સિસ્ટમ તરત જ ટ્રેનના ડ્રાઈવર , સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે. જેથી સમયસર ટ્રેન રોકી શકાય અથવા તેની ગતિ ધીમી કરી શકાય. સિંહોની અવરજવર માટે અત્યારે બે અંડરપાસ છે, જ્યારે વધુ પાંચ નવા અંડરપાસ બનાવવાનું કામ ચાલુ છે. વન વિભાગ અને રેલવે વિભાગ વચ્ચે દર મહિને મીટિંગ થાય છે જેથી સિંહોની સુરક્ષામાં કોઈ કચાસ ન રહી જાય.

### ઉનાળો 'લાલચોળ'...

ભાવનગરનું તાપમાન ૩૨.૩ ડિગ્રી, દમણનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, દ્વારકાનું તાપમાન ૩૧.૮ ડિગ્રી અને જામનગરનું મહતમ તાપમાન ૨૯.૮ ડિગ્રી નોંધાયું હતુ.

આગામી ૨૦મી ફેબ્રુઆરી બાદ શિયાળો સતાવાર વિદાય લેશે. ઉનાળાનું આગમન થશે. મહતમ તાપમાનમાં ક્રમશઃ વધારો નોંધાશે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટાઃ ગૌભકત સુરેશભાઈ માકડીયાને સર્વ સમાજ દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ



**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા.**

ઉપલેટાના જાણીતા વેપારી અને પ્રખર ગૌ ભકત સુરેશભાઈ માકડીયાના આકસ્મીત નિધનથી શહેરે એક પ્રથમ ગૌ ભકત ગુમાવતા પરિવાર દ્વારા આયોજીત શ્રધ્ધાંજલી અર્પણનાં કાર્યક્રમમાં સર્વે સમાજ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી શ્રધ્ધાંસુમન અર્પણ કર્યા હતા.

શહેરમાં વડચાકે ગૌ સેવા સમાજમાં વર્ષો સુધી પિતા વલ્લભભાઈના પગલે સુરેશભાઈએ ગૌ માતાની સેવા કરી પોતે પોતાની જીંદગીના અંતિમ શ્વાસ સુધી ગૌમાતાની સેવા કરવાનો જીવનમાં મંત્ર બનાવ્યો હતો. એક સમયે સમગ્ર શહેર રેઢીયાળ પશુઓથી ઉભરાઈ રહ્યું હતુ તેવા સમયે સૌ પ્રથમ એનીમલ હોસ્ટેલને સંચાલનની સાથે સાથે આર્થિક યોગદાનની જવાબદારી ઉપાડવાની જાહેરાત કરી હતી એને કારણે આજે ઉપલેટા શહેર રેઢીયાળ પશુથી મુકત થયું છે.

આજે એનિમલ હોસ્ટેલમાં એક હજાર કરતા વધુ ગાયો નિભાવ કરી રહી છે.તેનું સંચાલન તેમના ભાઈપિયુષભાઈ માકડીયા અને તેમની ટીમ કરી રહી છે. આવા પ્રખર ગૌ ભકતને શ્રધ્ધાંજલી અર્પણ કરવા અને શોક સભામાં ઉપલેટાના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા, પૂર્વ સાંસદ રમેશભાઈ ધડુક, પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા, પ્રવિણભાઈ માકડીયા, પ્રવિણ પ્રકાશનવાળા ગોપાલભાઈ માકડીયા, પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ જિલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, જિલ્લા ભાજપના અગ્રણી ઈન્દ્રવિજયસિંહ ચુડાસમા, ભાયાવદર પાલીકાના પ્રમુખ રેખાબેન શિણોજીયા, રાજકોટના ઉદ્યોગપતિ અજયભાઈ કાલરીયા, કડવા પટેલ સમાજના પ્રમુખ દિનેશભાઈ કાલાવડીયા, આહિર સમાજના અગ્રણી દાનભાઈ ચંદ્રવાડીયા, મનોજભાઈ નંદાણીયા, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા, સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, કોળી સમાજના પ્રમુખ જગદીશભાઈ વિરમગામા ઉદ્યોગપતિ ધરણાંતભાઈ સુવા અગ્રણી બિલ્ડરો શૈલેષભાઈ માકડીયા વિનુભાઈ ઘેટીયા, નિતિનભાઈ અધેરા, નિલભાઈ માકડીયા, કિરીટભાઈ જાવીયા, સંજયભાઈ માકડીયા, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, ચેમ્બરના પ્રમુખ રમેશભાઈ પાનેરા, ઉપપ્રમુખ હારૂનભાઈ માલવીયા, મંત્રી વિનુભાઈ ઘેરવડા, ડો. એશો.ના ડો.પિયુષભાઈ કણસાગરા, ડો. બ્રિજેશભાઈ મોડીયા, ડો.આર.કે. સોજીત્રા, પંચાયત પ્રમુખ પિયુષભાઈ હુબલ, શિક્ષણવિદ મજબુતભાઈ હુબલ, પાટીદાર અગ્રણીઓ રમણીકભાઈ લાડાણી, ધવલભાઈ ધમસાણીયા, અશ્વીનભાઈ લાડાણી, અજયભાઈ જાગાણી, નરસિંહભાઈ મુંગલપરા, હસુભાઈ કંટારીયા, નાગરીક બેંકના મયુરભાઈ સોલંકી, સહિત વિવિધ રાજકીય સામાજીક સંસ્થાના હોદેદારો વેપારી એસો.ના હોદેદારો અને ગૌ ભકતો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરા માર્કેટીંગ યાર્ડના વી. બી. જી-રામ-જી અભિયાન અંતર્ગત યોજાઈ કાર્ય શિબિર

## જિલ્લા ભાજપ આગેવાનો નિષ્ણાંતોએ બજેટ સાથે વીજી રામજી યોજનાની આપી સમજણ



**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા માર્કેટીંગ યાર્ડમાં વી.બી.રામજી યોજનાનો સામાજીક જાગૃતી અને બજેટની સમિક્ષા માટેની બેઠકમાં કાર્યકરો વેપારીઓને ભાજપના આગેવાનો અને નિષ્ણાંતોએ માર્ગદર્શન આપ્યું હતુ.

આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ વક્તા કેતનભાઈ સોની તેમજ સુરેશભાઈ ગમારા, અમરેલી જિલ્લા ભાજપ મંત્રી મનોજભાઈ મહીડા, ધીરુભાઈ માયાણી, બગસરા તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખર, બગસરા તાલુકા ભાજપ મહામંત્રી દેવરાજભાઈ રાંક, પ્રકાશભાઈ પરમાર, બગસરા તાલુકા પંચાયતના પ્રમુખ બાબુભાઈ બકરાણીયા, ઉપપ્રમુખ હસમુખભાઈ બાબરિયા, બગસરા શહેર ભાજપ પૂર્વ પ્રમુખ ધીરુભાઈ કોટડીયા સહિત અન્ય હોદેદારઓ, બગસરા નગરપાલિકાના સદસ્યઓ, બગસરા તાલુકાના ગામોના સરપંચઓ, તેમજ મોટી સંખ્યામાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ઉપલેટાઃ કાલે પીરે તરીકત અબામુઝમ્મીલ બાપુ કાદરીની કરાશે રકત તુલા

## લઘુમતિ સમાજની સામાજીક સંસ્થાઓ કિંગ સ્ટાર ગ્રુપ અને કે.જી. એન. ગ્રુપ સેવા યજ્ઞની સરાહના

**અબતક, કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા શહેરમાં લઘુમતિ સમાજની સામાજીક સંસ્થાઓ દ્વારા આવતીકાલે સમાજના પીરે તરીકત સૈયદ અલ્હાજ અબામુઝમ્મીલ બાપુ કાદરીની ભવ્ય રકત તુલાનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરમાં કોઈપણ જાતના નાત જાત ધર્મ વગર સામાજીક સેવાકીય પ્રવૃતિ કરતી કિંગ સ્ટાર ગ્રુપ અને કે.જી. એન. ગ્રુપ ના સંયુકત ઉપક્રમે પીરે તરીકત સૈયદ અલ્હાજ અબામુઝમ્મીલબાપુ કાદરીની ભવ્ય રકત તુલા આવતીકાલે સવારે ૯ થી ૬ સુધી રકતદાન કેમ્પ બાદ એમ.ડી. ગર્લ્સ હાઈસ્કુલ, મદાના મસ્જીદ સામે ઉપલેટા મુકામે કરવામાં આવશે.



આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે જેતપુરના ધારાસભ્ય જયેશભાઈ રાદડીયા ઉપલેટા પાલિકાના પ્રમુખ વર્ષાબેન ગજેરા ઉપસ્થિત રહેશે જયારે મુખ્ય મહેમાનો તરીકે પાલિકાના ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, શિક્ષણ સમીતીના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, જીલ્લા ભાજપના મહામંત્રી રવિભાઈ માકડીયા, પૂર્વ નગરપતિ દાનભાઈ ચંદ્રવાડીયા, બાબુભાઈ ડેર, ક્ષત્રીય સમાજના પ્રમુખ હરપાલભાઈ જાડેજા, સરદાર પટેલ સોશ્યલ ગ્રુપના પ્રમુખ હરસુખભાઈ સોજીત્રા, ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ ભરતભાઈ રાણપરીયા, માનવ સેવા ટ્રસ્ટના પ્રમુખ લાલજીભાઈ રાઠોડ, સમસ્ત મેમણ જમાતના પ્રમુખ હાજીભાઈ શિવાણી, સમસ્ત મુસ્લીમ એકતા સમીતીના પ્રમુખ અફઝલ બાપુ કાદરી, મેમણ એકસપ્રેસ એડિટર યુસુફભાઈ સોરઠીયા, અન્જુમને હિમાયતુલ ઈસ્લામ ટ્રસ્ટના હોદેદારો ઉપસ્થિત રહેશે આ કેમ્પની વધુ માહીતી માટે બોદુભાઈ હેરેમ ૯૮૯૮૨ ૧૪૫૨૦ રિઝવાનભાઈ હિંગોરા અને રિયાજભાઈ હિગોરો મો. ૯૦૧૬૭ ૭૮૬૯૨ ઉપર સંપર્ક કરવો.

# અમરેલીના દામનગરમાં એસબીઆઈનું કેશ ડીપોઝીટ મશીન દોઢ મહિનાથી બંધ

## મેઈન બજારના એટીએમ મશીનના ધાંધીયાથી પ્રજા પરેશાન

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

દામનગર મુખ્ય બજારમાં કૂરબિયા શેરી પાસે આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની શાખાનું કેશ ડિપોઝિટ મશીન છેલ્લા દોઢ મહિનાથી બંધ હાલતમાં હોવાથી ગ્રાહકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આધુનિક બેંકિંગના યુગમાં જ્યારે ડિજિટલ વ્યવહારો પર ભાર મૂકવામાં આવે છે, ત્યારે મુખ્ય બજાર જેવો ધમધમતો વિસ્તાર હોવા છતાં મશીન બંધ છે. વેપારીઓ અને સામાન્ય લોકોએ કેશ જમા કરાવવા માટે બેંકમાં લાંબી લાઈનોમાં ઉભા રહેવું પડે છે, અથવાતો એટીએમ બંધ હોવાથી ગ્રાહકોએ અન્ય વિસ્તારોમાં ધક્કા ખાવા પડે છે. જેને લઈ





બેંક મેનેજરને આ બાબતે બે-બે વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી.

સ્થાનિક ગ્રાહક છેલ્લા ૪૫ દિવસથી મશીન બંધ હોવા પાછળ માત્ર ટેકનિકલ ખરાબીનું કારણ બતાવવામાં આવે છે. લોકો દ્વારા જ્યારે આ બાબતે પૃચ્છા કરવામાં આવી ત્યારે પણ તંત્ર પાસે કોઈ નક્કર સમયગાળો નથી કે આ મશીન ક્યારે શરૂ થશે. ગ્રાહકોની માંગ છે કે ઉચ્ચ કક્ષાએથી આ બાબતની તપાસ કરવામાં આવે અને સત્વરે મશીન શરૂ કરી લોકોની મુશ્કેલી દૂર કરવામાં આવે તેવી દામનગરના લોકોએ માંગ કરી છે.

# સોમનાથઃ વિજ ચેકીંગમાં ૩૮ લાખની વિજ ચોરી ઝડપાઈ

**અબતક, જયેશ પરમાર, સોમનાથ**

વેરાવળ પીજીવીસી એલ વિભાગીય કચેરી હેઠળ ખાસ વીજ ચેકીંગ નું આયોજન થયેલ જેમાં કુલ ૩૫ ટીમો ના ૧૬૦ કર્મચારીઓ દ્વારા ૫૮૦ વીજ જોડાણ તપાસતા ૧૨૨ વીજ જોડાણ માં ગેરરીતી ઝડપાતા તેઓને ૩૮.૬૦ લાખ ના બીલો આપવામાં આવેલ છે.





વેરાવળ તાલાલા તથા સુત્રાપાડા તાલુકાનાં નીચે મુજબા ના ગામો માં વીજ ચેકીંગ થયેલ છે.

ઉમરેઠી, માલઝીંઢવા, જેપુર, બકુલા ધનેજથોરડી, સિંગસર, લોધવા, બરેવલા, પ્રસ્નવદા જામ્બુર સવની, મોરાજ, ઈનાજ, ગોવિંદપરા, વાવડી આદ્રી, ઉમરાળા, ઉંબા, ઉકડિયા, મલોંધા, ખેરાલી, દેડા, ચમોડા, આંબલીયાળા, ટોબરા, મહોબતપરા, ખાંભા, વાંસવડ, પ્રાંસલી, સુંદરપારા, નાખાડા, કુક્રાસ, બોલાસ, થારેલી, પદ્રુકા, મોરાસા, કડસાલા, ચાગીયા, બાફલા, આરબ ચોક, ત્રુક ચોરા, ભરકોટ, મોચી બાજર, ખારવા વડ, ગુલાબનગર, ઘંચીવાડા, કોલીવાડા, પઠાણવાડા, મૈનબઝાર શાંતિનગર,

# નિકાવામાં સમૂહ લગ્નોત્સવમાં ૨૮ દીકરીઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા

**અબતક, રાજુ રામોલીયા, કાલાવડ**

કાલાવડ તાલુકાના નિકાવા ગામે શ્રી મચ્છુ આઈ સમૂહ લગ્ન સમિતિ તેમજ સમસ્ત ભરવાડ સમાજના સંયુકત ઉપક્રમે પરંપરાગત રીતિરીવાજ સાથે ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ભરવાડ સમાજની કુલ ૨૮ દીકરીઓએ લગ્નના પવિત્ર બંધનમાં બંધાઈ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા. આ સમૂહ લગ્નોત્સવ સમાજમાં એકતા, સહકાર અને સાદગીનો ઉત્તમ ઉદાહરણ બન્યો હતો.





નિકાવા મુકામે દર વર્ષે નિયમિતપણે યોજાતા આ સમૂહ લગ્નોત્સવનું આ વર્ષે ૧૮મું વર્ષ હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન ધાર્મિક વિધિ, વરઘોડા, આશીર્વચન તથા સમારોહની સુંદર વ્યવસ્થા જોવા મળી હતી. આ પ્રસંગે સમગ્ર નિકાવા ગામ તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. રાજકીય, સામાજિક અગ્રણીઓ, સંતો-મહંતો તેમજ સમાજના આગેવાનોની નોંધપાત્ર ઉપસ્થિતિએ સમારોહને વિશેષ ગૌરવ આપ્યું હતું.

લગ્નોત્સવમાં મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. તેમજ જામનગરના સાંસદ પૂનમબેન માડમના પ્રતિનિધિ કરસનભાઈ પિઠીયા, તાલુકા ભાજપ પ્રમુખ સંજયભાઈ ડાંગરિયા, કાલાવડ શહેર ભાજપ પ્રમુખ નિરવભાઈ ભટ્ટ, યુવા પૂર્વ સરપંચ રાજુભાઈ મારવિયા, જામનગર જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા જે.પી. મારવિયા, તાલુકા ભાજપ મહામંત્રી ભાવેશભાઈ વિરડીયા, કાલાવડ શહેર ભાજપ મહામંત્રી મીતભાઈ ફળદુ, ઉપસરપંચ મનસુખભાઈ ગમઢા, સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો હાજર રહ્યા હતા. તમામ મહેમાનોએ નવદંપતીઓને આશીર્વાદ પાઠવી સમૂહ લગ્નોત્સવની ભાવનાને બિરદાવેલી.

સમૂહ લગ્નોત્સવમાં જોડાયેલ તમામ દીકરીઓને કરિયાવર રૂપે ભગવતગીતાજી, પૂજન માટે મંદિર, સેટીપેટી, કબાટ, ટીપાય તેમજ જીવન જરૂરી ઘરવખરીની તમામ સામગ્રી આપવામાં આવી હતી, જે સમાજની દીકરીઓના સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ છે.

# જૂનાગઢ બસ સ્ટેશનથી ભવનાથ મેળામાં જવા માટે ૮૬ મિનિ બસ દોડશે

## અમદાવાદ, રાજકોટ, ભાવનગર, કચ્છ સહિતના શહેરો માંથી જૂનાગઢ આવવા – જવા 330 બસનુ થશે સંચાલન

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

આગામી ભવનાથના શિવરાત્રી મેળામાં ભાવિકોની આવન - જાવન માટે બસ સ્ટેશનથી ભવનાથ મેળામાં જવા ૮૬ મીની બસ દોડશે, આ સાથે અમદાવાદ, રાજકોટ, ભાવનગર, કચ્છ સહિતમાંથી જૂનાગઢ આવવા ૩૩૦ મોટી બસનુ સંચાલન થશે.

એસટી વિભાગીય નિયામક વી.બી. ડાંગરના જણાવ્યા પ્રમાણે આગામી તા. ૧૧ થી ૧૫ ફેબ્રુઆરીના રોજ શિવરાત્રિનો મીનીકુંભ મેળો યોજાનાર છે. જેમાં લાખોની સંખ્યામાં દેશ-વિદેશમાંથી યાત્રિકોનુ આગમન થવાનુ છે. ત્યારે મેળાને લઈને જૂનાગઢ એસટી વિભાગ દ્વારા યાત્રિકો માટે વિશેષ આયોજન કરાયુ છે. આ વર્ષે બસ સ્ટેશનથી મેળામાં જવા માટે ૮૫ મીની બસ દોડાવાશે.

મેળામાં જવા માટે બસ જૂનાગઢ બસ સ્ટેશનથી વાઘેશ્વરી મંદિર પાસે ઉભા કરેલા બસ સ્ટોપ સુધી જશે, આ બસ તા. ૧૧ ફેબ્રુઆરીને સવારના ૯:૩૦ કલાકથી શરૂ થઈ જશે. જે માટે ટીકીટનો દર રૂ. ૨૫ રહેશે. આ સાથે ગુજરાત ભરમાંથી જૂનાગઢ આવતા યાત્રિકો માટે પણ જૂનાગઢ એસટી વિભાગે એકસ્ટ્રા મોટી બસની વ્યવસ્થા અને સંચાલન કર્યુ છે. જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત, કચ્છ, અમરેલી ભાવનગર, સહિતના વિસ્તારમાંથી જૂનાગઢ આવવા માટે ૩૩૦ એકસ્ટ્રા બસ મેળા દરમિયાન દોડશે. આ બસની શરૂઆત તા. ૧૦ ફેબ્રુઆરીથી જ થઈ જશે.

# ગાંધીધામઃ સરહદ ડેરીમાં કૃત્રિમ ગર્ભધાનથી જન્મેલી વાછરડી ૨૦ મહિનામાં જનેતા બની

## સરહદ ડેરીના પશુ સંવર્ધન ઓલાદ સુધારણા કાર્યક્રમને પશુપાલકોનો જબ્બર પ્રતિસાદ



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. સરહદ ડેરી દ્વારા પશુપાલકોની આવકમાં વધારો થાય અને ઓલાદ સુધારણા થકી વધુ દૂધ ઉત્પાદન શક્ય બને તે હેતુથી અમલમાં મૂકવામાં આવેલ એમ્બ્રિયો ટ્રાન્સફર (કૃત્રિમ ગર્ભધાન) ટેક્નોલોજીના પાયલોટ પ્રોજેક્ટ અંતર્ગત નોંધપાત્ર સફળતા પ્રાપ્ત થઈ છે.

માંડવી તાલુકાના કલવાણ વિસ્તાર હેઠળ આવેલી દૂધ મંડળીના સભાસદ જશુબેન કાંતિભાઈ પિંડોરિયાની ગાયમાં તારીખ ૧૮-૦૮-૨૦૨૩ના રોજ એમ્બ્રિયો ટ્રાન્સફર જેવી અદ્યતન વૈજ્ઞાનિક પ્રક્રિયા કરવામાં આવી હતી. આ પ્રક્રિયાને તારીખ ૧૪-૦૫-૨૦૨૪ના રોજ અભૂતપૂર્વ સફળતા મળી અને એક તંદુરસ્ત વાછરડીનો જન્મ થયો હતો, જેનું જન્મ સમયે વજન ૨૨.૫૦ કિલોગ્રામ નોંધાયું હતું.

યોગ્ય સંભાળ અને સુવ્યવસ્થિત ઉછેરના પરિણામે, આ વાછરડીમાં ૧૧ માસની ઉંમરે તારીખ ૨૨-૦૪-૨૦૨૫ના રોજ બીજદાન કરવામાં આવ્યું, જેમાં તે સફળતાપૂર્વક ગાભણ રહી. પરિણામ સ્વરૂપે તારીખ ૦૬-૦૨-૨૦૨૬ના રોજ ફરી એક તંદુરસ્ત વાછરડીનો જન્મ થયો છે, જેનું જન્મ સમયે વજન ૨૫ કિલોગ્રામ છે. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન દૂધ મંડળીના પ્રમુખ દિનાબેન ધીરજભાઈ કેરાઈ દ્વારા એમ્બ્રિયો ટ્રાન્સફર પ્રક્રિયા માટે નોંધપાત્ર સહકાર આપવામાં આવ્યો હતો.

સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલના નેતૃત્વમાં સરહદ ડેરી તથા એનડીડીબીના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ પશુપાલકોને વૈજ્ઞાનિક પદ્ધતિઓ દ્વારા વધુ ઉત્પાદનક્ષમ પશુ પ્રાપ્ત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યો છે.

# જસદણમાં શેરીઓના નામકરણ અને સ્ટ્રીટ લાઈટના થાંભલા પર રંગ રોકાણ કરાવવા ચીફ ઓફિસરને રજૂઆત

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણના યુવા આગેવાન અને ભાજપના કાર્યકર પ્રવીણભાઈ છાયાણીએ ચીફ ઓફિસરને પત્ર પાઠવી શહેરના વિકાસ અને જરૂરિયાત જેવા બે મહત્વના પ્રશ્નોના ઉકેલની માંગ કરી છે.

ચીફ ઓફિસર ને પાઠવેલા પત્રમાં પ્રવીણભાઈ છાયાણીએ રજૂઆત કરી છે કે જસદણના ચિતલીયા રોડ પર વોર્ડ નંબર પાંચમાં ડિવાઈડર પર સ્ટ્રીટ લાઈટના પોલ વર્ષોથી કલર કામ વગરના હોય અને અનેક જગ્યાએ કાટ ખાઈને જર્જરિત થઈ ગયા છે આ વીજબોલને તાત્કાલિક રંગ રોગાન કરવાની જરૂર છે ,સાથે સાથે વોર્ડ નંબર પાંચમાં સોસાયટી



અને શેરીઓની સંખ્યા વધી રહી છે અને વર્ષોથી નામકરણ કર્યું ન હોવાથી સોસાયટી અને શેરીઓનું નામકરણ કરવાની જરૂરત છે આ બંને પ્રશ્નોનોનો ઉકેલ લાવવા ચીફ ઓફિસરને પાઠવેલા પત્રમાં વિનંતી કરવામાં આવી છે.

# કાલાવડઃ ભાગવત કથાકાર હિમાશું શાસ્ત્રીનો જન્મદિવસ

શ્રીમદ ભાગવત કથાકાર વકતા જયોતિષાચાર્ય, કર્મકાંડ ચેરીટેબલ ટ્રસ્ટ સૌરાષ્ટ પ્રાંત પ્રભારી, કાલાવડ તાલુકા પ્રમુખ અને વિશ્વ હિન્દુ પરિષદ ના જામનગર ગ્રામ્ય ના ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ હિમાંશુ દાદા શાસ્ત્રીજી કાલાવડ




વાળાનો આજ રોજ જન્મ દિવસ હોય તો તેમના જન્મ દિવસ નિમિતે સૌ કોઈ જન્મ દિવસ ની હાર્દિક શુભકામનાઓ પાઠવી રહ્યા છે.

# ભારતના "સૂર્યવંશીઓ"ના વૈભવે ઢગલાબંધ રેકોર્ડ સર્જી વિશ્વ વિજેતાનો તાજ જીત્યો

## ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે ભારતનો ૧૦૦ રનથી વિજય: વૈભવ સૂર્યવંશીના વિક્રમી ૧૭૫ રન: ફાઈનલમાં ભારતનો ૪૧૧ રનનો જંગી સ્કોર, અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં છઠ્ઠી વાર ટાઈટલ જીત્યું

## ભારતની ક્રિકેટ પ્રતિભા ચમકી છે: પીએમ મોદી



પીએમ નરેન્દ્ર મોદીએ અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ જીત પર કહ્યું કે ભારતની ક્રિકેટ પ્રતિભા ચમકી છે. તેમણે એક્સ પર લખ્યું, "ભારતમાં વર્લ્ડ કપ લાવવા બદલ અમને આપણી અંડર-૧૯ ટીમ પર ગર્વ છે. ટીમે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન શાનદાર પ્રદર્શન કર્યું અને અસાધારણ કૌશલ્ય દર્શાવ્યું. આ જીત ઘણા યુવા ખેલાડીઓને પ્રેરણા આપશે. ખેલાડીઓને તેમના ભવિષ્યના પ્રયાસો માટે શુભકામનાઓ."





**અબતક, રાજકોટ**

ભારતના ઉભરતા સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીએ અત્યંત ઝંઝાવાતી ૧૭૫ રન ફટકારતાં ભારતે ઈતિહાસ રચીને આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. ઈંગ્લેન્ડ સામેની ફાઈનલ મેચમાં ભારતે ૪૧૧ રનનો જંગી સ્કોર ખડક્યા બાદ ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. આ સાથે ભારતે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં છઠ્ઠી વાર ટાઈટલ જીતી લીધું હતું. આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારત સૌથી સફળ ટીમ રહેલી છે. તેણે ૨૦૦૦, ૨૦૦૮, ૨૦૧૨, ૨૦૧૮, ૨૦૨૨ અને હવે ૨૦૨૬ એમ છ વાર ટાઈટલ જીત્યા છે. ત્યાર બાદ ઓસ્ટ્રેલિયાનો ક્રમ આવે છે જેણે ચાર વખત ટાઈટલ જીત્યા છે. હરારે સ્પોર્ટ્સ ક્લબ ગ્રાઉન્ડ ખાતે રમાયેલી ફાઈનલમાં પ્રથમ બેટિંગ કરીને ભારતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૪૧૧ રનનો વિશાળ સ્કોર રજૂ કરી દીધો હતો. જેના જવાબમાં ઈંગ્લેન્ડ અંડર-૧૯ ટીમ ૪૦.૨ ઓવરમાં ૩૧૧ રન કરી શકી હતી. અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસમાં ભારતના ૪૧૧ રનનો સ્કોર પાંચમો સર્વશ્રેષ્ઠ સ્કોર રહ્યો હતો.ભારતે ઈનિંગ્સના પ્રારંભથી જ આક્રમક વલણ અપનાવ્યું હતું. શરૂઆતમાં મક્કમ બેટિંગ કરનારો વૈભવ સૂર્યવંશી સેટ થયા બાદ આક્રમક બન્યો હતો. વૈભવે તેના પહેલા ૫૦ રન ૩૨ બોલમાં અને બીજા ૫૦ રન ૨૩ બોલમાં પૂરા કર્યા હતા. તેણે આયુષ મ્હાત્રે સાથે મળીને બીજી વિકેટ માટે માત્ર ૧૯ ઓવરમાં ૧૪૨ રનની ભાગીદારી નોંધાવી હતી. વૈભવે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી ફટકારી હતી. તેણે ૫૫ બોલમાં સદી પૂરી કરી હતી.૧૪ વર્ષીય ઓપનર વૈભવ એક સમયે તો ઈંગ્લેન્ડના બોલર્સ સામે લગભગ ત્રાટક્યો હતો. વૈભવે ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા હતા. આમ તેણે અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી ૧૫૦ રનનો વિક્રમ પોતાના નામે કર્યો હતો.

તેણે માત્ર ૭૧ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. અગાઉ ઈંગ્લેન્ડના બેન માયેસે સ્કોટલેન્ડ સામે ૯૮ બોલમાં ૧૫૦ રન ફટકાર્યા હતા. અંતે ૮૦ બોલમાં ૧૫ ચોગ્ગા અને ૧૫ સિક્સર ફટકારીને વૈભવ સૂર્યવંશી આઉટ થયો હતો. જોકે તેણે આ સાથે ભારતના જંગી સ્કોરનો પાયો રચી દીધો હતો. તેના ઉપરાંત આયુષ મ્હાત્રેએ ૫૧ બોલમાં ૫૩ રન ફટકાર્યા હતા તો અભિજ્ઞાન કુન્ડુએ ૪૦ અને કનિષ્ક ચૌહાણે ૨૦ બોલમાં ૩૭ રનનું યોગદાન આપ્યું હતું.મેચ જીતવા માટે ૪૧૨ રનના ટારગેટ સામે રમતી ઈંગ્લેન્ડની ટીમ સમગ્ર મેચના કોઈ પણ તબક્કામાં જીતવાની દાવેદાર બની શકી ન હતી એટલું જ નહીં પરંતુ તે પડકાર આપવાની સ્થિતિમાં પણ આવી ન હતી.ભારતીય બોલિંગ અને ફિલ્ડિંગ સામે ઈંગ્લેન્ડની ટીમ લાચાર બની ગઈ હતી અને માત્ર ઔપચારિકતા ખાતર ઈનિંગ્સ પૂરી કરતી હોય તેવી રીતે રમતી જોવા મળી હતી. ફાલ્કનરે જોરદાર લડત આપીને સદી ફટકારી હતી જેને કારણે ઈંગ્લેન્ડનો પરાજય થોડા સમય માટે પાછો ઠેલાયો હતો પરંતુ પરિણામમાં ફરક પડ્યો ન હતો. ઓપનર બેન ડોકિન્સે શરૂઆત સારી કરી હતી. તેણે ૫૬ બોલમાં સાત ચોગ્ગા અને બે સિક્સર સાથે ૬૬ રન ફટકાર્યા હતા. ત્રીજા ક્રમના બેન માયેસે પણ સાત ચોગ્ગા અને બે સિક્સર ફટકારી હતી અને ૨૮ બોલમાં ૪૫ રન ફટકાર્યા હતા. જોકે આ બંનેની બેટિંગ દરમિયાન પણ ઈંગ્લેન્ડ ટારગેટ સુધી પહોંચી શકે તેમ જણાતું ન હતું. ૨૨મી ઓવર સુધીમાં ઈંગ્લેન્ડે ૧૭૭ રનમા સાત વિકેટ ગુમાવી દીધી ત્યાર બાદ તેમનો પ્રતિકાર શમી ગયો હતો. કાલેબ ફાલ્કનરે થોડી લડત આપી હતી પરંતુ ત્યાં સુધીમાં ભારતનો વિજય નિશ્ચિત થઈ ગયો હતો.

### સમસ્તીપુરના તાજપુર ગામના ટબુડીયાએ વિશ્વ ક્રિકેટમાં રેકોર્ડની હારમાળા સર્જી

ભારતના ઉભરતા સ્ટાર બેટર વૈભવ સૂર્યવંશીએ શુક્રવારે અહીં રમાયેલી આઈસીસી અંડર-૧૯ ક્રિકેટ વર્લ્ડ કપની ફાઈનલમાં ઈંગ્લેન્ડ સામે શાનદાર ૧૭૫ રન ફટકાર્યા હતા. આ ઈનિંગ્સ દરમિયાન તેણે વિવિધ વિક્રમો સર્જ્યા હતા. તેણે અંડર-૧૯ વર્લ્ડ કપના ઈતિહાસની બીજી સૌથી ઝડપી સદી ફટકારી હતી. તેણે ૫૫ બોલમાં સદી પૂરી કરી હતી. ૧૪ વર્ષીય વૈભવે ૮૦ બોલમાં ૧૭૫ રન ફટકાર્યા હતા. આમ તેણે અંડર-૧૯ વર્લ્ડ કપમાં સૌથી ઝડપી ૧૫૦ રનનો વિક્રમ પોતાના નામે કર્યો હતો. તેણે માત્ર ૭૧ બોલમાં ૧૫૦ રન પૂરા કર્યા હતા. કોઈ પણ અંડર-૧૯ લેવલના ક્રિકેટમાં આ રેકોર્ડ છે. અગાઉ ઈંગ્લેન્ડના બેન માયેસે સ્કોટલેન્ડ સામે ૯૮ બોલમાં ૧૫૦ રન ફટકાર્યા હતા. અંડર-૧૯ ક્રિકેટમાં એક ઈનિંગ્સમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ પણ હવે વૈભવના નામે છે. તેણે શુક્રવારે ઈંગ્લેન્ડ સામે ૧૫ સિક્સર ફટકારી હતી. અગાઉ તેણે જ ડિસેમ્બર ૨૦૨૫માં યુએઈ સામેની મેચમાં ૧૪ સિક્સર ફટકારી હતી. વૈભવની ૫૫ બોલમાં સદી અગાઉ ઓસ્ટ્રેલિયાના વિલ મેલેજુકે જાપાન સામેની મેચમાં ૫૧ બોલમાં સદી ફટકારી હતી. આમ સૌથી ઝડપી સદીમાં વૈભવ બીજા ક્રમે આવી ગયો છે. વૈભવે તેના પહેલા ૫૦ રન ૩૨ બોલમાં અને બીજા ૫૦ રન ૨૩ બોલમાં પૂરા કર્યા હતા. તેણે આયુષ મ્હાત્રે સાથે મળીને બીજી વિકેટ માટે માત્ર ૧૯ ઓવરમાં ૧૪૨ રનની ભાગીદારી નોંધાવી હતી.

# ઉતાવળીયું નહિ પરંતુ ભયમુક્ત "ભારત" ફરીથી વિશ્વ વિજેતા બનવા સજ્જ


## આજથી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ: ભારત અને અમેરિકા વચ્ચે રમાનારી મેચ પહેલાં યોજાનારા કાર્યક્રમમાં સંગીત અને નૃત્યનો અદભૂત સંગમ જોવા મળશે

### ભારત-અમેરિકાના વચ્ચે સાંજે ૭ વાગ્યાથી મેચનો પ્રારંભ

ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારત આજે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે યુએસએ સામે પોતાનો પહેલો મુકાબલો રમશે. સૂર્યકુમાર યાદવની કેપ્ટનશીપ હેઠળની ટીમ ઈન્ડિયા સતત બીજી વખત ટુર્નામેન્ટ જીતવાની મજબૂત દાવેદાર છે. ભારતે ૨૦૨૪માં રોહિત શર્માની કેપ્ટનશીપમાં ટાઈટલ જીત્યું હતું. આ વખતે, ટીમ ઈન્ડિયા પાસે જોરદાર જીત સાથે ટુર્નામેન્ટની શરૂઆત કરવાની તક છે.

ભારત અને યુએસએ વચ્ચે અત્યાર સુધી ફક્ત એક જ ટી૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમાઈ છે, જે ૨૦૨૪ ટી૨૦ વર્લ્ડ કપ દરમિયાન ન્યૂયોર્કમાં રમાઈ હતી. ભારતે તે મેચ સરળતાથી જીતી લીધી હતી. પહેલા બેટિંગ કરતા, યુએસએ ટીમે ૨૦ ઓવરમાં ફક્ત ૧૧૦ રન બનાવ્યા હતા. ભારતે ૧૮.૨ ઓવરમાં ૩ વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું. હવે, તેમના બીજા મુકાબલામાં, ભારતનો હાથ ઉપર હોય તેવું લાગે છે.





**અબતક, રાજકોટ**

આઈસીસીની બે મેગા ક્રિકેટ ઈવેન્ટમાં ભારત ચેમ્પિયન બનવા માટે દાવેદાર હતું જેમાં ભારતની અંડર-૧૯ ક્રિકેટ ટીમે વૈભવ સૂર્યવંશીની ૧૫ ચોગ્ગા અને ૧૫ સિક્સર સાથેની વિસ્ફોટક ઈનિંગના ધમાકેદાર પ્રદર્શન સાથે શુક્રવારે આઈસીસી અંડર-૧૯ વન-ડે ક્રિકેટ વર્લ્ડ કપ જીતી લીધો હતો. હવે ભારતની સિનિયર ટીમ પાસેથી આવી જ અપેક્ષા રખાય છે કેમ કે શનિવારથી ભારત અને શ્રીલંકાની યજમાની હેઠળ આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં સૂર્યકુમાર યાદવની ટીમને ટાઈટલ માટે ફેવરિટ માનવામાં આવે છે.

આજથી આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપનો પ્રારંભ થઈ રહ્યો છે જેમાં ૨૦ ટીમ ભાગ લેશે. ભારત શનિવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે રમાનારી મેચમાં યુએસએ સામે રમીને તેના અભિયાનનો પ્રારંભ કરશે. વર્લ્ડ કપની કેટલીક મેચો શ્રીલંકામાં પણ રમાનારી છે અને ખાસ કરીને પાકિસ્તાની ટીમ તેની તમામ મેચ કોલંબોમાં રમશે જેમાં ૧૫મી ફેબ્રુઆરીની ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચનો પણ સમાવેશ થાય છે પરંતુ આ મેચમાં ભારત સામે રમવાનો પાકિસ્તાન અત્યાર સુધી ઈનકાર કરતું આવ્યું છે પરંતુ તેણે સત્તાવાર રીતે જાહેરાત કરી નથી. વર્લ્ડ કપ અગાઉ તેમાં રાજકીય રંગ પણ ઉમેરાયો છે. જેમાં બાંગ્લાદેશે ભારત આવીને રમવાનો ઈનકાર કરતાં તેને હકાલપટ્ટીનો સામનો કરવો પડ્યો હતો અને તેને બદલે આઈસીસીએ સ્કોટલેન્ડની ટીમને સામેલ કરી દીધી હતી.સ્કોટલેન્ડની ટીમ આજથી વર્લ્ડ કપના પ્રારંભે કોલકાતા ખાતે વેસ્ટ ઈન્ડિઝ સામે રમશે. શનિવારે ત્રણ અલગ અલગ સ્થળે મેચો રમાનારી છે જેમાં ભારત-યુએસએ અને વિન્ડિઝ-સ્કોટલેન્ડ ઉપરાંત કોલંબો ખાતે પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચે મુકાબલો થશે.આ વખતે સૌની નજર સૂર્યકુમાર યાદવની આગેવાની હેઠળની ભારતીય ટીમ પર છે અને તેની પાસેથી ૨૦૨૪માં રોહિત શર્માની ટીમે જીતેલા ટાઈટલને જાળવી રાખવાની અપેક્ષા રખાય છે. આ વખતે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ન્યૂઝીલેન્ડ-સાઉથ આફ્રિકા જેવી પરંપરાગત હરીફ ટીમો ઉપરાંત નામિબિયા, સ્કોટલેન્ડ કે ઈટાલી જેવી ટીમો સહિત ૨૦ ટીમ રમવાની છે પરંતુ પાકિસ્તાન અને બાંગ્લાદેશના વિવાદે મેદાન પરની સ્પર્ધાના તત્વને કોરાણે રાખી દીધું છે. શનિવારથી મેદાન પરની રમતનો પ્રારંભ થશે ત્યારે એવી અપેક્ષા રખાય છે કે આ તમામ વિવાદો ભુલાઈ જશે અને માત્ર અને માત્ર ક્રિકેટ પર જ ધ્યાન રહેશે.

### અમેરિકાની ટીમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય મુદ્દાઓ કે તણાવની ક્યારેય ચર્ચા થતી નથી: સૌરભ નેત્રાવલકર

યુએસએના ફાસ્ટ બોલર સૌરભ નેત્રાવલકરએ એક મહત્વનું નિવેદન આપ્યું છે કે તેમની ટીમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય મુદ્દાઓ કે તણાવની ક્યારેય ચર્ચા થતી નથી. આ વાત તેઓએ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ની પૂર્વ સંભાષણમાં કહી છે, જ્યારે તેઓ ભારત સામેની મેચ પહેલાં મીડિયા સાથે વાત કરી રહ્યા હતા.સૌરભ નેત્રાવલકર, જેઓ મુંબઈમાં જન્મ્યા અને ઉછર્યા છે અને અગાઉ મુંબઈની રંજી ટ્રોફી ટીમમાં રમ્યા છે, તેમણે કહ્યું કે યુએસએ ટીમમાં વિવિધ દેશોના ખેલાડીઓ છે - જેમાં ભારતીય અને પાકિસ્તાની મૂળના ખેલાડીઓ પણ સામેલ છે. પરંતુ ટીમના ડ્રેસિંગ રૂમમાં ભારત-પાકિસ્તાન વચ્ચેના રાજકીય તણાવ કે વિવાદો પર ક્યારેય ચર્ચા થતી નથી.

### રાણા આઉટ, સિરાઝ ઈન





ટીમ ઈન્ડિયાના મુખ્ય ઝડપી બોલર હર્ષિત રાણા ઘૂંટણની ઈજાના કારણે સમગ્ર ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયા છે. બીસીસીઆઈ દ્વારા સોશિયલ મીડિયા પર સત્તાવાર માહિતી આપવામાં આવી છે કે, ગત ૪ ફેબ્રુઆરીએ નવી મુંબઈમાં દક્ષિણ આફ્રિકા સામે રમાયેલી વોર્મ-અપ મેચ દરમિયાન હર્ષિતને ગંભીર ઈજા થઈ હતી. મેડિકલ ટીમના સ્કેન અને નિષ્ણાતોની સલાહ બાદ તેને અનફિટ જાહેર કરવામાં આવ્યો છે. હર્ષિત રાણાની વિદાય ભારતીય ટીમ માટે મોટો ઝટકો મનાય છે કારણ કે તે છેલ્લા એક વર્ષથી શાનદાર ફોર્મમાં હતો.ઈજાગ્રસ્ત હર્ષિતના સ્થાને સિરાજનો અનુભવ ટીમ માટે કેટલો ફાયદાકારક સાબિત થાય છે તે જોવું રહ્યું.

# ૬ આયુર્વેદ કોલેજોએ નીટ પર્સન્ટાઈલ ન ધરાવતાં છાત્રોના પ્રવેશ અંગે તપાસનો આદેશ

## આયુર્વેદમાં પાંચ વર્ષનો અભ્યાસ કર્યા પછી પણ ૧૫૦થી વધુ વિદ્યાર્થીને ડિગ્રી ન મળે તેવી સ્થિતિ!: અગાઉ હાઈકોર્ટે પણ આ પ્રવેશ રદ કર્યા પછી મામલો સુપ્રીમમાં ગયો હતો, સુપ્રીમ કોર્ટે પણ પ્રવેશ રદ કરી તપાસ કમિટી બનાવવા આદેશ કર્યો

**અબતક, રાજકોટ**

રાજ્યમાં વર્ષ ૨૦૧૯-૨૦ની પ્રવેશ કાર્યવાહી અંતર્ગત આયુર્વેદ કોલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ માટે નીટમાં જરૂરી પર્સન્ટાઈલ ન હોવા છતાં ૬ આયુર્વેદ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દીધા હતા. લાંબા કાનૂની વિવાદ બાદ સુપ્રીમ કોર્ટ દ્વારા પણ આ તમામ પ્રવેશ રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને માન્ય રાખીને સમગ્ર મામલાની તપાસ માટે કમિટી બનાવવા આદેશ કર્યો છે.

આમ, જે તે સમયે પ્રવેશની લઘુતમ લાયકાત ન ધરાવતાં અંદાજે ૧૫૦થી વધુ વિદ્યાર્થીઓએ પાંચ વર્ષ અભ્યાસ કર્યા પછી પણ ડિગ્રી ન મળે તેવી સ્થિતિ ઊભી થઈ છે. આયુર્વેદ અને હોમિયોપેથીમાં પ્રવેશ માટે નીટ લાગુ કરવામાં આવ્યા બાદ જરૂરી પર્સન્ટાઈલ ધરાવતાં હોય તેવા વિદ્યાર્થીઓ જ પ્રવેશપાત્ર બનતાં હોય છે. સૂત્રો કહે છે કે વર્ષ ૨૦૧૯-૨૦માં બીન અનામત કેટેગરીમાં પ્રવેશ લેવો હોય તો નીટમાં ઓછામાં ઓછા ૫૦ પર્સન્ટાઈલ હોવા જરૂરી હતા. રાજ્યની ૬ આયુર્વેદ કોલેજોએ બેઠકો ખાલી હોવાના કારણે જે તે સમયે નીટમાં પુરતા પર્સન્ટાઈલ ન ધરાવતાં હોવાછતાં અનેક વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવી દીધા હતા. આમ પ્રવેશની લઘુતમ લાયકાત પણ ન હોવાછતાં શરતી પ્રવેશ ફાળવી દેવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે કે, કોલેજ સંચાલકોએ વિદ્યાર્થીઓને એવી બાંયેધરી કે આશ્વાસન આપ્યું હતું કે, કેન્દ્ર સરકાર દરવર્ષે પાછળથી પર્સન્ટાઈલમાં ઘટાડો કરતી હોય છે. જેના કારણે પ્રવેશ આપ્યા પછી પર્સન્ટાઈલમાં ઘટાડો કરવામાં આવે ત્યારે પ્રવેશને માન્ય કરી દેવામાં આવશે. મહત્વની વાત એ કે, જે તે સમયે પર્સન્ટાઈલમાં ઘટાડો ન થતાં આ મુદ્દે કાનૂની લડત શરૂ થઈ હતી. સૌથી પહેલા સીંગલ જજ પાસે મામલો ગયો હતો. જેમાં વિદ્યાર્થીઓના પ્રવેશ માન્ય રાખવા ઈન્કાર કરી દેવામાં આવ્યો હતો. શરતી પ્રવેશમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, પ્રવેશ કટ ઓફ માર્કસમાં ઘટાડો થાય તે માટે આયુષ મંત્રાલયની મંજૂરી જરૂરી છે. જોકે, ડિવિઝન બેંચમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, પ્રવેશ માટે લઘુતમ પર્સન્ટાઈલ હોય તે જરૂરી છે. હાઈકોર્ટના ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. જેમાં કોર્ટે ચુકાદામાં દખલ કરવા ઈન્કાર કરી દીધો હતો. એટલું જ નહીં, કોર્ટે વિદ્યાર્થીઓ જરૂરી પર્સન્ટાઈલ ધરાવતાં ન હોવાછતાં પ્રવેશ આપવાના કિસ્સામાં તપાસનો આદેશ કર્યો હતો. કોર્ટ દ્વારા તમામ કોલેજોને નોટિસ આપીને આ કિસ્સામાં એફિડેવિટ ફાઈલ કરવા માટેનો આદેશ કર્યો હતો. એટલું જ નહીં, એ સ્થિતિ અંગે પણ સ્પષ્ટતા કરવા તાકીદ કરવામાં આવી છે કે, વિદ્યાર્થીઓને અભ્યાસ દરમિયાન બીજા,ત્રીજા કે ચોથા વર્ષ દરમિયાન પણ કેમ જાણ કરવામાં આવી નહોતી. આ સિવાય ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી અને સેન્ટ્રલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા મેડિસિનને જોઈન્ટ કમિટી બનાવીને આ સમગ્ર મામલાની તપાસ કરવાનો આદેશ કરવામાં આવ્યો હતો.

### કઈ કઈ કોલેજોએ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી દીધા હતા

રાજ્યન ૬ કોલેજોએ આયુર્વેદમાં પ્રવેશ માટે નીટમાં જરૂરી પર્સન્ટાઈલ ન હોવાછતાં પ્રવેશ ફાળવી દીધો હતો. આ કોલેજોમાં અનન્યા કોલેજ ઓફ આયુર્વેદ, ભાર્ગવ આયુર્વેદ કોલેજ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ, બી.જી. ગરૈયા આયુર્વેદ કોલેજ અને ગ્લોબલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ આયુર્વેદ અને જય જલારામ આયુર્વેદ મેડિકલ કોલેજનો સમાવેશ થાય છે.

# ખીજડીયા અભયારણ્યમાં પક્ષીઓ કેટલા: ૧૨ ટીમો દ્વારા ગણતરી

## વન વિભાગના માર્ગદર્શન હેઠળ વૈજ્ઞાનિક પદ્ધતિથી પક્ષીઓની સંખ્યા અને જાતિઓનો અભ્યાસ

**ખીજડીયામાં ૩૦૦થી વધુ પક્ષી પ્રજાતિઓ નોંધાયેલી છે**

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગર નજીક આવેલા ખીજડીયા પક્ષી અભયારણ્યમાં વૈજ્ઞાનિક પદ્ધતિથી યોજાતી આ કામગીરી દ્વારા અભયારણ્યમાં વસતા દેશી તથા પ્રવાસી પક્ષીઓની સંખ્યા, જાતિઓ, વસવાટની સ્થિતિ અહીં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ પ્રજાતિના પક્ષીઓ નોંધાઈ ચૂક્યા છે. શિયાળાની ઋતુ દરમિયાન દેશ-વિદેશથી મોટી સંખ્યામાં પ્રવાસી ઝોન અને સેક્ટરમાં વહેંચવામાં આવ્યું છે. કુલ ૧૨ ટીમો દ્વારા આ કામગીરી હાથ ધરાઈ રહી છે અને દરેક ટીમમાં ૧૦ સભ્યોનો સમાવેશ






તા. ૬ અને ૭ ફેબ્રુઆરીના રોજ બે દિવસીય વિશેષ પક્ષી ગણતરીની કામગીરી હાથ ધરવામાં આવી છે. વન વિભાગના માર્ગદર્શન હેઠળ તેમજ પર્યાવરણ પર પડતી અસર અંગે મહત્વપૂર્ણ માહિતી એકત્ર કરવામાં આવી રહી છે.

ખીજડીયા પક્ષી અભયારણ્યને પક્ષીઓનું સ્વર્ગ માનવામાં આવે છે. પક્ષીઓ અહીં આવે છે, જેમાંથી કેટલાક પક્ષીઓએ કાયમી વસવાટ પણ શરૂ કર્યો છે.

આ બે દિવસીય પક્ષી ગણતરી માટે સમગ્ર અભયારણ્યને વિવિધ કરવામાં આવ્યો છે. ટીમોમાં વન વિભાગના કર્મચારીઓ સાથે પક્ષીવિદો, વિષય નિષ્ણાતો અને પ્રશિક્ષિત સ્વયંસેવકો સામેલ છે.

પક્ષી ગણતરી માટે પરંપરાગત મેન્યુઅલ પદ્ધતિ સાથે આધુનિક ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. યઈશમિ એપ્લિકેશન મારફતે ડિજિટલ રીતે માહિતી નોંધાઈ રહી છે. ઉપરાંત દૂરબીન, સ્કોપ, લેન કેમેરા અને ફોટોગ્રાફિક દસ્તાવેજીકરણ દ્વારા પક્ષીઓની ઓળખ અને નોંધણી કરવામાં આવી રહી છે.

આ કામગીરી મુખ્ય વન સંરક્ષક એસ. મનીશ્વર રાજાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહી છે. મરીન નેશનલ પાર્કના નાયબ વન સંરક્ષક પ્રસાદરવિ રાધાકૃષ્ણ દ્વારા સમગ્ર આયોજનની દેખરેખ રાખવામાં આવી રહી છે, જ્યારે ખીજડીયા પક્ષી અભયારણ્યના આરએફઓ દક્ષાબેન વધાસિયા દ્વારા મેદાની સ્તરે સંકલન કરવામાં આવી રહ્યું છે.

# વિજ પોલીસ સ્ટેશનના જવાનોને શ્રેષ્ઠ કામગીરી માટે સન્માન પત્ર એનાયત

## પી.એસ.આઈ ડી.એ. ભંડેરી અને પોલીસ હેડ કોન્સ્ટેબલ આર. કે. લુબાના એ વીજ ચોરીના ૮૦૪ કેસો ઉકેલવા અને બે કરોડ વસૂલ કરવા બદલ પોલીસ જવાનોને વિશેષ સન્માન

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગરના જી યુ વી એન એલ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પી.એસ.આઈ. ડી.એ. ભંડેરી તેમજ પોલીસ હેડ કોન્સ્ટેબલ આર. કે. લૂબાના કે જેઓએ વીજ પોલીસ મથકમાં વર્ષ ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન સર્વ શ્રેષ્ઠ કામગીરી કરી હોવાથી તેઓને સન્માન પત્ર આપીને રાજકોટ કોર્પોરેટ ની કચેરીમાં ગણતંત્ર દિવસે વિશેસ રીતે સન્માનિત કરાયા હતા.




જામનગરના વીજ પોલીસ મથક ની ટીમ દ્વારા પીએસઆઈ ડી.એ.ભંડેરી અને પોલીસ હેડ કોન્સ્ટેબલ આર.કે.લુબાના કે જેઓએ બે કરોડની માંડવાળ રકમ ભરાવીને તેમજ ૮૦૪ જેટલા વર્ષ દરમિયાનના વિજ ચોરી ના કેસનો નિકાલ કરાવીને સર્વશ્રેષ્ઠ કામગીરી હોવાથી અને સમગ્ર સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધુ અસરકારક કામગીરી કરવા બદલ આ સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. જેમાં ખાસ કરીને પોલીસ હેડ કોન્સ્ટેબલ આર કે લુબાના કે જેઓએ સતત ત્રીજા વર્ષે વીજ પોલીસ મથકોમાં સર્વ શ્રેષ્ઠ કામગીરી કરી છે, જેની વિશેષ નોંધ લેવામાં આવી છે.

# જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામે પ્રાકૃતિક કૃષિ તાલીમ શિબિર યોજાઈ

## કૃષિ નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના પાંચ આયામો અંગે વિસ્તૃત માર્ગદર્શન અપાયું



**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના કોટડા બાવીસી ગામે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અને આત્મા પ્રોજેક્ટ અંતર્ગત પ્રાકૃતિક ખેતીના વ્યાપ અને પ્રચાર-પ્રસાર અર્થે એક વિશેષ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ગામના પ્રગતિશીલ ખેડૂતોને રાસાયણિક ખેતીના દુષ્પરિણામો સમજાવી, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા પ્રાકૃતિક ખેતીના મૂળભૂત સિદ્ધાંતો અને તેના પાંચ મુખ્ય આયામો જેવા કે બીજામૃત, જીવામૃત, આચ્છાદન, વાપ્સા અને જીવાત નિયંત્રણ વિશે સવિસ્તાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.વધુમાં ખેડૂતોને જમીનની ફળદ્રુપતા જાળવવા, ખેતી ખર્ચ ઘટાડવા અને ઝેરમુક્ત ખેતી દ્વારા લોકોના સ્વાસ્થ્યની રક્ષા કરવા અંગે પણ જાગૃત કરવામાં આવ્યા હતા. આ તાલીમ શિબિરમાં મોટી સંખ્યામાં હાજર રહેલા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓને પ્રત્યક્ષ રીતે સમજીને પોતાના ખેતરમાં તેનો અમલ કરવાનો ઉત્સાહ દર્શાવ્યો હતો. આ આયોજન દ્વારા ગ્રામ્ય સ્તરે ટકાઉ ખેતી અને પર્યાવરણની જાળવણીનો સંદેશ પહોંચાડવામાં આવ્યો હતો.

# જામનગર જીલ્લા પંચાયતની આરોગ્ય શાખા દ્વારા રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ઉજવાશે

**અબતક, જામનગર**

ગુજરાત રાજ્ય માં રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ તા. ૧૦-૦૨-૨૦૨૬ ના દિવસે તથા તા. ૧૭-૦૨-૨૦૨૬ નાં રોજ બાકી રહી ગયેલા બાળકો માટે 'મોપ અપ' દિવસ નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧ થી ૧૯ વર્ષ નાં તમામ બાળકોને આંગણવાડી અને શાળામાં કૃમિનાશક ગોળી (આલબેન્ડાઝોલ) આપવાની રહેશે. જે ગોળી ચાવીને લેવાની હોય છે તેમજ આ સાથે- સાથે વિટામીન - એ રાઉન્ડ નું આયોજન કરવામાં આવ્યું છે.

જામનગર જીલ્લાના ૮૫૩ જેટલી શાળાઓ અને ૮૭૩ જેટલી આંગણવાડી કેન્દ્ર માં અંદાજીત ૧૭૫૦૦૦ જેટલા બાળકોને આવરી લેવા માટે આયોજન કરવામાં આવેલ છે. જેમાં આરોગ્ય વિભાગની સાથે સાથે શિક્ષણ વિભાગ તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની મદદથી ૧૦૦ ટકા સિદ્ધિ હાસલ કરવા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. પંકજકુમાર સિંઘ દ્વારા સૌને અનુરોધ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત રાષ્ટ્રીય કૃમિનાશક દિવસ ની ઉજવણી જીલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ ના માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. તેમજ આ કાર્યક્રમ દરમિયાન બહોળા પ્રમાણ માં જન જાગૃતિ આવે અને તમામ લાભાર્થીઓને આવરી લેવામાં આવે, તે માટે સામાજિક, ધાર્મિક અને રાજકીય આગેવાનો ને સહકાર આપવા જીલ્લા વિકાસ અધિકારી તથા આરોગ્ય વિભાગ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લા પંચાયતની સોમવારે સામાન્ય સભા

**અબતક, સાગર સંઘાણી જામનગર**

જામનગર જિલ્લા પંચાયત ની ખાસ સામાન્ય સભા આગામી તા. ૯-૨-૨૦૨૬ ના બપોરે ૧૨:૩૦ વાગ્યે જિલ્લા પંચાયત સભાગૃહમાં યોજવામાં આવી છે. જેમાં જિલ્લા પંચાયતનું વર્ષ-૨૦૨૬-૨૭ નું અંદાજપત્ર રજૂ કરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓની બેઠક ની કાર્યવાહીને બહાલી આપવા, ૧૫ મા નાણાપંચના કામોમાં ફેરફાર બાબત, જિલ્લા પંચાયતના સિંચાઈ વિભાગ હસ્તકના સંપૂર્ણ ધોવાઈ ગયેલ કે રીપેરીંગ થઈ ન શકે તેવા નવા બનાવવાના થતા ચેકડેમોને રાજ્ય સરકારના સિંચાઈ વિભાગને સોંપવા, જિલ્લા પંચાયતના વર્ષ-૨૦૨૫-૨૬ ના સુધારેલ અંદાજપત્રને રજૂ કરવા, રાજકોટની રૂદ્રાક્ષ ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપનીને બ્લેક લીસ્ટમાં મૂકવા તથા ત્રણ વર્ષ માટે તેનું રજીસ્ટ્રેશન એબીયન્સમાં મૂકવા તેમજ સ્વસ્થ માઁ અને શિશુ યોજના કાર્યાન્વિત કરવા બજેટમાં નવા હેડ હેઠળ ગ્રાન્ટની ફાળવણી કરવાના મુદ્દાઓનો એજન્ડામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

# ધ્રોલ: કડવા પાટીદાર સમાજનો કાલે મહાસંગમ કાર્યક્રમ

## સ્નેહમિલન, શિક્ષકોનું સન્માન સમુહ જ્ઞાતિ ભોજન સહિતના કાર્યક્રમ

**અબતક, સંજય ડાંગર ધ્રોલ**

ધ્રોલ હાલના આધુનિક યુગમાં સામાજિક એકતા વધુ મજબૂત બને અને નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય તેવા ઉમદા આશય સાથે આગામી રવિવાર, ૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ધ્રોલ ખાતે કડવા પાટીદાર સમાજનું ભવ્ય સ્નેહમિલન યોજાવા જઈ રહ્યું છે. જી.એમ. પટેલ કન્યા વિદ્યાલયના યજમાનપદે યોજાનારા આ કાર્યક્રમમાં પડધરી, ધ્રોલ, જોડિયા, કાલાવડ અને જામનગર પંથકના પાટીદાર સમાજના પરિવારો મોટી સંખ્યામાં ઉમટી પડશે.આ કાર્યક્રમમાં રાજકોટના સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત રહી સમાજને સંબોધિત કરશે. તેમની સાથે ઉમિયા પરિવાર એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ બી. એચ. ઘોડાસરા અને કડવા પટેલ કેળવણી મંડળના પ્રમુખ જેરામભાઈ વાંસજાળીયા પણ મંચસ્થ રહી માર્ગદર્શન આપશે. સવારે ૯:૦૦ કલાકે દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમનો પ્રારંભ થશે, વિશેષમાં, બપોરે ૨:૩૦ કલાકથી સંસ્થાના આચાર્યા વિજયાબેન અશોકકુમાર છત્રોલા અને નિવૃત્ત થતા અન્ય શિક્ષિકા બહેનોનો વયનિવૃત્તિ સન્માન સમારોહ યોજાશે. આ સંસ્થાને અનેક રાજ્ય કક્ષાના એવોર્ડ અપાવવામાં જેમના કાર્યકાળનું મહત્વનું યોગદાન રહ્યું છે, તેવા આ નિષ્ઠાવાન શિક્ષકોનું સમાજ દ્વારા બહુમાન કરાશે. સાથે જ સંસ્થાની ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓનું પણ સ્નેહમિલન યોજાશે. સમગ્ર કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો સમૂહ ભોજન લેશો. આ ભવ્ય આયોજનને સફળ બનાવવા જી. એમ. પટેલ કન્યા વિદ્યાલયનો ટ્રસ્ટીગણ અને કારોબારી સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# જામનગર મહાપાલિકાની પાણી વેરો વસૂલાતમાં ઢીલીઢફ: રૂ. ૧૪૨ કરોડથી વધુ રકમ હજુ બાકી

## ૧.૦૮ લાખથી વધુ આસામી પાસેથી પાણી વેરો બાકી

**અબતક ,સાગર સંઘાણી જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પાણી વિતરણ કરવામાં આવે છે અને તે માટે વાર્ષિક પાણી ચાર્જ વસૂલવામાં આવે છે. પરંતુ મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાની નબળી વસૂલાત કામગીરીના કારણે હાલમાં રૂ. ૧૪૨ કરોડથી વધુની પાણી ચાર્જની વસૂલાત બાકી હોવાનું બહાર આવ્યું છે.મહાનગરપાલિકાના બજેટમાં અગાઉની વોર્ડ રચના મુજબ વોર્ડવાર બાકી વસૂલાતની વિગતો રજૂ કરવામાં આવી છે. જેમાં કાર્પેટ બેઈઝ, રેન્ટ બેઈઝ પદ્ધતિ તથા સ્લમ વિસ્તાર એમ ત્રણ કેટેગરી હેઠળ આજદિન સુધી કુલ રૂ. ૧૪૨ કરોડ ૪૯ લાખ ૭૮ હજાર ૬૩૭ની વસૂલાત બાકી હોવાનું દર્શાવવામાં આવ્યું છે.

વોર્ડવાર બાકી રકમની વિગતો મુજબ વોર્ડ નં. ૧માં રૂ. ૪,૨૭,૫૮,૦૩૦, વોર્ડ નં. ૨માં રૂ. ૧૫,૨૮,૯૫,૩૮૪, વોર્ડ નં. ૩માં રૂ. ૩,૯૭,૯૯,૫૮૩, વોર્ડ નં. ૪માં રૂ. ૪,૮૩,૦૮,૭૫૭, વોર્ડ નં. ૫માં રૂ. ૮,૩૭,૨૨,૮૫૩, વોર્ડ નં. ૬માં રૂ. ૨૬,૯૭,૯૭,૭૫૬, વોર્ડ નં. ૭માં રૂ. ૩,૦૨,૨૮,૮૯૯ અને વોર્ડ નં. ૮માં રૂ. ૨,૫૬,૬૦, ૬૭૨ની વસૂલાત બાકી છે.તે ઉપરાંત વોર્ડ નં. ૯માં રૂ. ૨,૪૬,૩૦,૮૧૫, વોર્ડ નં. ૧૦માં રૂ. ૯,૭૦,૦૨,૧૯૭, વોર્ડ નં. ૧૧માં રૂ. ૨,૨૩,૮૩ ,૭૫૨, વોર્ડ નં. ૧૨માં રૂ. ૭,૦૧,૬૦,૪૧૭, વોર્ડ નં. ૧૩માં રૂ. ૧૬,૧૬, ૮૫,૧૦૩, વોર્ડ નં. ૧૪માં રૂ. ૫,૩૬,૨૮,૩૬૮, વોર્ડ નં. ૧૫માં રૂ. ૧૦,૬૫,૪૫,૭૦૨, વોર્ડ નં. ૧૬માં રૂ. ૮,૫૦, ૮૩,૬૯૬ તથા વોર્ડ નં. ૧૭માં સૌથી વધુ રૂ. ૧૨,૮૧,૬૯,૧૬૩ની વસૂલાત બાકી હોવાનું દર્શાવવામાં આવ્યું છે.આ ઉપરાંત વોર્ડ નં. ૧૮માં રૂ. ૬,૯૧,૫૯,૬૯૫, વોર્ડ નં. ૧૯માં રૂ. ૩,૪૫,૪૨,૮૩૩, વોર્ડ નં. ૨૫માં રૂ. ૧૨,૧૧,૫૩,૬૬૯ અને વોર્ડ નં. ૨૬માં રૂ. ૬,૬૧,૨૯૩ની વસૂલાત હજુ બાકી છે.વસૂલાતની કેટેગરી મુજબ કાર્પેટ બેઈઝ હેઠળ ૭૮,૭૧૫ આસામી પાસેથી રૂ. ૯૧,૬૭,૩૫,૬૧૦, રેન્ટ બેઈઝ હેઠળ ૭,૩૫૪ આસામી પાસેથી રૂ. ૨૧,૯૫,૯૩,૫૨૫ તથા સ્લમ વિસ્તારમાં ૨૨,૦૦૮ આસામી પાસેથી રૂ. ૨૮,૮૬,૪૦,૫૦૨ની વસૂલાત બાકી રહે છે. આમ કુલ ૧,૦૮,૦૭૭ આસામી પાસેથી રૂ. ૧૪૨ કરોડ ૪૯ લાખ ૭૮ હજાર ૬૩૭ની વસૂલાત કરવાની બાકી નીકળે છે.આટલી મોટી રકમ હજુ સુધી વસૂલ ન થવી એ જામનગર મહાનગરપાલિકાની વોટર વર્કસ શાખાની વસૂલાત કામગીરી અત્યંત નબળી હોવાનું સ્પષ્ટ રીતે દર્શાવે છે. હવે પાલિકા દ્વારા બાકી વસૂલાત માટે કડક કાર્યવાહી હાથ ધરાશે કે નહીં તે અંગે શહેરજનોમાં ચર્ચા ચાલી રહી છે.


# જામનગર:ધારાસભ્ય દિવ્યેશ અકબરીની રાહબરીમાં ૧૦ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત

## વોર્ડ નંબર ૧૪માં વિવિધ માર્ગ, પેવર બ્લોક અને અન્ય વિકાસ કાર્યોનું લોકાર્પણ: મહાનગરપાલિકા અને ભાજપના આગેવાનો ઉપસ્થિત

**અબતક ,સાગર સંઘાણી જામનગર**

જામનગરના ૭૯-દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરીના પ્રયાસોથી તેમના વિધાનસભા વિસ્તારના વોર્ડોમાં વિકાસની ગતિ સતત ચાલુ છે. વોર્ડ નં. ૭ અને ૮ બાદ વોર્ડ નં. ૧૪માં પણ ૧૦ જેટલા સ્થળોએ કુલ રૂ. ૧૦૦.૭૨ લાખના વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત કરવામાં આવ્યા.

શુક્રવાર, ૬ ફેબ્રુઆરીના રોજ દિ. પ્લોટ શેરીના વિવિધ સ્થળોમાં સી.સી. રોડ અને પેવર બ્લોકના કામના ખાતમુહૂર્ત થયા. ખાસ કરીને ડો. ઉદાણી હોસ્પિટલ સામેની શેરીથી પીઠડીયા મોટર ડ્રાઈવિંગ સ્કૂલ સુધી, નવાનગર બેંક સામે, કિશન પી.યુ.સી. સામે, ભંગારવાડા પાસેના આંગણવાડી અને અન્ય વિસ્તારોમાં કાર્યો શરૂ કરવામાં આવ્યા.આ કાર્યક્રમ દરમિયાન ધારાસભ્ય દિવ્યેશ




અકબરી સાથે જામનગર મહાનગરપાલિકાના મેયર વિનોદભાઈ ખીમસૂરિયા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન નિલેશભાઈ કગથરા, શહેર ભાજપના મહામંત્રી ભાવેશભાઈ ઠુમ્મર, વોર્ડ ૧૪ના કોર્પોરેટર અને સ્થાનિક કાર્યકરોની વિશાળ ઉપસ્થિતિ રહી.ધારાસભ્ય અકબરીના જણાવ્યા પ્રમાણે, આ વિકાસ કામો વિસ્તારની રોજિંદી સુવિધા અને રોજગારને ધ્યાનમાં રાખીને ઝડપથી પૂર્ણ કરવામાં આવશે, અને વોર્ડના રહેવાસીઓને વધુ સરળતા અને આરામ મળશે.

# ધ્રોલ: યુવા સંવાદ કાર્યક્રમમાં વિવાદનો સુર, સ્થાનિક ધારાસભ્યની બાદબાકીથી ગરમાવો

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલ તાલુકાના ગાર્ડી કોલેજ ખાતે આગામી શુક્રવાર, ૬ ફેબ્રુઆરીના રોજ જામનગર જિલ્લા ભારતીય જનતા યુવા મોરચા દ્વારા 'વિકસિત ભારત બજેટ ૨૦૨૬' અંતર્ગત એક મહત્વપૂર્ણ 'યુવા સંવાદ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ કાર્યક્રમની જાહેરાત સાથે જ જિલ્લામાં રાજકીય ચર્ચાઓ અને આંતરિક અસંતોષ ખુલ્લેઆમ સામે આવવા લાગ્યા છે.

કાર્યક્રમના પોસ્ટર અને સત્તાવાર વોટસોપ વિગતોમાં જિલ્લા ભાજપ પ્રમુખ ડો. વિનોદભાઈ ભંડેરી, પૂર્વ કેબિનેટ મંત્રી રાઘવજીભાઈ પટેલ તેમજ જિલ્લા યુવા મોરચાના પ્રમુખ ભૂમિતભાઈ ડોબરીયાની વિશેષ ઉપસ્થિતિ દર્શાવવામાં આવી છે. જોકે, પ્રોટોકોલ મુજબ જોઈએ તેવા સ્થાનિક ધારાસભ્યનું નામ ક્યાંય ઉલ્લેખ ન થવાથી રાજકીય વર્તુળોમાં નવાઈ અને ચર્ચાનો વિષય બન્યો છે.સ્થાનિક ભાજપ સંગઠનમાં આ ઘટનાને લઈને આંતરિક વિખવાદ સપાટી પર આવ્યો હોય તેવી ચર્ચા છે. સ્થાનિક સ્તરે એવી પણ ચર્ચા ચાલી રહી છે કે શું ધારાસભ્યની જાણબૂઝીને અવગણના કરવામાં આવી છે કે પછી આ માત્ર સંકલનનો અભાવ છે.પ્રાપ્ત માહિતી મુજબ, કાર્યક્રમ પૂર્વે સવારે ધારાસભ્યને ટેલિફોનિક આમંત્રણ આપવામાં આવ્યું હોવાનું કહેવાય છે. આ આમંત્રણ બાદ ધારાસભ્ય કાર્યક્રમ સ્થળે પહોંચ્યા હતા અને ત્યાં સંગઠનની જવાબદારી સંભાળતા કેટલાક આગેવાનો સામે પોતાની નારાજગી વ્યક્ત કરવામાં આવી હોવાનું જાણકારોના જણાવ્યું હતું.

# જામજોધપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી દ્વારા સભાસદોને અપાશે ૧૦ લાખ વિમા સુરક્ષા કવચ

**અબતક, ભરત ગોહિલ જામજોધપુર**

જામજોધપુર વિવિધ કાર્યકારી સહકારી મંડળી સભાસદોની આર્થિક સુરક્ષા માટે હંમેશા અગ્રેસર રહે છે. ત્યારે જામજોધપુર વિવિધ કાર્યકારી સરકારી મંડળી દ્વારા સભસદોને આકસ્મિક સંજોગોમાં આર્થિક ટેકો મળી રહે તે માટે ૭૦ વર્ષ સુધીના તમામ સભાસદોને દશ લાખ સુધીનું વિમા કવચ પુરૂ પાડવામાં આવશે જેમા કુલ ૧૨૫૪ સભાસદોને આ રક્ષણનો સીધો લાભ પ્રાપ્ત થશે.

# જામનગરની મોટી ખાવડીમાંથી રૂ.૮૩.૬૦ લાખના હેરોઈન સાથે ચાર પંજાબી ઝડપાયા

## હોટેલ ૬૬૬ ના રૂમ નં.–૨૦૨માં એસઓજી ત્રાટકી ૪૧૮ ગ્રામ નશાકારક પદાર્થ કબ્જે કરાયો



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગરના મોટી ખાવડીમાં આવેલી હોટેલ ૬૬૬ ના રૂમ નં.-૨૦૨ માં એસઓજીની ટીમે દરોડો પાડી રૂ. ૮૩.૬૦ લાખના હેરોઈન સાથે ચાર પંજાબી શખ્સોની ધરપકડ કરવામાં આવી છે.

ગુજરાતના યુવાધનને નશાના રવાડે ચડાવવાના આંતરરાજ્ય કારસાનો જામનગર એસ.ઓ.જી. પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે મોટી ખાવડી વિસ્તારમાં આવેલી હોટેલ ૬૬૬ ના રૂમ નં.-૨૦૨ ખાતે દરોડો પાડવામાં આવ્યો હતો. જ્યાંથી ૪૧૮ ગ્રામ હેરોઈનનો જથ્થો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની અંદાજિત કિંમત રૂપિયા ૮૩.૬૦ લાખ જેટલી થાય છે. આ ઓપરેશન દરમિયાન પોલીસે પંજાબથી ડ્રગ્સની હેરાફેરી કરવા આવેલા વિશાલસિંઘ જસવિરસિંઘ મટુ (ઉ.વ. ૨૫),હરપ્રિતસિંઘ તેગાસિંઘ મજવી (ઉ.વ. ૩૧),બિક્રમજીતસિંઘ અમરજીતસિંઘ મજવી (ઉ.વ. ૩૪),જગદિપસિંઘ ઉર્ફે જગ્ગી લખબીરસિંઘ ખેહરા (ઉ.વ. ૩૪ તમામ રહે. પંજાબ)ને એસઓજી ટીમે ઝડપી લીધા હતા.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, મૂળ પંજાબના શખ્સો અગાઉ જામનગરમાં અલગ અલગ જગ્યાએ મજૂરી કરતા હતા.

(અનુ. આઠમા પાને)

**પંજાબનો ફિલિપ્સ ઉર્ફે ફૌજીનું ડ્રગ્સ સપ્લાયર તરીકે નામ ખુલ્યું છૂટકમાં નશાનો વેંપલો કરે તે પૂર્વે જ ચારેય પેડલરોને દબોચી લેવાયા**

# ગુજરાતમાં નકલી દુધની બોલબાલા ૪૮ ટકાથી વધુ મિલ્ક સેમ્પલ ફેઈલ

## હપ્તારાજના પાપે ભેળસેળીયાઓ બેફામ બન્યા: ડો.મનિષ દોશી

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં ખાદ્ય પદાર્થોમાં વ્યાપક ભેળસેળને કારણે લાખો નાગરિકોની જીંદગી ગંભીર જોખમમાં મુકાઈ રહી છે અને લોકો વિવિધ ગંભીર બિમારીઓનો શિકાર બની રહ્યા છે. ફુડ સેફ્ટી વિભાગની અપૂરતી ચકાસણી, લાપરવાહી તથા હપ્તારાજ આ સ્થિતિ માટે સીધા જવાબદાર હોવાનું ગંભીર આક્ષેપ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનિષ એમ. દોશીએ જણાવ્યું હતું કે છેલ્લા દસ વર્ષમાં ગુજરાતમાં ખોરાકની સુરક્ષા અને નીચી ગુણવત્તાના ખાદ્ય પદાર્થોની ફરિયાદોમાં ચિંતાજનક વધારો થયો છે.વર્ષ ૨૦૧૬થી ૨૦૨૬ દરમિયાન દૂધમાં ભેળસેળ, મસાલાઓમાં પ્રદૂષણ અને અન્ય ખાદ્ય પદાર્થોમાં નીચી ગુણવત્તાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે.

વર્ષ ૨૦૧૯માં અમદાવાદમાં દૂધના ૬૧% નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા, જેમાં ફેટ અને સોલિડ્સમાં ગંભીર ખામીઓ જોવા મળી હતી. વર્ષ ૨૦૨૦માં FSSAIના PAN-India દૂધ સર્વેમાં ગુજરાતમાંથી લેવાયેલા ૧૬૬ નમૂનાઓમાંથી ૮૦ નમૂનાઓ (૪૮.૨%) નીચી ગુણવત્તાના હોવાનું સામે આવ્યું હતું. વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન ૮૨૪ નમૂનાઓ નિષ્ફળ ઠર્યા હતા,

(અનુ. આઠમા પાને)



# દામનગરથી પીપાવાવ સુધી સાવજોની રખેવાળી કરશે "આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ"

## કોઈ સિંહ રેલવે ટ્રેકની નજીક આવશે, તો એઆઈ સિસ્ટમ તરત જ ટ્રેનના ડ્રાઈવર, સ્ટેશન માસ્ટર અને કંટ્રોલ રૂમને એલર્ટ મોકલશે, જેથી સમયસર ટ્રેન રોકી શકાય

**અબતક, રાજકોટ**

ગીરના જે પટ્ટામાં એશિયાઈ સિંહોની ગર્જના ગુંજતી હોય છે, ત્યાં ભૂતકાળમાં અમરેલી અને ગીરના વિસ્તારોમાં ટ્રેન નીચે આવીને અનેક આશાસ્પદ સિંહોના કરુણ મોત થયાની ઘટનાઓએ વન્યજીવ પ્રેમીઓને હચમચાવી દીધા હતા. આ અકસ્માતોને ગંભીરતાથી લઈને ઘણીવાર હાઈકોર્ટ અને વન વિભાગના આદેશથી અમુક રૂટ પર ટ્રેનોની અવરજવર બંધ કરવાની કે ગતિ અત્યંત ધીમી કરવાની ફરજ પડી છે.

દામનગર-પીપાવાવ સેક્શનમાં જે રીતે અકસ્માતોનો ભય રહેતો હતો, ત્યાં હવે આ હાઈ-ટેક સિસ્ટમ સિંહો માટે સુરક્ષા કવચ બનશે. અગાઉ પીપાવાવ પોર્ટ જતી માલગાડીઓની અડફેટે સિંહો આવવાના કિસ્સામાં ગુજરાત હાઈકોર્ટે પણ રેલવેની આકરી ઝાટકણી કાઢી હતી. વન્યજીવોના રક્ષણ માટે રાત્રિના સમયે ટ્રેનોની ગતિ ઘટાડવા અથવા અમુક સંવેદનશીલ સમયે ટ્રેનો થંભાવી દેવાના કડક નિયમો અમલી બનાવવામાં આવ્યા હતા.

રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા ગીરના સિંહોની સુરક્ષા અંગે પૂછવામાં આવેલા સવાલના જવાબમાં રેલવે મંત્રીએ મહત્વની માહિતી આપી છે. રેલવે વિભાગે ભાવનગર ડિવિઝનના દામનગર-પીપાવાવ વચ્ચેના

(અનુ. આઠમા પાને)

### રાજકોટ જિલ્લા પંચાયતની ગ્રામ પંચાયતોમાં

# ચૂંટાયેલા મહિલા સરપંચ કે સભ્યના સ્થાને પત્તિ કે પુત્ર વહીવટ કરતા હોય તો આકરી કાર્યવાહી

## મહિલા પ્રતિનિધિના સ્થાને અન્ય વ્યકિત વહીવટ કરતા પકડાશે તો તલાટી મંત્રી સામે શિસ્તભંગના પગલા લેવાશે

**અબતક, રાજકોટ**

ગ્રામ પંચાયતમાં મહિલા અનામત બેઠક પરથી ચૂંટાયેલા સરપંચ કે સભ્યોના સ્થાને તેના પતિદેવ કે પુત્ર વહીવટ કરતા હોય છે. આ દુષણને અટકાવવા રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીએ પરિપત્ર પ્રસિધ્ધ કરી આકરી કાર્યવાહી કરવાની સુચના આપી છે.

ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩માં વર્ષ-૨૦૧૪માં થયેલ સુધારા અન્વયે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલાઓ માટે અનામતની ટકાવારી ૩૩% થી વધારીને ૫૦% કરવામાં આવી છે, જેનો મુખ્ય હેતુ મહિલાઓનું સશક્તિકરણ અને વહીવટમાં તેમની સક્રિય ભાગીદારી સુનિધિત કરવાનો છે.

અવારનવાર અરજદારણીઓ દ્વારા પણ કરેલ રજુઆત અન્વયે ધ્યાને આવેલ છે કે, કેટલીક ગ્રામ પંચાયતોમાં ચૂંટાયેલા મહિલા સરપંચ અથવા મહિલા સદસ્યઓના સ્થાને તેમના પતિ. પુત્ર કે અન્ય પુરુષ સંબંધીઓ ('સરપંચ પતિ' તરીકે) પંચાયતનો વહીવટ સંભાળે છે. સહિઓ કરે છે. બેઠકોમાં હાજરી

(અનુ. આઠમા પાને)

# ઉનાળો 'લાલચોળ' રહેવાના એંધાણ: ફેબ્રુઆરીમાં પારો ૩૫ ડિગ્રી

## રાજકોટનું મહતમ તાપમાન ૩૫ ડિગ્રી અને સુરતનં તાપમાન ૩૫.૪ ડિગ્રી નોંધાયું: ૨૦મી બાદ શિયાળાની વિધિવત વિદાય

**અબતક, રાજકોટ**

આ વર્ષ સુર્યનું વર્ષ છે. ઉનાળાની સિઝન લાલચોળ રહે તેવી પ્રબળ સંભાવના દેખાય રહી છે. ફેબ્રુઆરીમાં જ મહતમ તાપમાન ૩૫ ડિગ્રીએ આંબી ગયું છે. આગામી ૨૦મી ફેબ્રુઆરી બાદ શિયાળાની સિઝન સતાવાર રીતે વિદાય લેશે અને ઉનાળાનું આગમન થશે. રાજયભરમાં હાલ બેવડી સિઝનનો અનુભવ થઈ રહ્યો છે. સવારે અને મોડીરાત્રે સામાન્ય ઠંડીનો અનુભવ થાય છે. જયારે બપોરે આકરી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. કુદરતી ઠંડક ઘટી જતા હવે લોકો પંખા, એરકુલર અને એસી તરફ વળ્યા છે. શિવરાત્રી આસપાસ ઠંડીનો એકાદો રાઉન્ડ આવશે.

આ વર્ષ ફેબ્રુઆરી માસના પ્રથમ સપ્તાહમાંજ મહતમ તાપમાનનો પારો ૩૫ ડિગ્રીએ પહોચી જતા ઉનાળો આકરો રહે અને ગરમી તમામ રેકોર્ડ બ્રેક કરે તેવી શકયતા અત્યારથી જ દેખાવા લાગી છે. શુક્રવારે સુરત ૩૫.૪ ડિગ્રી સેલ્શીયસ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર રહ્યું હતુ. રાજકોટનું તાપમાન પણ ૩૫ ડિગ્રી નોંધાયું હતુ. આ ઉપરાંત નલીયાનું તાપમાન ૩૪.૫ ડિગ્રી, ડાંગનું તાપમાન ૩૩.૯ ડિગ્રી, બરોડાનું તાપમાન ૩૩.૬ ડિગ્રી, કંડલાનું તાપમાન ૩૩.૩, ભુજનું તાપમાન ૩૩.૩ ડિગ્રી, ડિસાનું તાપમાન ૩૩.૧ ડિગ્રી, પોરબંદરનું તાપમાન ૩૨.૪ ડિગ્રી, અમરેલીનું તાપમાન ૩૩.૫ ડિગ્રી,

(અનુ. આઠમા પાને)

